CMYK

અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

તારીખ : ૦૩ સપ્ટેમ્બર ૨૦૨૫, બુધવાર | વર્ષ : ૧૭ | તંત્રી : પટેલ સુરેશ રમણલાલ | કિંમત : રૂા. ૨.૦૦
વિક્રમ સંવત ૨૦૮૧, ભાદરવા સુદ ૧૧ | અંક : ૬૪ | અમદાવાદ | પાના : ૮

ઓફિસ : ૩૧૫, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. મો. : ૯૯૯૮૮ ૫૦૯૯૨ e-mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com RNI Reg. No. GUJGUJ/2009/28886

# અફઘાનિસ્તાનમાં ભૂકંપથી મોતનો આંકડો વધીને ૧૪૧૧ થઈ ગયો

। (એજન્સી) અફઘાનિસ્તાન, તા.૨ ।

અફઘાનિસ્તાનમાં આવેલા ભૂકંપમાં મૃત્યુઆંક ૧૪૧૧ થઈ ગયો છે, જ્યારે ઘાયલોની સંખ્યા ૩૨૫૦ થી વધુ થઈ ગઈ છે. રવિવારે રાત્રે અફઘાનિસ્તાનના જલાલાબાદ નજીક ૬.૦ ની તીવ્રતાનો ભૂકંપ આવ્યો હતો. આ સમયે મોટાભાગના લોકો સૂઈ રહ્યા હતા, જેના કારણે તેઓ ઈમારતોના કાટમાળ નીચે દટાઈ ગયા હતા.

૧ સપ્ટેમ્બરના રોજ, અફઘાનિસ્તાનના પૂર્વી ભાગ, ખાસ કરીને નાંગરહાર અને કુનાર પ્રાંતોમાં ૬.૦ ની તીવ્રતાનો ભૂકંપ આવ્યો હતો, જેના કારણે ભારે વિનાશ થયો હતો. હજારો ઘરો તૂટી પડ્યા, ઘણા ગામો કાટમાળમાં ફેરવાઈ ગયા અને લાખો લોકો બેઘર થઈ ગયા. રવિવારે રાત્રે ૧૧:૪૭ વાગ્યે (સ્થાનિક સમય) ભૂકંપ અનુભવાયો, જ્યારે મોટાભાગના લોકો ઊંઘી રહ્યા હતા, જેના કારણે જાનહાનિની સંખ્યામાં



વધુ વધારો થયો. ભૂકંપનું કેન્દ્ર જલાલાબાદથી ૨૭ કિલોમીટર ઉત્તર-પૂર્વમાં, ફક્ત ૮-૧૦ કિલોમીટરની ઊંડાઈએ હતું. હંમેશની જેમ, આ વખતે પણ ભારતે આ દુર્ઘટનામાં મદદનો હાથ લંબાવ્યો છે. કાબુલમાં ભારતીય મિશને પહેલા તાત્કાલિક તંબુ અને પછી ખાદ્ય પદાર્થો મોકલ્યા છે.

### આ આફતોએ માત્ર જાન-માલનું નુકસાન જ નથી કર્યું, પરંતુ જે વિસ્તારો પહેલેથી જ સંકટગ્રસ્ત હતા ત્યાં માનવીય સંકટને વધુ ઊંડું બનાવ્યું છે

અફઘાનિસ્તાનમાં ભૂકંપ કંઈ નવું નથી. છેલ્લા કેટલાક વર્ષોમાં આ પ્રદેશમાં ઘણા મોટા ભૂકંપ આવ્યા છે. ૭ ઓક્ટોબર,૨૦૨૩ ના રોજ, હેરાત પ્રાંતમાં ૬.૩ ની તીવ્રતાનો ભૂકંપ આવ્યો હતો, જેમાં ૧,૫૦૦-૪,૦૦૦ લોકો માર્યા ગયા હતા. ૨૦૧૫ માં ૭.૫ ની તીવ્રતાનો ભૂકંપ આવ્યો હતો જેમાં ભારે વિનાશ થયો હતો. ૨૦૨૧-૨૦૨૫ ના સમયગાળામાં 30 થી વધુ ભૂકંપ આવ્યા હતા, જેમાં ૨,૦૦૦ થી વધુ લોકો માર્યા ગયા હતા. હિન્દુકુશ પ્રદેશની ભૂસ્તરશાસ્ત્રીય સંવેદનશીલતા અને આબોહવા પરિવર્તનને કારણે ભૂસ્ખલનના વધતા જોખમે આ આફતોને વધુ ઘાતક બનાવી છે. અફઘાનિસ્તાનમાં ૬.૦ ની તીવ્રતાનો ભૂકંપ રિક્ટર સ્કેલ પર મધ્યમ શ્રેણીમાં આવે છે, પરંતુ તેનાથી ભારે નુકસાન થયું હતું. આના ઘણા કારણો છે, જે અફઘાનિસ્તાનની ભૂસ્તરશાસ્ત્રીય, સામાજિક અને આર્થિક પરિસ્થિતિ સાથે સંબંધિત છે. ભૂસ્તરશાસ્ત્રીય પરિસ્થિતિઓ અને ટેક્ટોનિક પ્રવૃત્તિઓ જોઇએ તો અફઘાનિસ્તાન હિન્દુકુશ પર્વતમાળાની નજીક સ્થિત છે, જે ભારતીય અને યુરેશિયન ટેક્ટોનિક પ્લેટોના અથડામણ ક્ષેત્રમાં આવે છે. ભારતીય પ્લેટ દર વર્ષે ૩૯ મીમીની ઝડપે યુરેશિયન પ્લેટ તરફ આગળ વધી રહી છે.

### ઘણા ગામો કાટમાળમાં ફેરવાઈ ગયા

જેના કારણે આ પ્રદેશમાં વારંવાર ભૂકંપની પ્રવૃત્તિઓ થાય છે. આ ભૂકંપનું કેન્દ્ર માત્ર ૮-૧૦ કિલોમીટરની ઊંડાઈએ હતું, જેને છીછરા ભૂકંપ માનવામાં આવે છે. છીછરા ભૂકંપમાં, ઊર્જા સપાટી પર ઝડપથી પહોંચે છે, જેના કારણે વધુ વિનાશ થાય છે. આ ઉપરાંત, હિન્દુકુશ ક્ષેત્રમાં ચમન ફોલ્ટ, હરી રુડ ફોલ્ટ અને ૫ ।મિર થ્રસ્ટ ફોલ્ટ જેવી સક્રિય ફોલ્ટ લાઇનો હાજર છે, જે ભૂકંપનું જોખમ વધારે છે.અફઘાનિસ્તાનમાં મોટાભાગની ઇમારતો, ખાસ કરીને ગ્રામીણ અને દૂરના વિસ્તારોમાં, માટીની ઈંટો, કાદવ અને લાકડાથી બનેલી છે. આ માળખા ભૂકંપ-પ્રતિરોધક નથી અને હળવા ધ્રુજારી સાથે પણ તૂટી પડે છે. જલાલાબાદ જેવા શહેરી વિસ્તારોમાં પણ, ઇમારતો મોટાભાગે ઈંટ અને કોંક્રિટથી બનેલી હોય છે, પરંતુ તેમની ગુણવત્તા ઘણીવાર નબળી હોય છે. નબળા બાંધકામ ધોરણો અને ભૂકંપ-પ્રતિરોધક ડિઝાઇનના અભાવને કારણે મધ્યમ ભૂકંપ પણ ભારે નુકસાન પહોંચાડે છે.

## ન્યૂઝ બ્રિફ

### ૨ વોટર આઇડી રાખવા પર પવન ખેડાને નોટિસ મળી

।(એજન્સી)નવીદિલ્હી, તા.૨।

૨ વોટર આઈડી કાર્ડ રાખવાનો વિવાદ રોકાવાનું નામ જ નથી લઇ રહ્યો. દિલ્હીમાં કોંગ્રેસ નેતા પવન ખેડા પાસેથી પણ ૨ વોટર આઈડી કાર્ડ મળ્યા છે. દિલ્હી ચૂંટણી અધિકારીએ પવન ખેડાને નોટિસ જારી કરીને જવાબ માંગ્યો છે. બીજેપી આઈટી સેલના ચીફ અમિત માલવીયએ બે અલગ અલગ વોટર આઈડી લિસ્ટ જાહેર કરીને કોંગ્રેસના સિનિયર નેતા પવન ખેડા પર ૨ વોટર આઈડી રાખવાનો આરોપ લગાવ્યો છે. એક તરફ રાહુલ ગાંધી જોર જોરથી વોટ ચોરીનો આરોપ લગાવી રહી છે. પરંતુ કોગ્રેસ પ્રવક્તા પવન ખેડા જે ગાંધી પરિવાર સાથેના સારાં સંબંધોને બતાવવાનો કોઈ મોકો નથી છોડતી. તેમની પાસે બે સક્રિય EPIC નંબર છે. એવામાં એક EPIC નંબર જંગપુરા તો બીજો નવી દિલ્હી વિધાનસભા ક્ષેત્રનો છે. જે ક્રમશઃ પૂર્વી દિલ્હી અને નવી દિલ્હી લોકસભા સીટ અંતર્ગત આવે છે. બિહારમાં થયેલાં સ્પેશિયલ ઈન્ટેસિવ રિવિઝન એટલે કે SIRની પ્રક્રિયામાં નેતા પ્રતિ ૫ક્ષ તેજસ્વી યાદવને લઇ બીજેપી નેતાના પણ બે વોટર આઈડીનો મામલો સામે આવ્યો છે.

### વર્કપ્લેસ તરીકે એશિયાના દેશોમાં ભારત સૌથી શ્રેષ્ઠ

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨ ।

કામ કરવા માટેના એશિયાના શ્રેષ્ઠ દેશોમાં ભારતે સર્વોચ્ચ સ્થાન હાંસલ કર્યુ છે. એશિયાની ટોચની ૧૦૦ પૈકીની ૪૮ કંપનીઓ ભારતમાં કામગીરી ધરાવે છે. નોકરીના સ્થળના માહોલ અને વર્ક કલ્ચર અંગેનો સરવે કરતી 'ગ્રેટ પ્લેસ ટુ વર્ક' નામની વૈશ્વિક સર્વેક્ષણ કંપનીએ જારી કરેલા એક અહેવાલ અનુસાર, ભારતમાં કામ કરતી આ ૪૮ કંપનીઓ મોટી કંપનીઓની કેટેગરીમાં આવે છે. આ ઉપરાંત મધ્યમ કદમાં આવતી ૧૨ કંપનીઓ પણ ભારતમાં કામગીરી ધરાવે છે. કામ કરવાના સ્થળોએ બહેતર માહોલ અને સાનુકૂળ વર્કકલ્ચર તથા કર્મચારીઓને યોગ્ય અનુભવ પૂરો પાડવાના મામલે ભારત સતત આગેકૂચ કરી રહ્યું હોવાનું અહેવાલમાં જણાવાયું છે.અહેવાલ મુજબ, ૨૦૨૫ માટેની આ યાદીમાં સમાવાયેલી કંપનીઓમાં એશિયાની સામાન્ય કંપનીઓની તુલનામાં હકારાત્મક કાર્ય અનુભવ ધરાવતા કર્મચારીઓની સંખ્યા વધુ છે. પોતાના કર્મચારીઓ સાથે મજબૂત સંબંધો જાળવતી અને તેમની પર અતૂટ વિશ્વાસ ધરાવતી કંપનીઓ જનરેટીવ એઆઈના વધતાં પ્રભાવ સહિતના વિક્ષેપોનો સામનો કરવા વધુ બહેતર રીતે સજ્જ હોય છે.

### ટેરિફથી USને અબજો ડોલર્સની આવક : ટ્રમ્પ

## ભારતે અમેરિકા પરનો ટેરિફ ઘટાડી શૂન્ય કરવાની ઓફર કરી : ટ્રમ્પનો દાવો

**ટ્રમ્પે ઉમેર્યુ હતું કે, ભારત મોટાભાગનું ઓઈલ અને શસ્ત્રો રશિયા પાસેથી ખરીદે છે. જ્યારે અમેરિકા પાસેથી બહું ઓછી વસ્તુઓ ખરીદે છે**

। (એજન્સી) ન્યૂયોર્ક, તા.૨ ।

ચીનમાં યોજાયેલી શાંઘાઈ કોઓપરેશન ઓર્ગેનાઈઝેશન (એસસીઓ)ની બેઠકમાં રચાયેલી ભારત-ચીન અને રશિયાની નવી ધરીથી જગત જમાદાર અમેરિકાના પેટમાં ફાળ પડી છે. ચીન અને રશિયા સાથેની ભારતની વધતી નિકટતાથી અકળાયેલાં અને આડેધડ દાવા કરવા માટે કૂખ્યાત બનેલાં અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે સોમવારે વધુ એક ચોંકાવનારો દાવો કર્યો હતો. આ નવા દાવામાં ટ્રમ્પે જણાવ્યું હતું કે, ભારતે હવે કોઈ પણ પ્રકારના સામા વળતર કે રાહત માગ્યા વગર અમેરિકા પરનો ટેરિફ ઘટાડી શૂન્ય કરવાની ઓફર કરી હતી. જોકે હવે ઘણું મોડું થઈ ચુક્યું હોવાનું જણાવી ભારતને ૫૦ ટકાના જંગી ટેરિફમાંથી રાહત નહીં આપવાનો સંકેત આપ્યો હતો. ટ્રમ્પે ઉમેર્યુ હતું કે, ભારત મોટાભાગનું ઓઈલ અને શસ્ત્રો રશિયા પાસેથી ખરીદે છે. જ્યારે અમેરિકા પાસેથી બહું ઓછી વસ્તુઓ ખરીદે છે. કેટલાંક લોકોનું માને છે કે, આપણે ભારત સાથે બહું ઓછો કારોબાર કરીએ છીએ, પરંતુ તેઓ આપણી સાથે જંગી વેપાર કરે છે.



અમેરિકા ભારતનું સૌથી મોટું ગ્રાહક છે. ભારત આપણને જંગી પ્રમાણમાં માલ-સામાનનું વેચાણ કરે છે, જેની સામે આપણે તેમને બહું ઓછી વસ્તુઓ વેચીએ છીએ.વોશિંગ્ટનઃ અમેરિકી પ્રમુખ ટ્રમ્પના દાવા અનુસાર, ટેરિફના અમલને પગલે અમેરિકાને અબજો ડોલરની આવક થઈ છે. પોતાની વેપાર નીતિનો બચાવ કરતી એક સોશિયલ મીડિયા પોસ્ટમાં ટ્રમ્પે દાવો કર્યો હતો કે, અમેરિકામાં ચીજ-વસ્તુઓની કિંમતમાં નોંધપાત્ર ઘટાડો થયો છે અને મોંઘવારી દૂર થઈ છે. દેશમાં ઉર્જાની કિંમતમાં જંગી ઘટાડો થયો છે, પેટ્રોલનો ભાવ પણ વર્ષોના નીચા સ્તરે છે. આ બધું અદભૂત ટેરિફના અમલ છતાં થયું છે, જેને કારણે અત્યાર સુધી આપણો લાભ લઈ રહેલાં દેશો પાસેથી અમેરિકાને અબજો ડોલરની આવક થઈ છે. જોકે હવે ઘણું મોડું થઈ ચુક્યું હોવાનું જણાવી ભારતને ૫૦ ટકાના જંગી ટેરિફમાંથી રાહત નહીં આપવાનો સંકેત આપ્યો હતો.ટ્રમ્પે ઉમેર્યુ હતું કે, ભારત મોટાભાગનું ઓઈલ અને શસ્ત્રો રશિયા પાસેથી ખરીદે છે. જ્યારે અમેરિકા પાસેથી બહું ઓછી વસ્તુઓ ખરીદે છે. કેટલાંક લોકોનું માને છે કે, આપણે ભારત સાથે બહું ઓછો કારોબાર કરીએ છીએ, પરંતુ તેઓ આપણી સાથે જંગી વેપાર કરે છે. અમેરિકા ભારતનું સૌથી મોટું ગ્રાહક છે. ભારત આપણને જંગી પ્રમાણમાં માલ-સામાનનું વેચાણ કરે છે, જેની સામે આપણે તેમને બહું ઓછી વસ્તુઓ વેચીએ છીએ.વોશિંગ્ટનઃ અમેરિકી પ્રમુખ ટ્રમ્પના દાવા અનુસાર, ટેરિફના અમલને પગલે અમેરિકાને અબજો ડોલરની આવક થઈ છે. પોતાની વેપાર નીતિનો બચાવ કરતી એક સોશિયલ મીડિયા પોસ્ટમાં ટ્રમ્પે દાવો કર્યો હતો કે, અમેરિકામાં ચીજ-વસ્તુઓની કિંમતમાં નોંધપાત્ર ઘટાડો થયો છે અને મોંઘવારી દૂર થઈ છે. દેશમાં ઉર્જાની કિંમતમાં જંગી ઘટાડો થયો છે, પેટ્રોલનો ભાવ પણ વર્ષોના નીચા સ્તરે છે. આ બધું અદભૂત ટેરિફના અમલ છતાં થયું છે, જેને કારણે અત્યાર સુધી આપણો લાભ લઈ રહેલાં દેશો પાસેથી અમેરિકાને અબજો ડોલરની આવક થઈ છે.

### ભારતની કંપનીઓને મોટો ફટકો

## દવાઓ પર ૨૦૦ ટકા ટેરિફ લગાવવાની તૈયારીમાં ટ્રમ્પ

**તેમણે કંપનીઓને તૈયારીનો સમય આપવા માટે આ ટેરિફ લાગુ કરવામાં લગભગ એકથી દોઢ વર્ષનો વિલંબ કરવાની વાત પણ કહી છે**

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨ ।

અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે આયાત થતી દવાઓ પર ૨૦૦% કે તેથી વધુનો ટેરિફ લગાવવાની યોજના બનાવી છે. તેમનો ઉદ્દેશ્ય વિદેશથી દવાઓનું ઉત્પાદન પાછું અમેરિકા લાવવાનો છે. જોકે, તેમણે કંપનીઓને તૈયારીનો સમય આપવા માટે આ ટેરિફ લાગુ કરવામાં લગભગ એકથી દોઢ વર્ષનો વિલંબ કરવાની વાત પણ કહી છે.

મીડિયા રિપોર્ટ્સ અનુસાર, જો અમેરિકા આયાત પર ટેરિફ લગાવશે તો ભારતને અસર થઈ શકે છે. ભારત જેનરિક દવાઓનો મુખ્ય નિકાસકાર હોવાથી, ભારતીય દવા ઉત્પાદકોને નુકસાન થઈ શકે છે અને તેમની નિકાસ પર અસર પડી શકે છે. જોકે, કેટલાક અહેવાલો સૂચવે છે કે ટ્રમ્પ વહીવટીતંત્ર મુખ્યત્વે ચીનથી આયાત થતી દવાઓ પર ધ્યાન કેન્દ્રિત કરી રહ્યું છે.ટ્રમ્પનો મુખ્ય હેતુ ફાર્મા કંપનીઓને અમેરિકામાં ઉત્પાદન કરવા દબાણ લાવવાનો છે, જેના પર કોઈ ટેરિફ લાગશે નહીં. આ નીતિના કારણે જોન્સન એન્ડ જોન્સન અને રોશ જેવી મોટી કંપનીઓએ પહેલેથી જ અમેરિકામાં રોકાણ વધારવાની જાહેરાત કરી છે.

### ઈન્ડિગોની ૧૬૫ પેસેન્જરને લઈ જતી ફ્લાઈટમાં મોટી દુર્ઘટના ટળી

। મહારાષ્ટ્ર, તા.૨ ।

મહારાષ્ટ્રના નાગપુરથી કોલકાતા જઈ રહેલી ઈન્ડિગોની ફ્લાઈટ માંડ માંડ મોટી દુર્ઘટનાનો ભોગ બનતા અટકી છે. ઉડાન સમયે ફ્લાઈટ સામે અચાનક પક્ષી અથડાયું હતું. આ અકસ્માત એટલો ભયાવહ હતો તે ફ્લાઈટે યૂ-ટર્ન લઈ નાગપુર પરત આવવુ પડ્યું. નાગપુર એરપોર્ટ પર ફ્લાઈટનું લેન્ડિંગ કરાવ્યું હતું. નાગપુર એરપોર્ટના વરિષ્ઠ અધિકારીએ આ અંગે માહિતી આપી હતી. નાગપુર એરપોર્ટ ઓથોરિટીએ જણાવ્યા પ્રમાણે, ફ્લાઈટે આજે સવારે નાગપુરથી કોલકાતા જવા ઉડાન ભરી હતી.

## સિંગાપુરના PM લોરેન્સ વોંગ પહેવી વાર આવશે ભારત

**ગયા વર્ષે સપ્ટેમ્બરમાં વડાપ્રધાન મોદીની સિંગાપુર યાત્રા દરમિયાન ભારત-સિંગાપુર સંબંધોને વ્યાપક વ્યૂહાત્મક ભાગીદારી સુધી વધારવામાં આવ્યો હતો**

। (એજન્સી) સિંગાપુર, તા.૨ ।

સિંગાપુરના વડાપ્રધાન લોરેન્સ વોંગ ૨ થી ૪ સપ્ટેમ્બર સુધી ભારતના પ્રવાસે આવી રહ્યા છે. આ યાત્રા દરમિયાન બંને દેશો વચ્ચે શિપિંગ, નાગરિક ઉડ્ડયન અને અવકાશ જેવા ક્ષેત્રોમાં સંબંધોને વેગ આપવા માટે પાંચ કરારો પર હસ્તાક્ષર કરવામાં આવશે. સૂત્રો દ્વારા મળતી માહિતી પ્રમાણે વડાપ્રધાનના રૂપમાં વોંગ પહેલી વાર ભારત પ્રવાસે આવી રહ્યા છે. આ યાત્રાનો મુખ્ય ઉદ્દેશ્ય બંને પક્ષો વચ્ચે દ્વિપક્ષીય આર્થિક સંબંધોને વધારવાનો છે. વડાપ્રધાન મોદી અને વોંગ ગુરૂવારે મહારાષ્ટ્રમાં એક કન્ટેનર ટર્મિનલના વર્ચ્યુઅલ ઉદઘાટન કરશે. પોર્ટ ઓફ સિંગાપુર ઓથોરિટીએ આ પરિયોજનામાં એક અરબ ડોલરથી પણ વધારેનુ રોકાણ કર્યુ છે.

આંકડા મુજબ, સિંગાપુર ભારત માટે રોકાણનો એક મુખ્ય સ્ત્રોત છે. ૨૦૧૪થી



અત્યાર સુધીમાં સિંગાપુરનું કુલ રોકાણ ૧૭૫ અબજ ડોલર સુધી પહોંચી ગયું છે, જેમાં કોરોના બાદના સમયગાળામાં ૬૦ અબજ ડોલરનું રોકાણ શામેલ છે. ગયા વર્ષે સપ્ટેમ્બરમાં વડાપ્રધાન મોદીની સિંગાપુર યાત્રા દરમિયાન ભારત-સિંગાપુર સંબંધોને વ્યાપક વ્યૂહાત્મક ભાગીદારી સુધી વધારવામાં આવ્યો હતો. વિદેશ મંત્રાલયે મંગળવારે વોંગની યાત્રાની જાહેરાત કરતાં કહ્યું કે સિંગાપુર ભારત માટે એક મહત્વપૂર્ણ ભાગીદાર છે, જેમાં ભારતની 'એક્ટ ઈસ્ટ' પોલિસી પણ સામેલ છે. મંત્રાલયે જણાવ્યું હતું કે વોંગની યાત્રા ભારત-સિંગાપુર રાજનૈતિક સંબંધોની ૬૦મી વર્ષગાંઠના અવસરે થઈ રહી છે. આ બંને દેશોની વ્યાપક વ્યૂહાત્મક ભાગીદારીને વધુ મજબૂત બનાવવા માટેની સતત પ્રતિબદ્ધતાને દર્શાવે છે. બંને દેશોના વડાપ્રધાન પ્રાદેશિક અને આંતરરાષ્ટ્રીય મુદ્દાઓ પર પણ ચર્ચા કરશે.

વોંગ સાથે તેમની પત્ની અને એક ઉચ્ચ સ્તરના પ્રતિનિધિમંડળ પણ આવશે, જેમાં કેબિનેટ મંત્રી અને વરિષ્ઠ અધિકારીઓ સામેલ રહેશે. વડાપ્રધાન વોંગ ભારતની રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ સાથે મુલાકાત કરશે. વિદેશ મંત્રી એસ. જયશંકર અને અનેક અન્ય કેન્દ્રીય મંત્રીઓ પણ વડાપ્રધાન વોંગ સાથે મુલાકાત કરશે.મહત્વનુ છે કે બંને દેશો મંત્રીઓની બેઠકમાં કનેક્ટિવિટી, ટેકનોલોજી, કૌશલ વિકાસ અને ડિજિટલાઈઝેશન જેવા ક્ષેત્રોમાં હસ્તાક્ષર થઈ શકે છે.

### ઈન્ડોનેશિયામાં એક ભારતીય સહિત આઠ મુસાફરોને લઈ જતું હેલિકોપ્ટર ગુમ

। (એજન્સી) ઈન્ડોનેશિયા, તા.૨ ।

ઈન્ડોનેશિયામાં એક ભારતીય સહિત આઠ મુસાફરોને લઈ જતું હેલિકોપ્ટર અચાનક ગુમ થઈ ગયું છે. એસ્ટિન્ડો એર કંપનીના હેલિકોપ્ટરે સોમવારે બોર્નિયો ટાપુ પરથી ઉડાન ભરી હતી, ત્યારબાદ ગુમ થતા સમગ્ર ટીમે શોધખોળ શરૂ કરી દીધી છે. ઈન્ડોનિસાયી સમાચાર એજન્સી અંતરાના રિપોર્ટ મુજબ એરબેસ બીકે૧૧૭ ઢ૩ મોડલનું હેલિકોપ્ટર ગુમ થયું છે. દક્ષિણ કાલિમંતન પ્રાંતના કોટાબારુ જિલ્લાથી મુસાફરોને લઈને જતું હેલિકોપ્ટર મધ્ય કાલિમંતના પાલતાંકરાયા શહેર જવાનું હતું, જોકે તેનો આઠ જ મિનિટમાં એર ટ્રાફિક કંટ્રોલ સાથે સંપર્ક તૂટી ગયો છે. રિપોર્ટ મુજબ, મુસાફરોના ભારતીય નાગરિક સંથા કુમાર પણ સામેલ હતો. શોધખોળ કરી રહેલી એજન્સીના પ્રમુખ આઈ પુતુ સુદયાનાએ કહ્યું કે, 'અમે હેલિકોપ્ટર શોધવા માટે બે હેલિકોપ્ટર કામે લગાડ્યા છે. વિવિધ એજન્સીઓના સ્થાનીક સ્વયંસેવકો અને ૧૪૦ કર્મચારીઓ પણ શોધખોળ અભિયાનમાં જોડાયા છે. અમારી ટીમ ૨૭ ચોરસ કિલોમીટરના વિસ્તારમાં જંગલ અને પહાડી વિસ્તારોમાં લાપતા હેલિકોપ્ટરની શોધ કરી રહી છે.

## PM મોદી, પુતિન અને જિનપિંગની મુલાકાતથી અમેરિકા ભડક્યું

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨ ।

ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ સોમવારે (૧ સપ્ટેમ્બર) ચીનમાં શાંઘાઈ સહયોગ સંગઠન દરમિયાન રશિયાના પ્રમુખ વ્લાદિમીર પુતિન સાથે મુલાકાત કરી હતી. જ્યાં બંને વચ્ચે ખાસ બેઠક પણ થઈ હતી. જોકે, અમેરિકાને આ મીટિંગથી તકલીફ થઈ રહી છે. ટ્રમ્પને ટ્રેડ એડવાઈઝર પીટર નવારોએ આ મામલે પ્રતિક્રિયા આપી છે. તેમણે કહ્યું કે, ભારતે અમેરિકાની સાથે રહેવું જોઈએ, ન કે રશિયા સાથે. એક અહેવાસ અનુસાર, પીટર નવારોએ કહ્યું કે, 'ભારતે અમારી સાથે રહેવું જોઈએ, ન કે રશિયા સાથે. વડાપ્રધાન મોદી ચીનના પ્રમુખ શી જિનપિંગ અને રશિયાના પ્રમુખ પુતિન સાથે કામ કરી રહ્યા છે, આ યોગ્ય નથી.' નોંધનીય છે કે, વડાપ્રધાન મોદી એસસીઓ સમિટ દરમિયાન જિનપિંગ સાથે જોવા મળ્યા હતા. વળી, પુતિન પણ મોદી સાથે જોવા મળ્યા હતા. આ બંને વચ્ચે લાંબી વાતચીત થઈ હતી. જોકે, આ મામલે અમેરિકા નારાજ થઈ ગયું છે. પીટર નવારોએ ભારત પર વધારાના ટેરિફ મુદ્દે પ્રતિક્રિયા આપતા કહ્યું હતું કે, 'ભારત સાથે બે પ્રકારની તકલીફ છે અને આ જ કારણે ટેરિફ લગાવવામાં આવ્યો છે. ૫હેલું તે અનફેર ટ્રેડ કરે છે. જેના કારણે ૨૫ ટકા ટેરિફ લાદવામાં આવ્યો અને બીજું રશિયા પાસેથી ક્રૂડ ઓઈલ ખરી છે. આ કારણે પણ ૨૫ ટકા ટેરિફ લગાવવામાં આવ્યું છે.' નવારોએ કહ્યું કે, ભારત, યુક્રેન યુદ્ધને વધારી રહ્યું છે. તેમણે કહ્યું કે, રશિયા પાસેથી ક્રૂડ ઓઈલ ખરીદે છે.

### નિકાસ ક્ષેત્રે ટ્રમ્પ ટેરિફની પ્રતિકૂળ અસરઃ રિફંડ ૨૦ ટકા ઘટ્યું

## ઓગસ્ટમાં GSTની આવક ૬.૫% વધીને રૂ.૧.૮૬ લાખ કરોડ

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨ ।

દેશમાં ઓગસ્ટમાં ગુડ્ઝ એન્ડ સર્વિસ ટેક્સ વસૂલાત ૬.૫ ટકા વધીને રૂ. ૧.૮૬ લાખ કરોડ રહ્યું હતું. તહેવારોના આગમનને પગલે સ્થાનિક વેચાણમાં વૃદ્ધિથી જીએસટી આવકમાં ઊછાળો નોંધાયો હતો. આગામી સમયમાં પણ તહેવારોનો માહોલ ચાલુ રહેતા જીએસટી વસૂલાત પર તેની સાનુકૂળ અસર જોવા મળશે તેવી અપેક્ષા છે. જુલાઈમાં જીએસટી વસૂલાત રૂ. ૧.૯૬ લાખ કરોડના સ્તરે રહી હતી. જ્યારે ગત વર્ષે ઓગસ્ટમાં (૨૦૨૪) જીએસટી વસૂલાત રૂ. ૧.૭૫ લાખ કરોડની સપાટીએ હોવાનું કેન્દ્રએ જણાવ્યું હતું. ચાલુ વર્ષે ઓગસ્ટમાં કુલ સ્થાનિક આવક ૯.૬ ટકાના વધારા સાથે રૂ. ૧.૩૭ લાખ કરોડ રહી હતી. તથા આયાતથી ટેક્સની આવક ૧.૨ ટકા ઘટીને રૂ. ૪૯,૩૫૪ કરોડ હતી. વાર્ષિક ધોરણે જીએસટી રિફંડ ૨૦ ટકા ગગડીને રૂ. ૧૯,૩૫૯ કરોડ થયું હતું. અર્નસ્ટ એન્ડ યંગ ટેક્સ પાર્ટનર સૌરભ અગ્રવાલે જણાવ્યું કે, ટ્રમ્પ ટેરિફની પ્રતિકૂળ અસર નિકાસ ક્ષેત્રમાં જોવા મળી હતી અન પરિણામે નિકાસ રિફંડમાં ઉલ્લેખનીય ઘટાડો નોંધાયો હતો. વૈશ્વિક અનિશ્ચિતતા અને ભૂરાજકીય તણાવ વચ્ચે પણ સ્થાનિક વપરાશનું ચિત્ર મજબૂત જણાયું છે જેને પગલે જીએસટીની કુલ આવક પ્રોત્સાહક રહી છે. આગામી સમયમાં ભારતના વિકાસમાં સ્થાનિક ક્ષેત્રનો ફાળો નોંધપાત્ર રહેવાની આશા છે.

### બેંગલુરુમાં આધેડે લિવ-ઈન પાર્ટનરને જાહેરમાં સળગાવી મારી

। બેંગલુરુ, તા.૨ ।

કર્ણાટકના બેંગલુરુમાં લિવ-ઈન રિલેશનશીપમાં રહેતા પાર્ટનરને જીવતી સળગાવીને હત્યા કરી હોવાનો ચોંકાવનારો મામલો સામે આવ્યો છે. આરોપીએ પહેલા લિવ-ઈન પાર્ટનરની કારની પીછો કર્યો, પછી સિગ્નલ પર ગાડી ઊભી રખાવીને પેટ્રોલ છાંટી દીધું હતું. પોલીસના જણાવ્યા મુજબ, કારમાં ત્રણ લોકો હતા. મહિલા કારમાંથી નીકળીને ભાગી તો આરોપી તેની પાછળ દોડ્યો, પછી તેના પર પેટ્રોલ છાંટ્યું અને લાઈટરથી આગ લગાડી દીધી. મહિલા ૬૦ ટકા દાઝી ગઈ હતી. હોસ્પિટલમાં સારવાર દરમિયાન તેનું મોત થયું છે.

CMYK

## ખેલ મહાકુંભ-૨૦૨૫માં ભાગ લેવા ઈચ્છુક ખેલાડીઓ ૨૨ સપ્ટેમ્બર સુધી ઓનલાઇન અરજી કરી શકશે

। (માહિતી) અમદાવાદ, તા.૨ ।

ખેલ મહાકુંભ-૨૦૨૫માં ભાગ લેવા ઈચ્છુક ખેલાડીઓ ૨૨ સપ્ટેમ્બર ૨૦૨૫ સુધી ઓનલાઈન અરજી કરી શકશે. ખેલ મહાકુંભ-૨૦૨૫માં ભાગ લેવા માટે નિયત વયજૂથના તમામ ખેલાડીઓ દ્વારા ફરજિયાત https://khelmahakumbh.guja®a.gov.in વેબસાઈટ પર ઓનલાઈન રજીસ્ટ્રેશન કરવાનું રહેશે. પ્રત્યેક ખેલાડી મહત્તમ બે રમતમાં જ ભાગ લઈ શકશે. કોઈ પણ ખેલાડી બે રમત કરતા વધુ રમતમાં ભાગ લઈ શકશે નહિ.

એક જ KMK ID(ખેલ મહાકુંભ આઈડી)થી ખેલાડીએ ૨ રમતમાં રજીસ્ટ્રેશન કરાવ્યું હશે તો જ ખેલાડીનું બે રમતમાં રજીસ્ટ્રેશન માન્ય ગણવામાં આવશે. એક જ KMK IDથી બે રમતમાં રજીસ્ટ્રેશન કરાવ્યું હશે અને વિજેતા થશે તો જ રોકડ-પુરસ્કાર મળવાપાત્ર રહેશે. જે ખેલાડી પાસે જૂના KMK ID હોય તેઓએ જૂના KMK IDથી ફરજીયાત રજીસ્ટ્રેશન કરાવવાનું રહેશે.

## મેદસ્વિતા મુક્ત ગુજરાતઃ અમદાવાદ જિલ્લો વરસાદી ઋતુમાં ખવાતો ખોરાક અને સ્વાસ્થ્ય ઉપર તેની અસરો

। (એજન્સી) અમદાવાદ, તા.૨ ।

વરસાદી ઋતુ,એક એવી ઋતુ છે જે પ્રકૃતિની ખૂબસૂરતી લાવે છે, પરંતુ સાથે સાથે આરોગ્ય સંબંધી ચેતવણીઓ પણ લઈ આવે છે. આ ઋતુમાં ભેજ અને ગરમીનું સંયોજન ચેપી રોગો જેવાકે મલેરિયા, ડેન્ગ્યુ અને પેટની સમસ્યાઓને વધારે છે. આ સંજોગોમાં ખોરાકની પસંદગી આપણા સ્વાસ્થ્ય પર ખૂબ જ અસર કરે છે. ચોમાસામાં પરંપરાગત રીતે ખાવામાં આવતા ખોરાકો, જેમ કે પકોડી, દાલવડા, ભજીયાં, ફાફડા-જલેબી, અને ગરમ ચા-કૉફી... આ બધાં સ્વાદિષ્ટ હોવા છતાં મેદસ્વિતામાં (ઓબેસિટી) વધારો કરી શકે છે. વરસાદી ઋતુમાં ભેજને કારણે શરીરનો મેટાબોલિઝમ ધીમું પડે છે, જેનાથી કેલરીઝ સરળતાથી બર્ન થતી નથી. આ સમયે તળેલા અને ચરબીયુક્ત ખોરાકનું વધુ સેવન શરીરમાં ચરબીનો સંચય વધારે છે, જે હૃદય સંબંધી રોગો, ડાયાબિટીસ અને સાંધાની સમસ્યાઓનું જોખમ ઊભું કરે છે. ચોમાસામાં બહારના ખોરાક અને ફળોમાં ચેપ લાગવાની સંભાવના વધે છે, જે પાચનતંત્રને નુકસાન પહોંચાડી શકે છે.આવી સ્થિતિમાં સ્વાસ્થ્યને સારું રાખવા માટે સંતુલિત અને હળવો આહાર જરૂરી છે. અને એટલે જ આ ઋતુમાં વ્રત-ઉપવાસનું મહત્ત્વ વધારે છે. ગરમ અને તાજા ખોરાક, જેમ કે,ખીચડી, અને શાકભાજીનો સૂપ, શરીરને ઊર્જા અને પોષણ આપે છે. હર્બલ ચા, જેમ કે તુલસી, આદુ અને મરી-મસાલાની ચા, રોગપ્રતિકારક શક્તિ વધારે છે. ફળોમાં જાંબુ અને પપૈયા જેવા મોસમના તાજા વિકલ્પો પસંદ કરવા, પરંતુ તેને સારી રીતે ધોવા અને ઉકાળવા જોઈએ.

### આંગડિયા મારફતે કરોડોના હવાલા

# ક્રિકેટ સટ્ટાના રૂપિયા માટે બેંક એકાઉન્ટ ભાડે આપવાનો ધીકતો ધંધો, સીમ પણ એક્ટિવેટ

। અમદાવાદ, તા.૨ ।

દુનિયાભરમાં કોઈ પણ સ્થળે ક્રિકેટ રમાતી હોય પરંતુ તેના પર સટ્ટો તો દુબઈમાં બેઠેલા ગુજરાતીઓ રમાડતા જ હોય, બૂકીઓ પણ મોટા ભાગના ગુજરાતીઓ જ હોય. ક્રિકેટ સટ્ટાના કરોડોના ટ્રાન્જેક્શન માટે સ્થાનિક બેંક ખાતાની જરૂરીયાત ઊભી થતી હોય છે ત્યારે ચોક્કસ ટુકડી મોનુ સિંધી જેવા લોકોને ભાડેથી બેંક એકાઉન્ટ આપતા હોય છે. તેમને એકાઉન્ટનું ભાડું મળી જતું હોય છે. તેમના ખાતામાં કરોડો રૂપિયા ટ્રાન્જેક્શન થઈ જતા હોય છે. તપાસ થાય ત્યારે ખબર પડે કે ખાતેદાર તો રિક્ષાચાલક છે.અમદાવાદ ઝીંમ્માં રાહુલ ત્રિપાઠીની એન્ટ્રી થતાં જ બ્રાંચ એક્ટિવ થઈ ગઈ છે. બી.સી. સોલંકીની ટીમના દીપક ઉનડકટ અને દેસાઈની ટીમે એરપોર્ટ પાસેની એક હોટલમાં છુપાઈને બેઠેલા દિલીપ ઉર્ફે મોનું રમેશભાઈ સંગતાણી(ઉવ. ૪૨)ને ઝડપી લીધો છે. તે કચ્છ પોલીસના ચોપડે વોન્ટેડ હતો અને વર્ષોથી દુબઈમાં છુપાઈને બેઠો હતો. મોનું ક્રિકેટ સટ્ટાના રૂપિયા દુબઈ ટ્રાન્સફર કરતો હતો. તેની સામે ક્રિકેટ સટ્ટા ઉપરાંત લોકોના બેંક એકાઉન્ટ ભાડે લેવાની પણ ફરિયાદ હતી. પોલીસે તને ઝડપી લીધો ત્યારે તે પોતાના ભાઈને મળીને આવા વધુ એકાઉન્ટ ભાડે લેવાની જ કામગીરી માટે આવ્યો હતો. તેણે વધુ કેટલા બેંક એકાઉન્ટ ભાડે લીધા હતા તેની તપાસ ચાલી રહી છે. આ ઉપરાંત તે દુબઈથી સંપૂર્ણ સટ્ટાબેટિંગની સાઈટ ઓપરેટ કરવા માટે ભારતીય સીમને ભારતમાંજ એક્ટિવ કરાવી તે સીમનો દુબઈમાં ઉપયોગ કરતો હતો. આ એક મોનુ સિંધીને ઝડપી લેવામાં પોલીસે સફળતા મળી છે. આવા તો સંખ્યાબંધ એજન્ટ અમદાવાદ અને ગુજરાતમાં સક્રિય છે તેમને ઝડપી લેવાની કવાયત શરૂ કરવામાં આવે તો ઘણી વિગતો સામે આવી શકે તેમ છે.ક્રિકેટ સટ્ટાના કરોડો રૂપિયા બેંકમા જમા થયા હોય તેને વિડ્રો કરીને એક ટુકડી ચોક્કસ આંગડિયા પેઢી મારફતે તેના દુબઈમાં હવાલા પડી દેતી હોય છે. તપાસ એજન્સીઓને આ આંગડિયા પેઢીની વિગતો પણ મળી જતાં તે દિશામાં તપાસ કરવામાં આવી રહી છે. ઈનકમ ટેક્સના અધિકારીઓ દ્વારા થોડા વર્ષો પહેલા જુદા જુદા કેસની તપાસમાં એવી ચોંકવનારી વિગતો શોધી કાઢી હતી કે જનધન એકાઉન્ટ અને ઘણાં લોકોના વર્ષોથી સુષુપ્ત હોય તેવા એકાઉન્ટ ભાડે આપાઈ રહ્યા છે. જેમાં સટ્ટાના કે અન્ય બિનહિસાબી રૂપિયાની એન્ટ્રીઓ પાડવામાં આવી રહી છે. આ રિપોર્ટને આધારે સરકારે આવા લાખો એકાઉન્ટ બંધ કરાવ્યા હતા. ઈનકમ ટેક્સના અધિકારીઓ દ્વારા થોડા વર્ષો પહેલા જુદા જુદા કેસની તપાસમાં એવી ચોંકવનારી વિગતો શોધી કાઢી હતી કે જનધન એકાઉન્ટ અને ઘણાં લોકોના વર્ષોથી સુષુપ્ત હોય તેવા એકાઉન્ટ ભાડે આપાઈ રહ્યા છે. જેમાં સટ્ટાના કે અન્ય બિનહિસાબી રૂપિયાની એન્ટ્રીઓ પાડવામાં આવી રહી છે. આ રિપોર્ટને આધારે સરકારે આવા લાખો એકાઉન્ટ બંધ કરાવ્યા હતા.



## દેરાસરમાંથી ચાંદી મઢીત હીરાના ટીકા, દાનપેટીમાંથી રોકડની ચોરી, સીસીટીવીમાં ત્રણ બૂકાનીધારી શખ્સો કેદ




। આણંદ, તા.૨ ।

મકરબામાં આવેલા જૈન દેરાસરમાં સાત લાખથી વધુની મતા ચોરી થઈ હતી તે બનાવના ગણતરીના દિવસોમાં જ વધુ એક જૈન દેરાસરને તસ્કરોએ ટાર્ગેટ બનાવ્યું છે. સાણંદ મોડાસર ગામ નજીકના જૈન દેરાસરમાં ત્રણ બૂકાનીધારી શખ્સોએ મૂર્તિઓ પર લગાવેલા ચાંદીમાં મઢેલા ડાયમંડના ટીકા અને દાનપેટીમાંથી રોકડની ચોરી કરી હતી. આ મામલે ચાંગોદર પોલીસે તપાસ હાથ ધરી છે. તાજેતરમાં મકરબા ટોરેન્ટ પાવર નજીક શિવ દર્શન સોસાયટીમાં પાર્શ્વ મકરબા શ્વેતાંબર જૈન દેરાસમાં ચોરી થઈ હતી. મોડી રાતે ઘૂસેલા તસ્કરોએ ભગવાનની ચાંદીની મૂર્તિ, મહાવીર સ્વામીની પંચધાતુની મૂર્તિ, દાનપેટી મળી કુલ રૂ. ૭.૬૭ લાખની મતા ચોરી કરી હતી. હવે સાણંદ મોડાસર ગામ નજીક જૈન દેરાસરમાં ચોરીનો બનાવ બન્યો છે. મૂળ પંચમહાલના સંજયભાઈ બારિયા આ જ દેરાસરમાં રહે છે અને સેવાપૂજાની સાથે દેરાસરનું સંકુલ સાચવે છે. ૨૯મીએ રાત્રે આરતી કરીને દેરાસર બંધ કરી રૂમ પર જઈને સૂઈ ગયા હતા. બીજા દિવસે, ૩૦મીની સવારે દેરાસરમાં પૂજા કરવા ગયા ત્યારે દરવાજાનો કેટલોક ભાગ તૂટેલો હતો. દેરાસરમાં લાકડાની દાનપેટી તૂટેલી હતી અને મૂર્તિઓ પર લગાવેલા ચાંદીમાં મઢેલા ડાયમંડના ટીકા મળી કુલ રૂ. ૨૩ હજારની ચોરી થઈ હતી. દેરાસરમાં લગાવેલા સીસીટીવી તપાસતા તેમાં ત્રણ બૂકાનીધારી શખ્સોએ ચોરી કર્યાનું જણાયું હતું. આ મામલે ચાંગોદર પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે. દેરાસરમાં લાકડાની દાનપેટી તૂટેલી હતી અને મૂર્તિઓ પર લગાવેલા ચાંદીમાં મઢેલા ડાયમંડના ટીકા મળી કુલ રૂ. ૨૩ હજારની ચોરી થઈ હતી. દેરાસરમાં લગાવેલા સીસીટીવી તપાસતા તેમાં ત્રણ બૂકાનીધારી શખ્સોએ ચોરી કર્યાનું જણાયું હતું. આ મામલે ચાંગોદર પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

### આરોપીની ગુનામાં સક્રિય સંડોવણી, જામીન ન આપી શકાય

# નજીવી તકરારમાં હત્યા મુદ્દે મહિલા આરોપીની જામીન અરજી ફગાવાઈ

। (એજન્સી) અમદાવાદ, તા.૨ ।

વેજલપુરમાં નજીવી તકરારમાં યુવકની હત્યા કરનાર મહિલા આરોપીની જામીન અરજી ગ્રામ્ય કોર્ટે ફગાવી દીધી છે. એડિશનલ સેશન્સ જજ દીપેન ડી. બુદ્ધદેવે ચુકાદામાં નોંધ્યું હતું કે, આરોપીઓએ ગેરકાયદે મંડળી રચી હતી અને એકસંપ થઈ યુવકની હત્યા કરી છે. આરોપીની ગુનામાં સક્રિય ભૂમિકા છે, ખૂન જેવો ગંભીર ગુનો છે, આ મામલે તપાસ જારી છે, ત્યારે આવા ગંભીર ગુનામાં આરોપીને જામીન મુક્ત કરવો ન્યાયોચિત જણાતુ નથી. નોંધનીય છે કે, સરકાર પક્ષે એવી દલીલ કરી હતી કે, મૃતકને છોડાવવા આવનારને મહિલા આરોપી માર મારતી હતી તેથી જામીન મુક્ત ન કરવી જોઈએ.વેજલપુર વિસ્તારમાં પાનની પિચકારી મારવા બાબતે ઝઘડો થયો હતો. જેમાં સુફિયાન નામના યુવકની હત્યા કરવામાં આવી હતી. આ કેસમાં ઝડપાયેલા તબસ્સુર ઉર્ફે ફિરદોશ ફારૂકઅલી ખલીફાએ રેગ્યુલર જામીન માટે અરજી કરી એવી રજૂઆત કરી હતી કે, મારો કોઈ જ રોલ નથી, મે ખૂન કર્યું નથી, મારી સામે ફરિયાદમાં સામાન્ય મારામારીના આક્ષેપ છે, બે પક્ષે મારામારી થતા ક્રોસ ફરિયાદ પણ કરવામાં આવી છે, કોર્ટ પાસે જામીન આપવાની સત્તા છે અને કોર્ટ જામીન આપે તો તમામ શરતોનું પાલન કરવા તૈયાર છું તેથી જામીન મુક્ત કરવી જોઈએ. અરજીનો વિરોધ કરતા મુખ્ય સરકારી વકીલ પ્રવીણ એમ. ત્રિવેદીએ એવી દલીલ કરી હતી કે, આરોપી મહિલાનો ગુનામાં સક્રિય રોલ છે, આરોપી ગેરકાયદે મંડળીનો એક ભાગ હતી, મૃતકને જે બચાવવા આવતા હતા તેને મહિલા આરોપી માર મારતી હોવાનો ફરિયાદ પક્ષનો આક્ષેપ છે, આમ મહિલા ઘટના સ્થળે હાજર હતી.

### પ્રાકૃતિક કૃષિઃઅમદાવાદ જિલ્લો

# સાણંદ, બાવળા અને વિરમગામના ૨૫ ગામોમાં પ્રમોટર્સની પ્રાકૃતિક ખેતીની તાલીમ યોજાઈ

। (માહિતી) અમદાવાદ, તા.૨ ।

અમદાવાદ જિલ્લાના સાણંદ, બાવળા , વિરમગામ તાલુકાના વિવિધ ૨૫ ગામોમાં પ્રમોટરની ક્ષમતાવર્ધન તાલીમ યોજવામાં આવી હતી. ટાટા મોટર્સ પેસેન્જર વ્હીકલ કંપની લિમિટેડ અને ધરતી ચેરીટેબલ ટ્રસ્ટના સહયોગથી યોજાયેલી આ તાલીમમાં ધરતી ચેરીટેબલ ટ્રસ્ટના પ્રમુખ શ્રી કાન્તિભાઈ મકવાણાએ પ્રાકૃતિક ખેતીનો વ્યાપ વધારવા માટે પ્રમોટર્સને પ્રોત્સાહિત કર્યા હતા. તદુપરાંત, ધરતી ચેરીટેબલ ટ્રસ્ટના શ્રી કલ્પેશભાઈ મિસ્ત્રીએ ટ્રસ્ટ અને જૈવ વિવિધતા બોર્ડ દ્વારા ચાલતી વિવિધ પ્રવૃતિઓ અને પ્રાકૃતિક ખેતીમાં જૈવ વિવિધતાની પાયાની બાબતો વિશેની માહિતી આપી હતી.

પ્રાકૃતિક ઉત્થાન ફાર્મર પ્રોડ્યુસર કંપની લિમિટેડના મેનેજિંગ ડિરેક્ટર શ્રી કાશીરામભાઈ વાઘેલાએ દરેક પ્રમોટરને પોતાના ગામમાં પ્રાકૃતિક ખેતીનો પ્રચાર પ્રસાર કરવા સમજ આપી હતી. તેમણે દરેક પ્રમોટરને પોતાના ગામમાં પ્રાકૃતિક મોડલ ફાર્મ ઊભું કરવા, ગામના ખેડૂતોને પ્રાકૃતિક ખેતી તરફ આકર્ષિત કરવા, સરકાર દ્વારા ચાલતા પ્રાકૃતિક ખેતીના વિવિધ કાર્યક્રમોમાં ભાગ લેવા તેમજ, પ્રાકૃતિક ખેતી અપનાવવા માટે પ્રોત્સાહિત કર્યા હતા. વધુમાં, તાલીમના અંતે પ્રમોટર્સના પ્રાકૃતિક કૃષિ વિષયક પ્રશ્નોના સંતોષપૂર્ણ જવાબ આપવામાં આવ્યા હતા. આ તાલીમમાં ધરતી ચેરીટેબલ ટ્રસ્ટના કાર્યકર શ્રી વિજયભાઈ સોલંકી, સુશ્રી અલ્પાબહેન રાઠોડ, સુશ્રી રસીલાબહેન પટેલ, શ્રી ગૌતમભાઈ પટેલ, શ્રી કલ્પેશભાઈ મિસ્ત્રી અને વિવિધ ગામોમાંથી આવેલા પ્રમોટર્સ હાજર રહ્યા હતા.

### સુરતની શ્રી પ્રિયકાન્ત મણિયાર શાળા ક્રમાંક ૩૩૮, જહાંગીરા બાદ ઉગતમાં તારીખ ૧ સપ્ટેમ્બર ૨૦૨૫ ના રોજ

# અખિલ ભારતીય રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘનો વિશેષ કાર્યક્રમ "આપણી શાળા આપણું સ્વાભિમાન" કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું



। (એજન્સી) સુરત, તા.૨ ।

કાર્યક્રમમાં સ્થાનિક કોર્પોરેટર શ્રી ગૌરીબેન સાપરિયા (વોર્ડ નંબર ૯) યુ. આર. સી કો. ઓર્ડીનેટર શ્રી રમેશચંદ્ર પટેલ, સી. આર. સી. કો ઓડીનેટર શ્રી અમિતભાઈ ટેલર, શાળા ક્રમાંક ૩૩૮, શાળા ક્રમાંક ૧૬૮, શાળા ક્રમાંક ૨૬૩ ના આચાર્યએ કાર્યક્રમમા ભાગ લીધો હતો.સી.આર.સી કો-ઓર્ડીનેટર શ્રી અમિતભાઈ ટેલર દ્વારા પ્રેરક ઉદબોધન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમની મુખ્ય વિશેષતા એ રહી કે શાળાના આચાર્ય શિક્ષકો વિદ્યાર્થીઓ વાલીઓ તથા ઉપસ્થિત મહેમાનો દ્વારા એક સાથે સંકલ્પ લેવામાં આવ્યો હતો, જેનો મુખ્ય ઉદ્દેશ વિદ્યાર્થીઓમાં શાળા પ્રત્યે સ્વાભિમાન અને આત્મ ગૌરવની ભાવના જાગૃત કરવાનો છે.

### વચરતી અને વિમુક્ત જાતિઓના વિમુક્ત દિનની ઉજવણી

# વિચરતી અને વિમુક્ત જાતિઓના વિમુક્ત દિનની ઉજવણીના ભાગરૂપે નડિયાદ ખાતે સમાજ શિક્ષણ શિબિર યોજાઈ

। (માહિતી) નડિયાદ, તા.૨ ।

વિચરતી અને વિમુક્ત જાતિઓના વિમુક્ત દિનની ઉજવણીના ભાગરૂપે નાયબ નિયામક શ્રી (વિકસતી જાતિ) ખેડા જિલ્લા અને ચરોતર તળપદા સમાજ વિકાસ ટ્રસ્ટ, મરીડા નડિયાદના સંયુક્ત ઉપક્રમે વિચરતી અને વિમુક્ત જાતિઓમાં જાગૃતિ લાવવા ખાતાની કલ્યાણકારી યોજનાઓના પ્રચાર પસારના હેતુ આંબેડકર હોલ , નડિયાદ ખાતે ગતરોજ સમાજ શિક્ષણ શિબિર યોજાઈ હતી. ઉપસ્થિત અધિકારીશ્રીઓએ કલ્યાણકારી યોજનાઓની માહિતી આપે હતી. જાતિ પ્રમાણપત્રો અને પંડિત દિન દયાલ આવાસ યોજનાના મંજૂરી પત્રો આપવામાં આવ્યા હતા. લાભાર્થીઓને તેમજ બક્ષીપંચ મોરચાના પ્રભારીએ યોજનાના લાભો છેવાડાના માણસોને વધુને વધુ લાભ મળે તે બાબતે અપીલ કરવામાં આવી હતી. ખેડા જિલ્લાના બક્ષીપંચ મોરચાના પ્રભારીશ્રી હિરેનભાઈ બ્રહ્મભટ્ટ, એડવોકેટશ્રી કિરણસિંહ ડાભી,ખેડા જિલ્લા બક્ષીપંચ મોરચા પ્રમુખ શ્રી પ્રણવભાઈ વૈધ, સમાજ કલ્યાણ અધિકારી શ્રી, વિકસતી જાતિ, નડીઆદ સુશ્રી સલોનીબેન પટેલ, સમાજ કલ્યાણ અધિકારીશ્રી ,જયેશભાઈ વાઘેલા પ્રમુખશ્રી ચરોતર તળપદા સમાજ વિકાસ ટ્રસ્ટ, મરીડા નડિયાદ નાઓએ તથા ચરોતર તળપદા સમાજ ટ્રસ્ટના તમામ ટ્રસ્ટીગણો અને ખેડા જિલ્લામાંથી વિચરતી વિમુક્ત જાતિઓના આગેવાનો ખૂબ મોટી સંખ્યામાં હાજર રહ્યાં હતા.

# મી સપ્ટેમ્બર - શિક્ષક દિન વિશેષ, શિક્ષક, લેખક, તજજ્ઞ, સાહિત્યકાર, સંપાદક, કન્વીનર, સમીક્ષક, પરામર્શક,'મિત્ર'- મિનેશભાઈનું અમૂલ્ય યોગદાન મૂલવાશે

। (માહિતી) સુરત, તા.૨ ।

દેશના પ્રથમ ઉપરાષ્ટ્રપતિ કે બીજા રાષ્ટ્રપતિ કરતાં એક મહાન શિક્ષક અને ફિલોસોફર તરીકે વધુ જાણીતા એવા ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણનના જન્મદિવસ ૫મી સપ્ટેમ્બરને દેશભરમાં 'શિક્ષક દિન' તરીકે ઊજવવામાં આવે છે. ગુજરાત સરકાર દર વર્ષે શિક્ષક દિન નિમિત્તે રાજ્યના શ્રેષ્ઠ શિક્ષકોનું સન્માન કરે છે. આ વર્ષે રાજ્ય સ્તરે શ્રેષ્ઠ શિક્ષક પારિતોષિકથી સન્માનિત થનારા શિક્ષકોમાં અમદાવાદ જિલ્લાના ધોલેરા તાલુકાની વાલીન્ડા પ્રાથમિક શાળાના બહુપ્રતિભાશાળી શિક્ષક શ્રી મિનેશભાઈ વાળંદને પણ સ્થાન મળ્યું છે. રાજ્ય સ્તરનો શ્રેષ્ઠ શિક્ષક એવોર્ડ સમારંભ અમદાવાદમાં યોજાશે, જેમાં શિક્ષણ અને શૈક્ષણિક સાહિત્ય ક્ષેત્રે મહામૂલું યોગદાન આપનારા શ્રી મિનેશભાઈ વાળંદને 'શ્રેષ્ઠ શિક્ષક રાજ્ય પારિતોષિક એવોર્ડ - ૨૦૨૫' એનાયત થશે.

શ્રી મિનેશભાઈ વાળંદ એક ભાષા શિક્ષક હોવાની સાથોસાથ વર્ષોથી શિક્ષણ વિભાગ અને સામાજિક ક્ષેત્રે લેખક, તજજ્ઞ, સાહિત્યકાર, કન્વીનર, સમીક્ષક અને પરામર્શક તરીકેની સેવાઓ આપી રહ્યા છે. પૂજ્ય બાપુના આદર્શ વિચારોને હમેશા મંત્ર ગણીને વિદ્યાર્થીઓમાં સાદગી,સત્ય,અહિંસા,સમાનતા જેવા સનાતન મૂલ્યો આત્મસાત થાય એવા પ્રામાણિક પ્રયત્નો મિનેશભાઈ સતત કરી રહ્યા છે. બાપુના બુનિયાદી કેળવણીના વિચારો અને ગીજુભાઈ બધેકાના શિક્ષણના પ્રયોગોમાંથી પ્રેરણા મેળવીને મિનેશભાઈ છેલ્લા ઘણા વર્ષોથી રાજ્યના શિક્ષણ યજ્ઞમાં સતત આહુતિ આપી રહ્યા છે. તેમના મહત્વપૂર્ણ યોગદાન અને પરગજુ સ્વભાવના લીધે મિનેશભાઈને 'મિત્ર' તખલ્લુસ પણ તેમના સાહિત્યકાર મિત્રોએ આપ્યું છે.

લેખક, સંપાદક, સાહિત્યકાર અને ટ્રેઈનર તરીકે મિનેશભાઈનું યોગદાન

- ધો-૧ થી ૮ પ્રથમ ભાષા ગુજરાતી પાઠ્યપુસ્તક લેખક,પરામર્શક,સમીક્ષક, કન્વીનર તરીકેની કામગીરી
- ધોરણ-૭ ગુજરાતી (દ્વિતીય ભાષા ) પાઠ્ય પુસ્તકમાં કન્વીનર તરીકેની કામગીરી
- ધોરણ -૬થી ૮ માટે તૈયાર થયેલ ભગવદ ગીતાના ભાગ-૨ ના પાઠ્ય પુસ્તકમાં લેખક તરીકેની કામગીરી
- રાજ્ય,જીલ્લા અને તાલુકાના સિત્તેર કરતા વધારે મોડ્યુલ લેખનમાં લેખક તરીકેની કામગીરી
- રાજ્ય,જીલ્લા અને તાલુકા કક્ષાએ શિક્ષક તાલીમમાં તજજ્ઞ તરીકેની કામગીરી.
- બાયસેગ સ્ટુડીયોના માધ્યમથી શિક્ષક તાલીમમાં એક્ષ્પર્ટ તરીકેની કામગીરી
- સમર્થ–૨ શિક્ષક તાલીમ કાર્યક્રમ અંતર્ગત બાયસેગમાં વિડીઓ રેકોર્ડીંગની કામગીરી
- વાંચે ગુજરાત અંતર્ગત ૩૦૦ જેટલા પુસ્તકો વાંચન માટે ઉપલબ્ધ કરાવડાવ્યા
- ધંધુકા તાલુકા બી.આર.સી.તરફથી ચાલતા 'પ્રયાસ'નામના સામયિકમાં સંપાદક તરીકેની કામગીરી.
- સર્વ શિક્ષા અભિયાન કચેરી અમદાવાદ તરફથી ચાલતા 'હૃદયકુંજ' સામયિકમાં સંપાદક તરીકેની કામગીરી.
- ગુજરાત રાજ્ય શાળા પાઠ્ય પુસ્તક મંડળ દ્વારા પ્રકાશિત 'બાલસૃષ્ટિ' સામયિકના સંપાદકની કામગીરી
- એસ.એસ.એ.તથા જી.સી.ઈ.આર.ટી.દ્વારા રાજ્યની શાળાઓમાં મોનીટરીંગની કામગીરી.
- ઘણાં જાણીતા અખબારો અને સામયિકોમાં લેખો અને કોલમમાં પોતાના વિચારો રજૂ કર્યા છે.

બાળકોના સર્વાંગી વિકાસ માટે શરૂ કરાવ્યા નવીન પ્રકલ્પો

છેલ્લાં ૧૯ વર્ષથી ધોલેરાની વાલીન્ડા પ્રાથમિક શાળામાં ફરજરત મિનેશભાઈ વિદ્યાર્થીઓના વ્યક્તિગત કૌશલ્યો ઉપર વિશેષ ભાર મૂકતા દર વર્ષે ઉનાળા વેકેશનમાં વિદ્યાર્થીઓમાં ઈનોવેશનની તક મળે એ માટે અને વિદ્યાર્થીઓના વૈચારિક કૌશલ્ય બળવત્તર થાય એવા આશયથી એન.જી.ઓ.સૃષ્ટિ અને આઈઆઈએમ દ્વારા ચિલ્ડ્રન ક્રિએટિવિટી વર્કશોપમાં વિદ્યાર્થીઓને છેલ્લા પાંચ વર્ષ ભાગ લેવડાવે છે. જેમાં એક વિદ્યાર્થીનું રાષ્ટ્રપતિના હસ્તે સન્માન કરવામાં આવ્યું છે.

અનિયમિત બાળકો માટે અને બાળકોને શાળાએ આવવું ગમે, રહેવું ગમે એ માટે 'પેટર્ન ઓફ વાલીન્ડા' નામે એક ઈનોવેશન મૂક્યું છે, જેમાં આખા મહિનાનું એક કેલેન્ડર બનાવીને રોજ જુદી જુદી પ્રવૃતિઓ મૂકવામાં આવી છે. જેમાં મહોલ્લા પ્રાર્થના, ટિફિન ડે, કવિ કહે છે કાર્યક્રમ, વાલી સન્માન, ફિલ્મ નિદર્શન વર્ગ શિક્ષક સન્માન, એસ.એમ.સી. મિટિંગ જેવા પ્રકલ્પોનો સમાવેશ થાય છે.

સરકાર દ્વારા લેવાતી CET,NMMS,જ્ઞાન સાધના,PSE જેવી પરીક્ષાઓ ૧૦૦% ટકા વિદ્યાર્થીઓને પરીક્ષા અપાવેલ છે અને એમાંથી છેલ્લા ત્રણ વર્ષમાં દર વર્ષે સરકારની રેસીડેન્શલ સ્કૂલમાં એડમીશન મેળવેલ છે આ ઉપરાંત NMMSમાં પણ વિદ્યાર્થી મેરીટમાં આવી દરમહિને શિષ્યવૃત્તિ મેળવે છે.

રમત ગમત કૌશલ્ય ખીલવવાના હેતુસર રાજ્ય સરકાર દ્વારા યોજાતા ખેલ મહાકુંભમાં મિનેશભાઈ દર વર્ષે મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓને ભાગ લેવડાવે છે.

કન્યા કેળવણી ક્ષેત્રે યોગદાન

ધોરણ આઠ પાસ કરેલી દીકરીઓને ધોરણ ૯માં ગાંધીનગર સેક્ટર ૧૩માં આવેલી આદર્શ નિવાસી શાળામાં એડમિશન અપાવે છે અને એ અભ્યાસ પૂર્ણ ન કરે ત્યાં સુધી તે જવાબદારી નિભાવે છે આમ અત્યાર સુધીની એમના દ્વારા ૫૦ કરતાં વધુ દીકરીઓને એડમિશન અપાવ્યા છે અને એમાંની કેટલી દીકરીઓ ગેજ્યુએટ, પોસ્ટ ગેજ્યુએટ, બીએડ, એલ.એલ.બી અને શિક્ષક તરીકે નિમણૂક પામી છે.

મિનેશભાઈના માર્ગદર્શન હેઠળ ખેલ મહાકુંભમાં શાળાની દીકરી બંસી કિરીટભાઈ મેર રાજ્યકક્ષાએ પ્રથમ આવી છે અને હાલ સરકારની સ્પોર્ટસ સ્કૂલમાં અભ્યાસ કરી રહી છે. તે બેડમિન્ટન અને કુસ્તી ક્ષેત્રે આગળ વધી રહી છે. તાજેતરમાં ગુજરાતનું પ્રતિનિધિત્વ કરીને મુંબઈ ખાતે કુસ્તીમાં તેણે પ્રથમ નંબર પ્રાપ્ત કરેલ છે.

મિનેશભાઈના અમૂલ્ય યોગદાન બદલ પ્રાપ્ત થયેલ સન્માન અને પારિતોષિક

- વાંચે ગુજરાત અંતર્ગત ગુજરાત ગૌરવ એવોર્ડ -૨૦૧૧
- ભારત રત્ન સરદાર પટેલ સાહિત્યિક એવોર્ડ – ૨૦૧૩
- માતૃભાષા અભિયાન દ્વારા રાજ્યના શ્રેષ્ઠ ભાષા શિક્ષક એવોર્ડ-૨૦૧૬
- રાજ્યના મુખ્યમંત્રીશ્રી દ્વારા શ્રેષ્ઠ આચાર્ય સન્માન -૨૦૧૯
- રાજ્ય સરકાર દ્વારા પ્રતિભાશાળી પ્રમાણપત્ર એનાયત -૨૦૧૯
- અચલા ફાઉન્ડેશન દ્વારા શ્રેષ્ઠ શિક્ષક સન્માન -૨૦૨૦
- અમદાવાદ જિલ્લાના શ્રેષ્ઠ શિક્ષક સન્માન-૨૦૨૧

માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા.લિ. ૭ થી ૧૦ શ્રી લક્ષ્મી કોમ. કો-ઓપ એસ્ટેટ, અજોદ ડેરી રોડ, સુખરામનગર, રખિયાલ, અમદાવાદ ૩૮૦૦૨૩. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨

**ન્યૂઝ બ્રિફ**

### રાજકીય પક્ષોની નોંધણી-નિયમન માટે આકરા નિયમો બનાવવા ચૂંટણી પંચને આદેશ આપો

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨ ।

સુપ્રીમ કોર્ટમાં રાજકીય પક્ષોના સંદર્ભમાં એક મહત્વની અરજી દાખલ કરવામાં આવી છે. આ અરજીમાં માંગ કરવામાં આવી છે કે રાજકીય પક્ષોની નોંધણી અને નિયમન માટે નક્કર નિયમો બનાવવા માટે ચૂંટણી પંચને આદેશ આપવામાં આવે. કેમ કે દેશમાં બોગસ અને નામવિહોણા રાજકીય પક્ષો લોકશાહી માટે ગંભીર ખતરો પેદા કરી રહ્યા છે. આવા પક્ષો ગેરકાયદે ગતિવિધિઓમાં સામેલ લોકોને પોતાના પદાધિકારી બનાવી રહ્યા છે, અને ભારે ડોનેશન મેળવીને ગુનેગારોને સંગઠનમાં સ્થાન આપી રહ્યા છે. જેનાથી લોકશાહી વ્યવસ્થા અને પારદર્શકતા પર સીધો હુમલો થઈ રહ્યો છે. અરજીમાં દાવો કરાયો છે કે એવા કેટલાક પક્ષો અસ્તિત્વમાં આવી ગયા છે, જેમણે અપહરણ કરનારાઓ, ડ્રગ્સ તસ્કરો, મની લોન્ડ્રિંગ કરનારાઓ અને કુખ્યાત ગુનેગારોને રાષ્ટ્રીય અને રાજ્ય સ્તર પર પદાધિકારી બનાવી દીધા છે. આવા પક્ષોએ મોટી રકમ લઈને ગુનેગારોને સંરક્ષણ આપ્યું અને તેમને રાજકીય માન્યતા આપી છે. આ અરજીમાં એવો આક્ષેપ લગાવવામાં આવ્યો કે અલગાવવાદી સંગઠનોએ પણ રાજકીય પક્ષો બનાવીને ફંડ એકત્ર કરવાનો રસ્તો અપનાવી લીધો છે અને કેટલાય નેતાઓને પોલીસ સુરક્ષા મળી ચુકી છે.સુપ્રીમ કોર્ટમાં કરાયેલી અરજીમાં તાજેતરમાં પ્રગટ થયેલા મીડિયા રિપોર્ટનો હવાલો આપીને ઉલ્લેખ કરાયો છે.

### ભૂસ્ખલનના કારણે ધૌલીગંગામાં ટનલમાં ૧૯ કર્મચારીઓ ફસાયા

। (એજન્સી) પિથૌરાગઢ, ૨ ।

ઉત્તરાખંડનાં પિથૌરાગઢ જિલ્લામાં મોટી દુર્ઘટના બની છે. અહીં ભૂસ્ખલનના કારણે ધૌલીગંગા વીજળી પ્રોજેક્ટની ટનલમાં એનએચપીસીના ૧૯ કર્મચારીઓ ફસાયા છે. ભૂસ્ખલનના કારણે પાવર હાઉસનો રસ્તો બંધ થઈ ગયો છે. ધારચૂલાના નાયબ જિલ્લા અધિકારી જિતેન્દ્ર વર્માએ કહ્યું કે, સ્થળ પર ભારે કાટમાળ પડ્યો હોવાના કારણે કર્મચારીઓ ટનલમાં જ ભસાઈ ગયા છે. ભારે મશીનો મંગાવીને કાટમાળ હટાવવાની કામગીરી શરૂ કરાઈ છે, ત્યારબાદ જ ફસાયેલા કર્મચારીઓ બહાર આવી શકશે. અધિકારીઓએ કહ્યું કે, 'ભારે વરસાદના કારણે ભૂસ્ખલન થતાં ટનલમાં નેશનલ હાઈડ્રોઈલેક્ટ્રિક પાવર કોર્પોરેશન (NHPC)ના ૧૯ કર્માચરીઓ પાવર હાઉસમાં ફસાયા છે. ધારચૂલાના પાસે ઈલાગઢ વિસ્તારમાં ધૌલીગંગા વીજળી પ્રોજેક્ટના સામાન્ય અને ઈમરજન્સી સુરંગો તરફ જવાનો રસ્તો બંધ થઈ ગયો છે. અહીં વારંવાર કાટમાળ પડી રહ્યો છે, તેમ છતાં જેસીબી મશીનોથી રસ્તો કાઢવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે.

#### પ્રથમ તબક્કામાં ૩ સ્કોર્પિયન સબમરીન ખરીદવામાં આવે તેવી શક્યતા

# ભારત રૂ.૧ લાખ કરોડથી વધુના ખર્ચે બે સબમરીન ખરીદશે

### ચીનની વધી રહેલી નૌકાદળની ક્ષમતાને ધ્યાનમાં રાખીને ભારતની મહત્વની કવાયત

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨ ।

ચીનની વધી રહેલી નૌકાદળની ક્ષમતાને ધ્યાનમાં રાખીને ભારત પણ હિન્દ મહાસાગરમાં પોતાની દરિયાઈયુદ્ધની ક્ષમતામાં સતત વધારો કરી રહ્યું છે. આ અંતર્ગત આગામી વર્ષના જૂન સુધીમાં ભારત રૂપિયા એક લાખ કરોડની વધુના ખર્ચે બે વિશાળ સબમરીન ખરીદવાના કરારને અંતિમ સ્વરુપ આપી શકે છે. પ્રથમ તબક્કામાં ૩ સ્કોર્પિયન સબમરીન ખરીદવામાં આવે તેવી શક્યતા છે. આ સબમરીનનું નિર્માણ સરકારી કંપની મઝગાંવ ડોક લિમિટેડ(એમડીએલ) અને ફ્રાન્સની સંરક્ષણ ક્ષેત્રની મુખ્ય કંપની



નેવલ ગ્રુપના સંયુક્ત પ્રયાસોથી થશે. ભારતીય સંરક્ષણ મંત્રાલયે લગભગ રૂ. ૩૬,૦૦૦ કરોડના આ કરારને બે વર્ષ પહેલા મંજૂરી આપી દીધી હતી, પરંતુ પ્રોજેક્ટની વિવિધ ટેકનિકલ અને આર્થિક બાબતોને અંતિમ સ્વરૂપ આપવા માટે વાતચીત ચાલી રહી હતી. સંરક્ષણ મંત્રાલયનો જે બીજો પ્રોજેક્ટ છે, એ લગભગ રૂ. ૬૫૦૦૦ કરોડના ખર્ચથી છ ડીઝલ-ઈલેક્ટ્રિક સ્ટીલ્થ સબમરીન ખરીદવાનો છે. આ ખરીદીને ૨૦૨૧માં જ મંજૂરી આપવામાં આવી હતી.આગામી વર્ષના મધ્ય સુધીમાં બંને કરારને અંતિમ સ્વરૂપ આપવામાં આવી શકે છે. અગ્રણી જર્મન જહાજ ઉત્પાદન કંપની થિસેનક્રુપ મરીન સિસ્ટમ્સે છ ડીઝલ-ઈલેક્ટ્રિક સ્ટીલ્થ સબમરીન સંબંધિત પ્રોજેક્ટ માટે મઝગાંવ ડોક શિપબિલ્ડર્સ લિમિટેડની સાથે ભાગીદારી કરી છે. તેને તાજેતરના વર્ષોમાં સૌથી મોટી મેક ઈન ઈન્ડિયા પહેલ માનવામાં આવે છે. આ કરારના ખર્ચ પર જલદી વાતચીત શરુ થશે અને કરાર સંપન્ન થવાની પ્રક્રિયામાં છથી નવ મહિનાનો સમય લાગી શકે છે.

#### ભોજન મેળવવા દોડા-દોડી કરી રહેલી ભીડ પર ગોળીબાર

# ઈઝરાયેલનો ગાઝા પર હુમલો, હમાસના પ્રવક્તા સહિત ૪૩નાં મોત

### ગાઝા નજીક આવેલા નેટ્ઝારિમ કોરિડોર ખાતે ઈઝરાયેલના લશ્કરે ભીડ પર ગોળીબાર કર્યો હતો

। (એજન્સી) ડેઈર અલ-બલાહ, તા.૨ ।

ઈઝરાયેલે ગાઝા શહેરમાં નવેસરથી હુમલા શરૂ કર્યા છે. આ હુમલામાં હમાસની સશસ્ત્ર પાંખના પ્રવક્તા અબુ ઓબૈદા સહિત ૪૩ વ્યક્તિનાં મોત થયા હોવાનું ઈઝરાયેલના સંરક્ષણ મંત્રી ઈઝરાયેલ કાટ્ઝે જણાવ્યું છે. ઈઝરાયેલ દ્વારા ગાઝા શહેરમાં લશ્કરી હુમલા શરૂ કરાયા પછી ઓબૈદાનું સ્ટેટમેન્ટ આવ્યું હતું. ઈઝરાયેલના વડાપ્રધાન બેન્જામિન નેતાન્યાહૂએ જણાવ્યું હતું કે, લાંબા સમયથી હમાસની કાસમ



બ્રિગેડ્સના પ્રવક્તા રહેલા ઓબૈદા પર હુમલો કરવામાં આવ્યો છે. જો કે ઓબૈદાના મોત અંગે તેમણે કોઈ માહિતી આપી ન હતી. બાદમાં સંરક્ષણ મંત્રીએ ઓબૈદાના મોતની પુષ્ટિ કરી હતી.ઈઝરાયેલે આતંકવાદી સંગઠનનો ખાત્મો બોલાવવા નિર્ધાર કર્યો છે અને હમાસના નેતાઓ તથા તેના સમર્થકો પર હુમલા ચાલુ રાખ્યા છે. ગત શનિવાર અને રવિવારના રોજ ઈઝરાયેલે ગાઝા શહેર પર કરેલા હુમલામાં ૪૩ પેલેસ્ટાઈનવાસીઓનાં મોત થયા છે. ગાઝા નજીક આવેલા નેટ્ઝારિમ કોરિડોર ખાતે ઈઝરાયેલના લશ્કરે ભીડ પર ગોળીબાર કર્યો હતો. ગાઝાવાસીઓ ભોજન મેળવવા દોડા-દોડી કરતા હતા ત્યારે ઈઝરાયેલના સૈનિકો અચાનક ત્રાટક્યા હતા.



નવી દિલ્હીમાં યશોભૂમિ ખાતે 'સેમિકોન ઈન્ડિયા ૨૦૨૫'ના ઉદ્ઘાટન દરમિયાન વડાપ્રધાન નરેન્દ્ર મોદી, કેન્દ્રીય મંત્રી અશ્વિની વૈષ્ણવ અને દિલ્હીના સીએમ રેખા ગુપ્તા.

#### મતદારોને નવા મતદાર ઓળખ કાર્ડ જાહેર કરશે

## બિહાર ચૂંટણીમાં SIR લાવ્યા બાદ ચૂંટણી પંચની વધુ એક યોજના

।(એજન્સી) નવી દિલ્હી, તા.૨।

બિહારમાં આ વર્ષના અંતે વિધાનસભા ચૂંટણી યોજાવાની છે. ચૂંટણી પંચ દ્વારા રાજ્યમાં SIR એટલે કે મતદાતા યાદીમાં વિશેષ સુધારણાની કામગીરી પુરજોશમાં ચાલી રહી છે, ત્યારે હવે પંચે તમામ મતદારોને નવા મતદાર ઓળખપત્રો જારી કરવાની યોજના પર કામ કરી રહ્યું હોવાની માહિતી સામે આવી છે. અધિકારીઓના જણાવ્યા મુજબ, નવા મતદાર ઓળખ કાર્ડ માટેની પ્રક્રિયા ક્યારે શરૂ થશે અને કેવી રીતે પૂર્ણ થશે તે અંગે અંતિમ નિર્ણય લેવાનો બાકી છે. જ્યારે મતદારોને ગણતરી ફોર્મ અપાયા હતા, ત્યારે તેમને તાજેતરના ફોટો સાથે ફોર્મ જમા કરાવવા કહેવાયું હતું. નવી તસવીરનો ઉપયોગ રિકોર્ડને અપડેટ કરવા માટે અને નવા મતદાર ઓળખ પત્ર જારી કરવા માટે કરવામાં આવશે. પહેલી ઓગસ્ટના રોજ પ્રકાશિત બિહારની ડ્રાફ્ટ મતદાતા યાદી અનુસાર, રાજ્યમાં કુલ ૭.૨૪ કરોડ મતદારો છે. અંતિમ મતદાર યાદી ૩૦ સપ્ટેમ્બરના રોજ પ્રકાશિત થશે, જ્યારે રાજ્યમાં વિધાનસભા ચૂંટણી નવેમ્બર મહિનામાં યોજાવાની સંભાવના છે.

#### શાહબાઝ શરીફ સાથે કોઈ વાત કરી રહ્યું નહોતું

# મોદી અને પુતિનની મિત્રતા જોઈ પાકિસ્તાની PMની હાલત દયનીય

। (એજન્સી) તિયાનજિન, તા.૨ ।

ચીનના તિયાનજિનમાં યોજાઈ રહેલા શાંઘાઈ SCO સમિટનો એક વીડિયો વાયરલ થઈ રહ્યો છે. આ વીડિયો તે સમયનો છે જ્યારે ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિન મળી રહ્યા હતા અને જતા જતા વાત કરી રહ્યા હતા. ત્યારે કોરિડોરમાં પીએમ શેહબાઝ શરીફ જોવા મળે છે. વીડિયોમાં જોઈ શકાય છે કે પાકિસ્તાનના વડાપ્રધાન શાહબાઝ શરીફ પીએમ મોદી અને પુતિન



સાથે આટલા આરામદાયક દેખાતા નથી. મોદી અને પુતિન એકબીજા સાથે હસતા અને વાત કરતા જોવા મળે છે, જ્યારે શાહબાઝ શરીફ એક ખૂણામાં હાથ જોડીને દયનીય સ્થિતિમાં ઊભેલા જોવા મળે છે. પાકિસ્તાન પણ SCOનો એક ભાગ છે, તેથી પાકિસ્તાનના વડાપ્રધાન શાહબાઝ શરીફ પણ આ કોન્ફરન્સમાં ભાગ લેવા આવ્યા છે. આ વીડિયો સોમવારે સમિટના બીજા દિવસનો છે જ્યારે પીએમ મોદી અને પુતિન એકબીજા સાથે વાત કરતા હોલમાંથી પસાર થઈ રહ્યા હતા. આ દરમિયાન શાહબાઝ શરીફ હાથ જોડીને એક ખૂણામાં અલગ ઊભા રહેલા જોવા મળ્યા હતા. શાહબાઝ શરીફ એક ખૂણામાં એકલા ઉભા હતા, કોઈ તેમની સાથે વાત કરી રહ્યું નહોતું કે કોઈ તેમના તરફ ધ્યાન આપી રહ્યું નહોતું.

#### આંધ્ર હાઈકોર્ટના ચુકાદાને પડકારતી અપીલ પર સુપ્રીમ કોર્ટનો ફેંસલો

# જાહેર સ્થળો પર વ્હિકલનો ઉપયોગ ન થાય તો મોટર વ્હિકલ ટેક્સ ન લાગુ પડેઃ સુપ્રીમ

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨ ।

સુપ્રીમ કોર્ટે એક મહત્ત્વપૂર્ણ ચુકાદામાં જણાવ્યું હતું કે જો કોઈ વ્હિકલનો ઉપયોગ જાહેર સ્થળે કરવામાં આવતો ન હોય તો તેના માલિક પર આવા સમયગાળા માટે મોટર વ્હિકલ ટેક્સનો બોજ ન નાખવો જોઈએ. ન્યાયાધીશ મનોજ મિશ્રા અને ઉજ્જલ ભુયાનની બનેલી ખંડપીઠે આંધ્રપ્રદેશ હાઈકોર્ટના ડિસેમ્બર ૨૦૨૪ના ચુકાદાને પડકારતી અપીલ પર પોતાનો આ ચુકાદો આપ્યો હતો. સર્વોચ્ચ અદાલતે જણાવ્યું હતુ કે મોટર વ્હિકલ ટેક્સ સ્વભાવિક રીતે વળતરદાયી છે એટલે કે ટેક્સ



ચુકનારાને કંઈ વળતર મળવું જોઈએ. તેનો સીધો સંબંધ અંતિમ ઉપયોગ સાથે છે. મોટર વ્હિકલ ટેક્સ વસૂલવાનો તર્ક એ છે કે જે વ્યક્તિ જાહેર માળખાકીય સુવિધાઓ, જેમ કે રસ્તા, હાઈવે વગેરેનો ઉપયોગ કરી રહી છે, તેને આવા ઉપયોગ માટે ચૂકવણી કરવી પડે છે. આંધ્રપ્રદેશ મોટર વાહન કરવેરા ધારા, ૧૯૬૩ની કલમ ૩નો ઉલ્લેખ કરીને બેન્ચે જણાવ્યું હતું કે વિધાનસભાએ આ જોગવાઈમાં 'જાહેર સ્થળ' શબ્દનો સભાનપણે ઉપયોગ કર્યો છે.આ કાયદાની કલમ ૩ મોટર વાહનો પર કર વસૂલાત સંબંધિત છે. સર્વોચ્ચ અદાલતે ૨૯ ઓગસ્ટના રોજ આપેલા તેના ચુકાદામાં જણાવ્યું હતુ કે જો કોઈ મોટર વાહનનો ઉપયોગ 'જાહેર સ્થળ'માં ન થાય અથવા 'જાહેર સ્થળ'માં ઉપયોગ માટે ન રાખવામાં આવે તો સંબંધિત વ્યક્તિ જાહેર માળખાકીય સુવિધાઓનો લાભ મેળવી રહી નથી, તેથી આવા સમયગાળા માટે તેના પર મોટર વાહન કરનો બોજ ન નાખવો જોઈએ.

#### જિનપિંગ અને મોદીની બેઠકથી ટ્રમ્પને સંદેશો

# ભારત અને ચીન હરીફ નહીં, એકબીજાના પાર્ટનર

।(એજન્સી) તિયાનજિન, તા.૨।

ચીનના તિયાનજિનમાં SCO સમિટમાં ભાગ લેવા પહોંચેલા વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ચીનના રાષ્ટ્રપ્રમુખ શી જિનપિંગ સાથે મુલાકાત કરી હતી. અમેરિકા રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પની ધમકીઓ વચ્ચે યોજાયેલી મુલાકાત પર વિશ્વભરની નજર છે. વિદેશ મંત્રાલયે કહ્યું કે, મોદી અને જિનપિંગ એ વાત પર ભાર મૂકી રહ્યા છે કે, બંને દેશો એકબીજાના સ્પર્ધી નહીં, પરંતુ વિકાસના ભાગીદાર છે. મંત્રાલયે એમ પણ કહ્યું કે, મતભેદોને વિવાદ ન બનાવવો જોઈએ. SCO સમિટ દરમિયાન મોદી અને જિનપિંગ વચ્ચે દ્વિપક્ષીય વાતચીત થઈ છે. આ વાતચીતમાં બંને દેશોએ પરસ્પર સહયોગ વધારવા અને સંબંધોને મજબૂત બનાવવાની પ્રતિબદ્ધતા વ્યક્ત કરી છે. વડાપ્રધાન મોદીએ ચીનના પ્રમુખ સમક્ષ આતંકવાદનો મુદ્દો ઉઠાવતાં તેને વૈશ્વિક જોખમ ગણાવ્યું હતું. તેમણે ચીનને આતંકવાદ સામેની લડાઈમાં ભારતને ટેકો આપવા અપીલ કરી પણ કરી હતી. જિનપિંગ સમક્ષ આતંકવાદનો મુદ્દો ઉઠાવીને, પીએમ મોદીએ આતંકવાદ સામેની લડાઈમાં ભારતની પ્રતિબદ્ધતા દર્શાવી છે. ઉલ્લેખનીય છે, ઓપરેશન સિંદૂર દરમિયાન ચીને ખુલ્લેઆમ પાકિસ્તાનને મદદ કરી હતી અને ઘણા વર્ષોથી ચીન આતંકવાદના સૌથી મોટા કેન્દ્ર પાકિસ્તાનને આર્થિક અને લશ્કરી મદદ કરી રહ્યું છે. વિદેશ મંત્રાલયે એક નિવેદનમાં જણાવ્યું હતું કે 'પીએમ મોદી અને જિનપિંગે દ્વિપક્ષીય, પ્રાદેશિક અને વૈશ્વિક મુદ્દાઓ ઉપરાંત આતંકવાદ જેવા પડકારોનો સામનો કરવા જોડાણ મજબૂત બનાવવાની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો. તેમણે પુનરોચ્ચાર કર્યો કે ભારત અને ચીન વિકાસના ભાગીદાર છે, હરીફ નથી અને મતભેદોને વિવાદોમાં ફેરવવા જોઈએ નહીં. પીએમ મોદીએ જિંગપિંગને ૨૦૨૬માં ભારત દ્વારા યોજાનારી બ્રિક્સ સમિટમાં ભાગ લેવા આમંત્રણ પણ આપ્યું હતું. જિનપિંગ સાથેની વાતચીતમાં પીએમ મોદીએ દ્વિપક્ષીય સંબંધોના સતત વિકાસ માટે સરહદી વિસ્તારોમાં શાંતિ અને સુમેળના મહત્વ પર ચર્ચા કરી હતી. બંને વડાએ સરહદ મદ્દે વાજબી, નિષ્પક્ષ અને પરસ્પર સ્વીકાર્ય ઉકેલ લાવવાની પ્રતિબદ્ધતા વ્યક્ત કરી હતી.

#### ૨૦૨૨ની તુલનામાં ચાર ગણી વધી ઈનામી રાશિ

# મહિલા વનડે વર્લ્ડ કપ માટે પ્રાઈઝ મનીની જાહેરાત

### ICC એ મહિલા વર્લ્ડ કપ જીતનારી ટીમ માટે ૪.૪૮ મિલિયન ડોલર (૩૯.૪ કરોડ)ની ઈનામી રકમની જાહેરાત કરી

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨ ।

૩૦ સપ્ટેમ્બરથી ભારતમાં મહિલા વનડે વર્લ્ડ કપ શરૂ થઈ રહ્યો છે. ICC એ આ ટુર્નામેન્ટ માટે ઈનામી રકમની જાહેરાત કરી છે. આ વખતે વર્લ્ડ કપ જીતનારી ટીમ પર ઘણા પૈસાનો વરસાદ થવાનો છે.

ICC એ મહિલા વર્લ્ડ કપ જીતનારી ટીમ માટે ૪.૪૮ મિલિયન ડોલર (૩૯.૪ કરોડ) ની ઈનામી રકમની જાહેરાત કરી છે, જે ૨૦૨૨માં રમાયેલા ODI વર્લ્ડ કપ કરતા ૪ ગણી વધારે છે. ૨૦૨૨ મહિલા વર્લ્ડ કપનો ખિતાબ ઓસ્ટ્રેલિયાએ જીત્યો હતો.

આઠ ટીમોની આ ટુર્નામેન્ટની કુલ ઈનામી રકમ $13.88 મિલિયન છે, જે ૨૦૨૨માં ન્યુઝીલેન્ડમાં યોજાયેલા છેલ્લા મહિલા વર્લ્ડ કપના $3.5 મિલિયન કરતા ૨૯૭ ટકા વધુ છે. આ મહિલા વર્લ્ડ કપની કુલ ઈનામી રકમ ICC મેન્સ વર્લ્ડ કપ ૨૦૨૩ની ઈનામી રકમ કરતાં પણ વધુ છે. તમને જણાવી દઈએ કે ૨૦૨૩ના ODI વર્લ્ડ કપ માટે કુલ ઈનામી રકમ $10 મિલિયન હતી.



આ વખતે રનર અપ ટીમને $2.24 મિલિયન મળશે. જ્યારે બંને હારેલી સેમિફાઈનલ ટીમોને $1.12 મિલિયન મળશે. ગ્રુપ-સ્ટેજમાં દરેક મેચ જીતનારી ટીમોને $34,314 મળશે. પાંચમા અને છઠ્ઠા ક્રમે રહેનાર ટીમોને $700,000 મળશે, જ્યારે સાતમા અને આઠમા ક્રમે રહેનાર ટીમોને $280,000 મળશે. ટુર્નામેન્ટમાં ભાગ લેનાર દરેક ટીમને $250,000 મળશે. ઈનામની રકમની જાહેરાત કરતા, ICC ચેરમેન જય શાહે કહ્યું કે આ જાહેરાત મહિલા ક્રિકેટની સફરમાં એક મોટો સીમાચિહ્નરૂપ છે. ઈનામની રકમમાં આ ચાર ગણો વધારો મહિલા ક્રિકેટ માટે એક ઐતિહાસિક ક્ષણ છે અને તેના લોંગ ટર્મ ગ્રોથ માટે અમારી સ્પષ્ટ પ્રતિબદ્ધતાને દર્શાવે છે. અમારો સંદેશ સરળ છે, મહિલા ક્રિકેટરોને ખબર હોવી જોઈએ કે જો તેઓ આ રમતને વ્યાવસાયિક રીતે આગળ વધારવાનું પસંદ કરે છે તો તેમની સાથે પુરુષોની જેમ સમાન વ્યવહાર કરવામાં આવશે.

મહિલા ODI વર્લ્ડ કપ ૩૦ સપ્ટેમ્બરથી ભારત અને શ્રીલંકામાં શરૂ થવા જઈ રહ્યો છે. ICC મહિલા વર્લ્ડ કપ ૨૦૨૫માં, ટીમ ઈન્ડિયા ૩૦ સપ્ટેમ્બરે શ્રીલંકા સામે પોતાનો પહેલો મુકાબલો રમશે. આ પછી, તેમનો સામનો પાકિસ્તાન સાથે થશે, આ મેચ ૫ ઓક્ટોબરે રમાશે. ત્યારબાદ ટીમ ઈન્ડિયા ૯ ઓક્ટોબરે દક્ષિણ આફ્રિકા, ૧૨ ઓક્ટોબરે ઓસ્ટ્રેલિયા, ૧૯ ઓક્ટોબરે ઈંગ્લેન્ડ, ૨૩ ઓક્ટોબરે ન્યુઝીલેન્ડ અને ૨૬ ઓક્ટોબરે બાંગ્લાદેશનો સામનો કરશે. આ મેચ હાઈબ્રિડ મોડેલ પર રમાશે. પાકિસ્તાન તેની બધી મેચ કોલંબોમાં તટસ્થ સ્થળ પર રમશે. જ્યારે ભારતમાં ટુર્નામેન્ટની મેચો બેંગલુરુ, ઈન્દોર, ગુવાહાટી અને વિશાખાપટ્ટનમમાં રમાશે.

## રોહિત શર્માએ બ્રોન્કો ટેસ્ટ અને યોયો ટેસ્ટ પાસ કર્યો

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨ ।

ભારતના મહાન બેટ્સમેન અને ODI કેપ્ટન હિટમેન રોહિત શર્માએ બ્રોન્કો ટેસ્ટ કરાવ્યો હતો, જેનું પરિણામ આવ્યું છે. રોહિત શર્મા ઉપરાંત શુભમન ગિલ, જસપ્રીત બુમરાહ, મોહમ્મદ સિરાજ, વોશિંગ્ટન સુંદર, શાર્દુલ ઠાકુર અને યશસ્વી જયસ્વાલ જેવા ટોચના ક્રિકેટરોએ પણ આ ટેસ્ટ આપ્યો હતો. હવે સ્પષ્ટ થઈ ગયું છે કે કયા ક્રિકેટરે આ ટેસ્ટ પાસ કર્યો છે. તમને જણાવી દઈએ કે BCCIએ ટીમ ઈન્ડિયાના ખેલાડીઓના ફિટનેસ સ્તરને વધારવા માટે બ્રોન્કો ટેસ્ટ ફરજિયાત બનાવ્યો છે. અહેવાલો અનુસાર, ૩૮ વર્ષીય રોહિત શર્માએ BCCIના સેન્ટર ઓફ એક્સેલન્સ ખાતે આયોજિત ફિટનેસ કેમ્પ દરમિયાન બ્રોન્કો ટેસ્ટ અને યો-યો ટેસ્ટ પાસ કર્યો છે. રોહિત શર્માના સ્ટેમિનામાં ઘણો સુધારો થયો છે, જેનાથી કોચિંગ સ્ટાફ સંતુષ્ટ થયો છે. રોહિત શર્મા ઉપરાંત શુભમન ગિલ, જસપ્રીત બુમરાહ પણ આ ટેસ્ટમાં પાસ થયા છે. આ ઉપરાંત મોહમ્મદ સિરાજ, વોશિંગ્ટન સુંદર, શાર્દુલ ઠાકુર અને યશસ્વી જયસ્વાલ પણ આ ટેસ્ટમાં પાસ થયા છે. અહેવાલો અનુસાર, પ્રસિદ્ધિ કૃષ્ણાએ બ્રોન્કો ટેસ્ટ દરમિયાન બધાને પ્રભાવિત કર્યા. બ્રોન્કો ટેસ્ટ તેની તીવ્રતા અને ખેલાડીની સહનશક્તિ, સ્ટેમિના અને રિકવરીને પડકારવાની ક્ષમતા માટે જાણીતો છે. ક્રિકેટ જગતમાં બ્રોન્કો ટેસ્ટ નવો હોવા છતાં તેનો ઉપયોગ લાંબા સમયથી રગ્બીમાં



ફિટનેસના ધોરણ તરીકે કરવામાં આવે છે. આજના યુગમાં ક્રિકેટ શેડ્યૂલ ખેલાડીઓને ખૂબ જ વ્યસ્ત રાખે છે, જેના માટે ક્રિકેટરોને હાઈ ફિટનેસ સ્તરની જરૂર હોય છે. આને ધ્યાનમાં રાખીને બ્રોન્કો ટેસ્ટ તૈયાર કરવામાં આવ્યો હતો. બ્રોન્કો ટેસ્ટનું સેટઅપ એટલું જ સરળ છે જેટલું તે શારીરિક રીતે પડકારજનક છે. આ ટેસ્ટમાં, ૦ મીટર, ૨૦ મીટર, ૪૦ મીટર અને ૬૦ મીટરના અંતરાલમાં ચાર કોન મૂકવામાં આવે છે. આ શટલ પેટર્નમાં દરેક સેટમાં કુલ ૨૪૦ મીટર દોડનો સમાવેશ થાય છે. ખેલાડીઓએ આના પાંચ સેટ પૂર્ણ કરવાના હોય છે. આ દોડ કુલ ૧,૨૦૦ મીટરની છે, તેમાં કોઈપણ પ્રકારનો આરામ અંતરાલ નથી. ખેલાડીનું ટાર્ગેટ તેને શક્ય તેટલી વહેલી તકે પૂર્ણ કરવાનું છે. આ ટેસ્ટ દરમિયાન ખેલાડીના કુલ સમયના આધારે રમતવીરના એરોબિક પ્રદર્શનનું પરીક્ષણ કરવામાં આવે છે. બ્રોન્કો ટેસ્ટ એ ખેલાડીઓ માટે માત્ર શારીરિક કવાયત નથી, પરંતુ તે એક માપદંડ પણ છે કે ખેલાડી સતત ઉચ્ચ-તીવ્રતાના પ્રયત્નોનો કેટલો સમય સામનો કરી શકે છે, ખાસ કરીને જ્યારે તેમાં વારંવાર દિશા બદલાતી રહે છે.

## તંત્રી લેખ...

# SCO સમિટમાંથી ટ્રમ્પને જિનપિંગનો કડક મેસેજ

ચીનના તિયાનજિન શહેરમાં આયોજિત જીર્ઝ શિખર સંમેલનમાં વિશ્વના અનેક નેતાઓનો જમાવડો થયો છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી, રશિયાના પ્રમુખ પુતિન, ચીનના પ્રમુખ શી જિનપિંગ એક જ મંચ પર જોવા મળતાં અમેરિકાના પેટમાં તેલ રેડાયું છે. આ SCO મંચ પરથી ચીનના પ્રમુખે ડોનાલ્ડ ટ્રમ્પને આકરો સંદેશ આપ્યો છે. શી જિનપિંગે સ્પષ્ટતા કરી છે કે, હવે કોલ્ડ વૉર કે કોઈપણ પ્રકારની ધમકી સહન કરીશુ નહીં. જીર્ઝના તમામ સભ્યો સંયુક્ત હિતો પર કામ કરવા અપીલ છે. શાંઘાઈ સહયોગ સંગઠનના તમામ સભ્યોએ આ સંગઠનના વિકાસમાં મહત્ત્વની ભૂમિકા ભજવી છે. આજે તેની ગણતરી વિશ્વના ટોચના સંગઠનોમાં થાય છે. અમે કોલ્ડવૉરની માનસિકતાનો વિરોધ કરીશું. અથડામણ અને ધમકીઓનું અહીં કોઈ સ્થાન નથી. અમેરિકાના ટેરિફ નીતિના કારણે વૈશ્વિક પરિસ્થિતિ અસ્થિર અને અશાંત બની છે. એસસીઓ દેશોએ અમેરિકાની આ ગુંડાગીરી સહન કરવી જોઈએ નહીં. બાહ્ય હસ્તક્ષેપનો વિરોધ કરવો જોઈએ અને તમામ દેશોના કાયદેસર વિકાસ માટેના અધિકારોનું રક્ષણ કરવું જોઈએ. તેમણે યુનાઈટેડ નેશન્સની ભૂમિકાનું રક્ષણ તેમજ વૈશ્વિક વેપાર પ્રણાલીની અખંડિતતા જાળવવાની જરૂરિયાત પર પણ ભાર મૂક્યો હતો. ચીનના પ્રમુખે અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પની ટેરિફ નીતિને વખોડી હતી. તેમણે ટ્રમ્પના ટેરિફને ગેરકાયદે ઠેરવ્યો છે. ટ્રમ્પે રશિયા પાસેથી ક્રૂડ ખરીદવા બદલ ભારત પર પણ ૫૦ ટકા ટેરિફ લાદ્યો છે. શાંઘાઈ કો-ઓપરેશન ઓર્ગેનાઈઝેશન (SCO) સમિટની શરૂઆત કરતાં જ ચીનના પ્રમુખ શી જિનપિંગે આંતરરાષ્ટ્રીય વ્યવસ્થામાં અમેરિકાના ''ગુંડાગીરી''ના વલણની આકરી ટીકા કરી હતી. તેમણે જીર્ઝ દેશોને વધુ ન્યાયી, પારદર્શક અને બહુપક્ષીયતા સાથે આગળ વધવા હાકલ કરી હતી. ભારત સહિત અનેક દેશો પર ટ્રમ્પ દ્વારા તાજેતરમાં લાદવામાં આવેલા ટેરિફની ચીને ટીકા કરી છે.


## થરા માર્કેટ યાર્ડના ચેરમેન વાઈસ ચેરમેનની પસંદગીનું કોકડું તા.૮મી સપ્ટેમ્બરે ઉકેલાશે કે પછી ??

યશપાલસિંહ ટી વાઘેલા થરા,

બનાસકાંઠા જિલ્લામાં સહકારી ક્ષેત્રે ભારે ચહલપહલ ઉત્તેજના જોવા મળી રહી છે થરા માર્કેટ યાર્ડ ચુંટણીમાં ભાજપના બે જૂથોની લડાઈમાં ભાજપ મેન્ડેડ પરિવર્તન પેનલનો ગત તારીખ ૦૧/૦૭/૨૦૨૫ના ૧૧/૩ થી ભવ્ય વિજય થયો પણ ચેરમેન વાઈસ ચેરમેનની ચૂંટણીનું કોકડું સતત ગૂંચવાયું જેની પાછળ અનેક તર્ક વિતર્કો વચ્ચે જ્યારે બનાસ ડેરીની ચૂંટણીનું જાહેર નામું પ્રસિદ્ધ થતાં જિલ્લામાં સહકારી રાજકીય ઉથલપાથલનું ગણિત મંડાઈ રહયું હતું.ત્યાં તા.૩૧/૦૭/૨૦૨૫,તા.૨૧/૦૮/૨૦૨૫ના થરા માર્કેટ યાર્ડ ચેરમેન વાઈસ ચેરમેન પદનો પ્રશ્ર્ન ઉકેલાશે તેવી ધારણામાં નવી તારીખ.૨૦/૦૯/૨૦૨૫ આવતાં વળી બધું ડામાડોળ થયું. છેલ્લા દોઢ બે વર્ષથી સહકારી રાજકીય ક્ષેત્રે સતત ચર્ચાના ચગડોળે રહેલ કાંકરેજ તાલુકાના અગ્રણી વેપારી મથક થરા માર્કેટ યાર્ડનો કબજો કરવામાં છેલ્લા ત્રેવીસેક વર્ષથી આરુઢ પૂર્વ. ચેરમેન અણદાભાઈ રામાભાઈ પટેલની પેનલના વેપારી-ખેડૂત પ્રતિનિધિઓને ગત તારીખ ૦૧/૦૭/૨૦૨૫ના ૧૧/૩ થી હરાવી ભાજપની પરિવર્તન પેનલના વેપારી-ખેડૂત પ્રતિનિધિ ઓએ જંગી બહુમતીથી વિજય મેળવ્યા બાદ ચેરમેન વાઈસ ચેરમેન કોણ ?? આ બાબતે સતત ચર્ચા થતી રહી છે.અત્યારે થરા માર્કેટયાર્ડનો વહીવટ જિલ્લા રજીસ્ટાર,પાલનપુર હોદ્દાની રૂએ વહીવટદારની જવાબદારી નિભાવી રહયા હતા પણ તેમને પ્રમોશન મળતાં હાલમાં જિલ્લા રજીસ્ટાર પાટણ વહીવટદાર ચુંટણી અધિકારી થરા માર્કેટ યાર્ડ તરીકે કાર્યરત છે. થરા માર્કેટયાર્ડના ચેરમેન તરીકે ખેડુત મત વિભાગના ઈશ્વરભાઈ અણદાભાઈ પટેલ તથા વાઈસ ચેરમેન તરીકે કિરીટભાઈ અમૃત લાલઅખાણીનું નામ ચૂંટણી પહેલાંથી જ સહકારી ક્ષેત્ર અને તાલુકામાં ચર્ચાના ચગડોળે રહયું છે. હવે ચુંટણી પરિણામ જાહેર થયા બાદ બે મહિનાથીવધુ લાંબો સમય પસાર થયો છતાં કંઈ ચહલપહલ જોવા નહીં મળતાં લોકોનું ધ્યાન આવનાર ત૨૦/૦૯/૨૦૨૫ પર મંડાયેલ હતું ત્યાં જિલ્લા રજીસ્ટાર પાટણ કમ ચુંટણી અધિકારી થરા માર્કેટ યાર્ડએ તા.૩૦/૦૮/૨૦૨૫ના થરા માર્કેટયાર્ડના ચેરમેન- વાઈસ ચેરમેનની નિયુક્તિ અંગે એજન્ડા નોટિસ જાહેર કરી થરા માર્કેટ યાર્ડના પ્રથમ ટર્મના સભાપતિ (ચેરમેન) ઉપસભાપતિ (વાઈસ ચેરમેન)ની ચુંટણી આગામી તા.૦૮/૦૯/૨૦૨૫ના રોજ થરા માર્કેટ યાર્ડ ખાતે સવારે ૧૧-૦૦ કલાકે થશે તેવી એજન્ડા નોટિસ થરા માર્કેટ યાર્ડના તમામ સભ્યોને આપવામાં આવી છે.ચુંટણી પરિણામ બાદ ચેરમેનપદની રેસમાં ઈશ્વરભાઈ અણદાભાઈ પટેલ,બાબુભાઈ માલાભાઈ ચૌધરી ઉપરાંત લક્ષ્મણભાઈ નાનજીભાઈ પટેલનું નામ ચર્ચાના ચગડોળે ચડ્યું છે.હાલ ભાજપ અને સહકારક્ષેત્રમાં સન્નાટો જોવા મળી રહ્યો છે.આ સન્નાટામાં બનાસ ડેરીની ચૂંટણી અને ભાદરવી પૂનમનો મેળા વચ્ચે થરા માર્કેટ યાર્ડના ચેરમેન વાઈસ ચેરમેનની ચૂંટણી તા.૦૮/૦૯/૨૦૨૫ના રોજ જાહેર થતાં જ ભાદરવી પૂનમના મેળાના જિલ્લાના રાજકીય કેમ્પોમાં પણ અસર જોવા મળી હતી.ત્યારે હવે આઠમી સપ્ટેમ્બરે પ્રથમ ટર્મ માટે ચેરમેન પટેલ ચૌધરી અને વાઈસ ચેરમેનમાં ઠક્કર દેસાઈ ?? રાજકીય સહકારી ક્ષેત્રે ભારે ચહલપહલ વધી ગઈ છે.આ કોકડું આઠમી સપ્ટેમ્બરે ઉકેલાશે કે વધુ ગુંચવાશે એ તો સમય જ બતાવશે બાકી હાલમાં તો ભાજપમાં જ ભારે કસમકસ જોવા મળે છે ચુંટણી પરિણામ બાદ ચેરમેનપદની રેસમાં ઈશ્વરભાઈ અણદાભાઈ પટેલ,બાબુભાઈ માલાભાઈ ચૌધરી ઉપરાંત લક્ષ્મણભાઈ નાનજીભાઈ પટેલનું નામ ચર્ચાના ચગડોળે ચડ્યું છે.હાલ ભાજપ અને સહકારક્ષેત્રમાં સન્નાટો જોવા મળી રહ્યો છે.આ સન્નાટામાં બનાસ ડેરીની ચૂંટણી અને ભાદરવી પૂનમનો મેળા વચ્ચે થરા માર્કેટ યાર્ડના ચેરમેન વાઈસ ચેરમેનની ચૂંટણી તા.૦૮/૦૯/૨૦૨૫ના રોજ જાહેર થતાં જ ભાદરવી પૂનમના મેળાના જિલ્લાના રાજકીય કેમ્પોમાં પણ અસર જોવા મળી હતી.ત્યારે હવે આઠમી સપ્ટેમ્બરે પ્રથમ ટર્મ માટે ચેરમેન પટેલ ચૌધરી અને વાઈસ ચેરમેનમાં ઠક્કર દેસાઈ ?? રાજકીય સહકારી ક્ષેત્રે ભારે ચહલપહલ વધી ગઈ છે.આ કોકડું આઠમી સપ્ટેમ્બરે ઉકેલાશે કે વધુ ગુંચવાશે એ તો સમય જ બતાવશે બાકી હાલમાં તો ભાજપમાં જ ભારે કસમકસ જોવા મળે છે.

**"હે ચંદ્ર ! હવે તું મારા શ્રાપથી ત્રિલોકમાં કોઈને દર્શન કરવા યોગ્ય નહીં રહે. જો કોઈ કદાચ તને જોશે તો એ મહાપાપી થશે."**

# ચંદ્રદેવને ગણેશજી એ ક્રોધિત થઈને તેજહિન થવાનો શ્રાપ શું કામ આપ્યો હતો?



સદગુરુ વચનામૃત
સંકલન ફાલ્ગુની વસાવડા (ભાવનગર)

**ભગવાન ગજાનનની અનુકંપાથી સર્વે દેવો કૃતકૃત્ય થયા અને એમણે સાષ્ટાંગ પ્રણામ કરી પુષ્પ વૃષ્ટિ કરી. એ પછી સૌએ ચંદ્રને એના અપરાધ માટે દોષ આપ્યો અને ગણપતિને પ્રસન્ન કરવા ચંદ્રને તપ કરવાનું અને એકાક્ષર મંત્રનો જાપ કરવાનું દેવોએ કહ્યું. ત્યારપછી ચંદ્ર ગંગાના દક્ષિણતટ પર એકાગ્રચિત્તથી અને શુદ્ધ અંતઃકરણથી ભગવાન ગણેશના એકાક્ષર મંત્રનો જાપ કરે છે.**

ગણેશોત્સવ એનાં અંતિમ તબક્કામાં છે અને કેટલાંય એ તો વિસર્જન પણ કરી લીધું હશે! વિસર્જનમાં વિવેક રાખ્યો હોય તો સારું!ભગવાન ગણેશનાં શુદ્ધ સ્વરૂપ તરીકે આપણે વિવેકને સ્વીકારીએ છીએ. આ ઉપરાંત એ ગણપતિ એકદંતાય, વિનાયક, વિઘ્ન હર્તા, વક્રતુંડ, લંબોદર, ગજાનન, જેવા નામથી ઓળખાય છે. ભારતભરમાં એનાં ઘણાં પ્રસિદ્ધ મંદિર છે, અને હવે તો દરેક શેરી મહોલ્લામાં ગણપતિની સ્થાપના કરવામાં આવે છે, પણ મહારાષ્ટ્રમાં ગણેશ ઉત્સવ બહુ મોટાં પાયે થાય છે. પૂણેમાં અષ્ટ વિનાયક ના આઠ મંદિર પણ છે, અને જેના દર્શનને ચારધામ જેટલું મહત્વ આપવામાં આવ્યું છે. ગણેશજી ને બે પત્ની રિદ્ધિ સિદ્ધિ છે! અને આથી લોકો રિદ્ધિ સિદ્ધિ માટે પણ ગણેશજીનું પૂજન અર્ચન કરે છે.

★★ સંકટનાશન સ્તુતિ★★

દ્વાદશૈતાનિ નામાનિ ત્રિસંધ્યં યઃ પઠેન્નરઃ
ન ચ વિઘ્નભયં તસ્ય સર્વસિદ્ધિકરઃ પ્રભુઃ ૫

જે માણસ આ બાર નામોનો પ્રાતઃકાળે, મધ્યાહનકાળે અને સાયંકાળે જપ કરે છે તેને વિઘ્નનો ભય રહેતો નથી અને દરેક કાર્યમાં તેને સિદ્ધિ મળે છે.

વિદ્યાર્થી લભતે વિદ્યાં ધનાર્થી લભતે ધનમ્
પુત્રાર્થી લભતે પુત્રાન્મોક્ષાર્થી લભતે ગતિમ્ ૬

વિદ્યાર્થી પાઠ કરે તો વિદ્યાને મેળવે, ધનની ઈચ્છાવાળો પાઠ કરે તો ધનને મેળવે, પુત્રની ઈચ્છાવાળો પાઠ કરે તો પુત્ર-સંતાન મેળવે, અંતે મોક્ષની ઈચ્છાવાળો પાઠ કરે તો ગતિ મોક્ષને મેળવે છે.

જપેદ્ગણપતિસ્તોત્રં ષડ્ભિર્માસૈઃ ફલં લભેત્
સંવત્સરેણ સિદ્ધિં ચ લભતે નાત્ર સંશયઃ ૭

જે માણસ આ ગણપતિ સ્તોત્રનો પાઠ કરે છે, તેને આ સ્તોત્રનો પ્રારંભ પછી છઠ્ઠે માસે ફળ મળે છે, અને એક વર્ષે સંપૂર્ણ સિદ્ધિને એ માણસ મેળવે છે એમાં સંશય નથી. પરંતુ આ પાઠની શરૂઆત કર્યા પછી એક પણ દિવસ વચમાં ગાળો પડે નહિ એનું ખાસ ધ્યાન રાખવું.

અષ્ટેભ્યો બ્રાહ્મણેભ્યશ્ચ લિખિત્વા યઃ સમર્પયેત્
તસ્ય વિદ્યા ભવેત્સર્વા ગણેશસ્ય પ્રસાદતઃ ૮

જે માણસ આઠ બ્રાહ્મણને આ સ્તોત્ર લખીને આપે છે, એને ગણેશની કૃપાથી સર્વ વિદ્યા પ્રાપ્ત થાય છે.

ઈતિ શ્રીનારદપુરાણે સંકટનાશનં ગણેશસ્તોત્રં સંપૂર્ણમ્

ભાદરવા સુદ ચોથના દિવસે ગણેશ સ્થાપનાનું મહત્વ છે, એ જ રીતે ચંદ્ર દર્શનની મનાઈ છે. પણ દરેક વદ ચોથનું પાછું સંકટ ચોથના નામે ખૂબ મહત્વ છે, તેમજ સુદ બીજે ચંદ્ર દર્શનનું ખૂબ મહત્વ છે! આવું શું કામ? એક પૌરાણિક કથા અનુસાર પરમપિતા બ્રહ્મા સ્વયં મહર્ષિ વેદ વ્યાસ આગળ શ્રીગણેશની મહત્તાનું વર્ણન કરતી એક કથા કહે છે. બ્રહ્મા કહે છે કે એક દિવસ હું ભગવાન શંકરના દર્શન કરવાં કૈલાસ પર્વત પર ગયો હતો. એ જ વખતે નારદજી પણ ત્યાં આવ્યાં હતાં. નારદે એક અપૂર્વ ફળ ભગવાન શંકરને અર્પણ કર્યું. શંકરની નજીકમાં જ કાર્તિકેય અને ગજાનન બંને બેઠાં હતાં. એ ફળ જોઈ બંને જણાં ઝઘડવા માંડ્યા. ભગવાન શંકર પણ વિચારમાં પડી ગયાં કે આ ફળ કોને આપવું ?'' તેમણે મને પૂછ્યું કે, ''આ ફળ કોને આપવું ?'' એ વખતે મારી બાજુમાં કાર્તિકેય બેઠાં હતાં, તેમને આપવાનું મેં ભગવાન શંકરને કહ્યું.'' ભગવાન શંકરે મારાં કહેવાથી ફળ કાર્તિકેયને આપ્યું,એટલે ગણપતિ મારાં ઉપર ગુસ્સે થઈ ગયાં. પછી હું બ્રહ્મલોકમાં આવ્યો અને મારા નિત્યક્રમ મુજબ સૃષ્ટિની રચના કરવામાં વ્યસ્ત બન્યો. એ જ વખતે ગણપતિએ ઉગ્ર સ્વરુપ ધારણ કરી મને ડરાવ્યો. મને ડરેલો જોઈ ચંદ્ર ઘણાં જ આનંદમાં આવી ગયા. ગણપતિનું અતિવિશાળ અને ઉગ્ર રૂપ જોઈ ચંદ્રએ ભગવાન ગણેશની મશ્કરી કરીને અટ્ટહાસ્ય કર્યું. આ જોઈ ગણપતિજી અતિ ક્રોધિત થઈને ચંદ્રને શ્રાપ આપતાં કહ્યું કે, ''જે અજાણતા પણ તારું દર્શન કરશે તે મહાપાપી થશે.'' ચંદ્રદેવના અપરાધ પર ક્રોધિત થઈ ગણેશજીએ તેને ભયંકર શ્રાપ દીધો કે.

આદર્શનિય સ્ત્રઈલોક્યા મદવાક્યાત્વં ભવિષ્યસિ
કદાચિત્કેન દ્રષ્ટઃ સ મહાપાતકવાન્ ભવેત

''હે ચંદ્ર ! હવે તું મારા શ્રાપથી ત્રિલોકમાં કોઈને દર્શન કરવા યોગ્ય નહીં રહે. જો કોઈ કદાચ તને જોશે તો એ મહાપાપી થશે.''

એમ કહીને ગણપતિજી ત્યાંથી અદ્રશ્ય થઈ ગયા. ચંદ્ર શ્રીહિન અને મલિન થઈ ગયો અને અત્યંત દુઃખી થઈ મનમાં કહેવા લાગ્યો '' મેં સર્વેશ્વર ભગવાન ગજાનન પ્રત્યે દુરાચરણ કર્યું છે, એટલે જ હું બધા લોકો માટે અદર્શનીય, વર્ણહિન અને મલિન થઈ ગયો છું. હવે હું ફરીથી ક્યારે મારી કળાઓને ધારણ કરીશ ? ક્યારે હું સુંદર અને સુખદ થઈશ ?

ચંદ્રનાં શોકથી અને મલિનતાથી દેવો પણ દુઃખી થયાં અને ઈન્દ્રાદિ દેવોએ ભગવાન ગણેશ પાસે પહોંચીને એમની ભક્તિ પૂર્વક સ્તુતિ કરી. ભગવાન ગણેશ એમની સ્તુતિથી પ્રસન્ન થયાં અને એમને વરદાન માંગવાનું કહ્યું. દેવતાઓએ કહ્યું, ''આપ ચંદ્રમા પર અનુગ્રહ કરો. એ જ અમારી પ્રાર્થના છે. દેવતાઓએ વારંવાર સ્તુતિ કરી તેથી ભગવાન ગણેશે કહ્યું, હે દેવો ! હું મારું વચન કેમ કરીને મિથ્યા કરું ? પરંતુ શરણે આવેલાનો ત્યાગ પણ સંભવ નથી ! સુમેરુ પોતાના સ્થાનથી ચલિત થાય, સૂર્યનું પતન થાય, અગ્નિ શીતળ થઈ જાય, અને સાગર પોતાની મર્યાદા છોડી દે પણ મારું વચન મિથ્યા થશે નહીં. હવે હું છેલ્લો અનુગ્રહ કરું છું.

ભાદ્રશુક્લચતુર્થયામ યો જ્ઞાનતોઽજ્ઞાનતોઽપિ,
અભીશાપિ ભવેચ્ચંદ્રદર્શનાદ્ ભૃશદુઃખભાક્ કેગ.

જે મનુષ્ય જાણતાં અથવા અજાણતાં ભાદરવાની ચતુર્થીએ ચન્દ્રનું દર્શન કરશે તે અભિશાપ પામશે એટલે કે કલંકિત થશે અને તે વ્યક્તિને અધિક દુઃખ ભોગવવું પડશે. આમ શ્રીગણેશે ચંદ્રદેવના શ્રાપને હળવો કરી એક દિવસ પૂરતો સિમીત કરી દીધો. ભગવાન ગજાનનની અનુકંપાથી સર્વે દેવો કૃતકૃત્ય થયા અને એમણે સાષ્ટાંગ પ્રણામ કરી પુષ્પ વૃષ્ટિ કરી. એ પછી સૌએ ચંદ્રને એના અપરાધ માટે દોષ આપ્યો અને ગણપતિને પ્રસન્ન કરવા ચંદ્રને તપ કરવાનું અને એકાક્ષર મંત્રનો જાપ કરવાનું દેવોએ કહ્યું. ત્યારપછી ચંદ્ર ગંગાના દક્ષિણતટ પર એકાગ્રચિત્તથી અને શુદ્ધ અંતઃકરણથી ભગવાન ગણેશના એકાક્ષર મંત્રનો જાપ કરે છે. એની ઉગ્ર તપશ્ચર્યાથી ભગવાન ગણેશ પ્રસન્ન થયા અને કહ્યું, ''હે ચંદ્ર ! તને તારું પૂર્વનું સુંદર રૂપ પ્રાપ્ત થશે, પરંતુ ભાદ્રપદ શુક્લ ચતુર્થીએ જે તને જોશે એ વ્યક્તિ તો નિશ્ચિત રીતે અભિશાપ પામશે. એટલે એ દિવસે તો તું અદર્શનિય રહીશ. પરંતુ કૃષ્ણ પક્ષની ચતુર્થીએ જ્યારે લોકો મારું વ્રત કરશે ત્યારે પહેલાં તારું દર્શન દરેકે કરવું જ પડશે. એમાં તારો ઉદય થયા પછી તારી અને મારી સૌએ પૂજા કરવી જ પડશે. અન્યથા વ્રતનું ફળ મળશે નહીં. તારી એક કળા પણ મારા લલાટમાં સ્થિર થશે. વરદાન મળવાથી ચંદ્રની મલિનતા નષ્ટ થઈ ગઈ, અને એ પૂર્વવત્ સુંદર, શ્રીયુક્ત અને વંદન કરવા યોગ્ય બની ગયો. ચંદ્રે કૃતકૃત્ય થઈ ભગવાન ગજાનનની મૂર્તિની સ્થપના કરી. એ મૂર્તિના મસ્તક પર ચંદ્રકલા હોવાથી એનું નામ 'ભાલચંદ્ર' એવું રાખવામાં આવ્યું અને એ સ્થળને 'સિદ્ધક્ષેત્ર' એવું નામ આપવામાં આવ્યું. આમ ચંદ્રનો ભગવાન ગણેશે ઉદ્ધાર કર્યો. આમ કઠોર થી કોમળ બંને ભાવ ધરાવતાં ભગવાન ગણેશ આપણી કોઈ કલાને પોતાના ભાલમાં સ્થાન આપે એવી એક અનન્ય પ્રાર્થના ઈશ્વર ચરણે રાખી હું મારા શબ્દોને આજે અહીં જ વિરામ આપું છું ફરી મળીશું નવા ચિંતન મનન સાથે તો સૌને મારા આજના દિવસના સ્નેહ વંદન અને જય સીયારામ.

**આ પ્રમાણેના માંડવ્યઋષિના શ્રાપથી યમરાજા વિદુર તરીકે દાસીને ઘરે જન્મ્યા**

# જીવન એવું સાદું પવિત્ર ગાળો કે કામને મન-બુદ્ધિમાં પ્રવેશ કરવાનો અવસર જ ન મળે



વિશેષ
યશપાલસિંહ ટી. વાઘેલા (દરબાર ગઢ, થરા)

**મનુષ્યના હૈયામાં અંધારું છે ત્યાં પ્રકાશ કરવાનો છે.ગોપીઓ યશોદાજીને ફરિયાદ કરે છે,કનૈયો અમારું માખણ ખાઈ જાય છે. યશોદા કહે,તમે અંધારામાંમાખણ રાખો તો કનૈયો દેખે નહીં. ગોપીઓ કહે, અમે અંધારામાં માખણ રાખ્યું હતું, પણ કનૈયો આવે તો અજવાળું થાય છે. ઈશ્વર પરપ્રકાશ નથી,તે સ્વયં પ્રકાશ છે. પરમાત્માને દીવાની જરૂર નથી.દીવાની જરૂર મનુષ્યને છે.**

બોલ માડી અંબે જય જય અંબે જય ભવાની જય અંબેના જયઘોષથી વાતાવરણ એકદમ ભક્તિ શક્તિમય બન્યું છે.માં શક્તિ ભવાની અંબે માતને નવલાં નોરતાંની રમઝટ બોલાવવા પોતાને ત્યાં પધારવાનું આમંત્રણ આપવા માટે ભાવિક ભક્તો પદયાત્રીરૂપે માત અંબેના ધામ અંબાજી તરફ જઈ રહ્યા છે ત્યારે આજે આપણે ભગવદ્ ગીતા જ્ઞાનમાં આગળ જોઈએ તો ઠાકોરજીને ઉત્તમમાં ઉત્તમ વસ્તુ અર્પણ કરવી જોઈએ.એનું નામ ભક્તિ.ભગવાનને પુણ્ય અર્પણ કરવાં જોઈએ.માંડવ્યઋષિએ યમરાજાને કહ્યું, શાસ્ત્રમાં એવી આજ્ઞા છે કે, કોઈ મનુષ્ય અજ્ઞાના વસ્થામાં કાંઈ પાપ કરે તો તેની સજા તેને સ્વપ્નમાં કરવામાં આવે છે. હું બાળક હતો ત્યારે અજ્ઞાન હતોએટલે તે વખતે કરેલાં કૃત્યની સજા તમારે મને સ્વપ્નાવસ્થામાં જ કરવી જોઈતી હતી. માટે તમે મને ગેરવ્યાજબીપણે સજા કરી છે, તેથી હું તમને શ્રાપ આપું છું કે,જા,શૂદ્રયોનિમાં તમારો જન્મ થશે. આ પ્રમાણેના માંડવ્યઋષિના શ્રાપથી યમરાજા વિદુર તરીકે દાસીને ઘરે જન્મ્યા.

દેવની ભૂલ થાય તો તે મનુષ્ય બને અને મનુષ્યની ભૂલ થાય,મનુષ્ય પાપ કરે તો ચાર પગવાળો બને છે,પશુ બને છે.

વિદુરજી કહે છે કે,એકવાર મારી ભૂલ થઈ તો દેવનો મનુષ્ય બન્યો. હવે હું અસાવધ રહીશ તો પશુ બનીશ.

તે પછી વિદુરજી મૈત્રેયજીને કેટલાંક પ્રશ્નો પૂછે છેઃ ભગવાન અકર્તા હોવા છતાં કલ્પનાના આરંભમાં આ સૃષ્ટિની રચના તેમણે કેવી રીતે કરી? સંસારમાં સર્વલોક સુખ માટે પ્રયત્ન કરે છે. પણ ન તો એને સુખ મળે છે કે ન તો એનું દુઃખ દૂર થાય છે. આનો જવાબ મળે એવી કથા કહો તેમજ ભગવાનની લીલાઓનું વર્ણન કરો.

મૈત્રેયજીએ કહ્યું,સૃષ્ટિની ઉત્પત્તિ ની કથા ભાગવતમાં વારંવારઆવે છે.તત્ત્વ દૃષ્ટિથી જગત ખોટું છે. તેથી તેનો વિચાર સાધુઓએ બહુ કર્યો નથીપણ આ સૃષ્ટિના બનાવ નારનો વારંવાર વિચાર કર્યો છે.

પરમાત્માને માયાનો સ્પર્શ થયો એટલે સંકલ્પ થયો,હું એકનો અનેક થાઉં,પુરુષમાંથી પ્રકૃતિ, પ્રકૃતિમાંથી મહત્તત્ત્વ,મહત્તત્ત્વમાં થી અહંકાર. અહંકારના ચારપ્રકાર છે.પંચતન્માત્રાથી પાંચ મહાભૂતો ની ઉત્પત્તિ થઈ પણ એ તત્ત્વો ક્રિયા કરી શકતાં નથી એટલે ઈશ્વરે એક-એક વસ્તુમાં પ્રવેશ કર્યો.ઉપનિષદ્માં કહ્યું છે, એક- એક વસ્તુમાં પ્રભુએ પ્રવેશ કર્યો છેએટલે જગત પરમાત્માનું મંગલ મય સ્વરૂપ છે.ભગવાનની નાભિ માંથી કમળ ઉત્પન્ન થયું. તેમાંથી બ્રહ્મા પ્રગટ્યા બ્રહ્માજીએ કમળનું મુખ શોધવા પ્રયત્ન કર્યો.ત્યાં ચતુર્ભુજ નારાયણનાં દર્શન થયાં.

સંતતિ અને સંપત્તિએ ભાગવત કૃપાનું ફળ નથી, તે તો પ્રારબ્ધનું ફળ છે. ભગવાન જેના ઉપર કૃપા કરે છે તેનું મન શુદ્ધ થાય છે.મન શુદ્ધિ વગર ઈશ્વર દર્શન થતું નથી. ઈશ્વર દર્શન વિના જીવન સફળ થતું નથી.પછી બ્રહ્માજીએ સૃષ્ટિ નિર્માણ કરી. પ્રથમ સ્વયંભુ મનુ અને શતરૂપા રાણી થયાં.તે વખતે ધરતી રસાતળમાં ડૂબી ગઈ હતી. બ્રહ્માએ વિચાર્યુંકે પ્રજાનું નિર્માણ કરીશ, પણ પ્રજાને રાખીશ ક્યાં?ત્યાં નાસિકામાંથી વરાહ ભગવાન પ્રગટ થયા. વરાહ ભગવાન પૃથ્વી બહાર કાઢેછે.રસ્તામાં હિરણ્યાક્ષ મળ્યો,તેને માર્યો અને પૃથ્વીનું રાજ્ય મનુ મહારાજને અર્પણ કરી ભગવાન સ્વધામમાં પધાર્યા.

વિદુરજીએ કહ્યું,આપે બહુ સંક્ષેપ માં કથા સંભળાવી. હવે આ કથા નું રહસ્ય કહો.આ હિરણ્યાક્ષ કોણ હતો?ધરતી રસા તળમાં કેમ ડૂબી હતી?વરાહ નારાયણનું ચરિત્ર મને સંભળાવો.

મૈત્રેયજી વિદુરજી અને શુકદેવજી પરીક્ષિતને આ કથા સંભળાવે છે.

કશ્યપઋષિનાં ધર્મપત્ની દિતિ એક દિવસ સાયંકાળે શણગાર સજી કશ્યપ ઋષિ પાસે આવ્યાં. કશ્યપ કહે છે, દેવી,આ સાયં કાળનો સમય છે.મન સંયમમાં રાખો.શાસ્ત્રમાં કહ્યું છે કે, સૌભાગ્યવતી સ્ત્રીમાં લક્ષ્મીનો અંશ છે,સાયંકાળે લક્ષ્મીનારાયણ ઘરે આવે છે તે વખતે ઘર બંધ હશે તો લક્ષ્મી જી પણ જય શ્રીકૃષ્ણ કહીને ચાલ્યા જશે.સુધરેલા લોકો સાયં કાળે ઘરને તાળું મારીનીકળી પડે છે. ફરવા જવું હોય તો જજો પણ સૂર્ય અસ્તમાંઆવે ત્યારે ઘરે પાછા આવી જજો. સ્ત્રીઓએ સાંજ પડે ત્યારે ઘર બહાર ભટકવા જવું ન જોઈએ.સંધ્યા સમયે તુલસીની પૂજા કરો. તુલસી ક્યારે દીવો કરો;ભગવાનની આગળ ધૂપ-દીપ કરો.

મનુષ્યના હૈયામાં અંધારું છે ત્યાં પ્રકાશ કરવાનો છે.ગોપીઓ યશોદાજીને ફરિયાદ કરે છે,કનૈયો અમારું માખણ ખાઈ જાય છે. યશોદા કહે,તમે અંધારામાંમાખણ રાખો તો કનૈયો દેખે નહીં. ગોપીઓ કહે, અમે અંધારામાં માખણ રાખ્યું હતું, પણ કનૈયો આવે તો અજવાળું થાય છે. ઈશ્વર પરપ્રકાશ નથી,તે સ્વયં પ્રકાશ છે.પરમાત્માને દીવાની જરૂર નથી.દીવાની જરૂર મનુષ્યને છે.

સાયંકાળે સૂર્ય-ચંદ્રના તેજ દુર્બળ બને છે. સૂર્ય બુદ્ધિના માલિક અને ચંદ્ર મનના માલિક છે.મન બુદ્ધિના માલિક દુર્બળ હોય છે એટલે સાયંકાળે મન બુદ્ધિનાં બળ ઓછાં હોય છે, ત્યારે કામ મન બુદ્ધિમાં પ્રવેશ કરે છે.માટે સંધ્યા કાળે પ્રભુના નામનો જપ કરો.

કશ્યપઋષિ દિતિને સમજાવે છે. આ શરીર ભસ્મ જેવું છે,તેની ભસ્મ બનવાની છે,એટલે શિવજી ભસ્મ ધારણ કરે છે,જગતને વૈરાગ્યનો બોધ કરે છે.આ શરીર એક દિવસ સ્મશાનમાં જવાનું છે તે હંમેશ યાદ રાખો. ગૃહસ્થાશ્રમ વિલાસ માટે નથી, વૈરાગ્ય માટે છે.નિયમ અને કામ નો વિનાશ કરવો તે ગૃહસ્થાશ્રમ છે.કામ એવો દુષ્ટ છે કે,એકવાર હૃદયમાં પ્રવેશ કર્યા પછી તે નીકળતો નથી. કામ એક વખત અંદર પ્રવેશ કરી જાય પછી તમારું ડહાપણ ચાલશે નહીં. માટે જીવન એવું સાદું પવિત્ર ગાળો કે કામને મન-બુદ્ધિમાં પ્રવેશ કરવાનો અવસર જ ન મળે. એક વાર ઘુવડોની સભા ભરાઈ. સભાએ સર્વાનુમતે ઠરાવ કર્યો કે, સૂર્યનારાયણ છે જ નહીં કારણ તે અમને દેખાતા નથી. ઘુવડને સૂર્ય ન દેખાય એટલે શું સૂર્ય નથી? ધર્મને ન માનનાર,ઈશ્વરને ન માનનાર ઘુવડના મોટાભાઈ કહેવાય.

દિતિને કશ્યપે કહ્યું, તમારા પેટે બે રાક્ષસો જન્મશે.પતિ-પત્ની સંયમ ન રાખે તો તેને ત્યાં પાપી પ્રજા ઉત્પન્ન થાય છે.પવિત્ર દિવસ જેવા કે દરેક પક્ષની બીજ,પાંચમ આઠમ,એકાદશી, ચૌદસ,પૂર્ણિમા અને અમાવાસ્યા તેમજ પર્વના દિવસોએ બ્રહ્મચર્ય અવશ્ય પાળો લોકો કહે છે કે કાળ બગડયો છે એટલે પાપી પ્રજા ઉત્પન્ન થાય છે. કાળ થોડો બગડ્યો છે,પણ કાળજું વિશેષ બગડ્યું છે. મનુષ્ય જો કેવળ આ શરીરનો વિચાર કરે તો શરીરસુખ તરફ ધિક્કાર છૂટે અને વૈરાગ્ય આવે. આ શરીર કેવું છે?એમાં આડાંઅવળાં હાડકાં ગોઠવી દીધેલાં છે. તેના ઉપર માંસના લોચા અને ઉપર ચામડી મઢી દીધેલી છે.એટલે અંદરનો મસાલો દેખાતો નથી. રસ્તામાં હાડકાંનો ટુકડો પડયો હોય તો કોઈ તેને અડકતું નથી, પણ આ દેહમાં રહેલાં હાડકાં સાથેઆપણે પ્રેમ કરીએ છીએ. આના જેવી મૂર્ખતા બીજી કઈ હોઈ શકે?ભાગવતમાં તો એક જગ્યા એ કહ્યું છે,આ શરીરએ શિયાળ- કૂતરાનું ભોજન છે.અગ્નિસંસ્કાર ન થાય તો શિયાળ-કૂતરા તેને ખાય છે એવા શરીર ઉપરનો મોહ છોડો.

મારા પેટે રાક્ષસો અવતરશે તેમ જાણી દિતિ ગભરાઈ.પછી કશ્યપ કહે છે પરંતુ તેને મારવા નારાયણ ભગવાન આવશે અને તારા પુત્ર નો પુત્ર મહાન ભાગવત્ ભક્ત થશે,મહાન વૈષ્ણવ થશે,તે પ્રહલાદના નામથી પ્રખ્યાત થશે

એકલા ઠાકોરજીની સેવા-સ્મરણ કરે તે સાધારણ વૈષ્ણવ,પરંતુ જેના સંગથી બીજાને ઈશ્વર સેવા સ્મરણ કરવાની ઈચ્છા થાય એ મહાન વૈષ્ણવ.મહાપ્રભુ વલ્લભા ચાર્યજીને ભક્તોએ એકવાર પૂછ્યું કે,અમને વૈષ્ણવોનું લક્ષણ કહો.મહાપ્રભુજીએ કહ્યું કે, ઠાકોરજીની સેવા-સ્મરણ કરે તે વૈષ્ણવ.ભક્તોએ કહ્યું,તે તો અમે જાણીએ છીએ.અમને કાંઈક બીજું વિશેષ લક્ષણ કહો. મહાપ્રભુજીએ કહ્યું કે,જેના સંગમાં આવેલાને ઠાકોરજીની સેવામાં પ્રેમ થાય, જેના સંગમાં આવેલાને શ્રીકૃષ્ણભક્તિનો રંગ લાગે એ મહાન વૈષ્ણવ. પ્રહલાદ એવો મહાન વૈષ્ણવ છે.

વાચક ચાહક મિત્રો સૌને જય માતાજી સુપ્રભાત,ભાદરવી પૂનમનો પદયાત્રીકોનો મેળો ધીમે ધીમે જામતો જાય છે સેવાભાવી સંસ્થાઓ લોકો ઉત્સાહભેર તેમનો જુસ્સો વધારવા નિમિત્ત બની રહયા છે ત્યારે આપણે ભગવદ્ ગીતા જ્ઞાન સાથે હૃદય મનને આનંદ મળે તેવો કાગળ કલમ થકી પ્રયત્ન કરી રહયા છીએ તો આજે આપણે અહીં જ અટકીએ અસ્તુ .

### રામગોપાલ વર્માની હોરર ફિલ્મમાં થ્રિલર સાથે કોમેડીનું કોમ્બિનેશન

# 'પોલીસ સ્ટેશન મૈં ભૂત'માં મનોજ બાજપેયી સાથે જેનેલિયા જોડાઈ


### રામગોપાલ વર્મા અને મનોજ બાજપેયીએ અગાઉ ૧૯૯૮માં રિલીઝ થયેલી 'સત્યા' અને ત્યારબાદ 'કૌન' (૧૯૯૯)માં સાથે કામ કર્યુ હતું



ફીયર અને ફનની જમાવટના કારણે બોલિવૂડમાં હોરર કોમેડીની જોનર લોકપ્રિય થઈ રહી છે. જાણીતા ડાયરેક્ટર રામગોપાલ વર્માએ પણ હવે આ જોનરમાં ઝંપલાવ્યું છે. તેમણે આગામી હોરર કોમેડી ફિલ્મ 'પોલીસ સ્ટેશન મૈં ભૂત' જાહેર કરી છે. આ ફિલ્મમાં મનોજ બાજપેયી અને જેનેલિયા ડીસોઝાના લીડ રોલ છે, જેઓ પહેલી વાર સાથે કામ કરી રહ્યા છે. ફિલ્મમાં કામ કરવાની ઉત્સુકતા અંગે વાત કરતાં જેનિલિયાએ કહ્યુ હતું કે, પહેલી વખત એવી દુનિયામાં પગ મૂકી રહી છું, જ્યાં ફન અને ફીયર ભેગા થાય છે. મનોજ બાજપેયી સાથે સ્ક્રિન શેર કરવાનો અનુભવ ડરામલો યાદગાર રહ્યો. આવી થ્રિલર ફિલ્મ બીજી કોઈ નથી. તેમાં એક અનખો વિચાર છે. આપણે ગભરાઈએ ત્યારે પોલીસ સ્ટેશન દોડીએ છીએ. પરંતુ, પોલીસ જ ગભરાઈ જાય ત્યારે ક્યાં જશે?આમિર ખાનની ફિલ્મ 'સિતારેં જમીન પર' સાથે શાનદાર કમબેક કરનારી જેનેલિયા અને મનોજ બાજપેયીની આ ફિલ્મ એનાઉન્સ કરતી વખતે મોશન પોસ્ટર પણ શેર થયુ હતું. જેમાં મનોજ બાજપેયી પોલીસ ઓફિસરના રોલમાં જોવા મળે છે. રામગોપ ાલ વર્માએ એક્સ પ્લેટફોર્મ પર ફિલ્મ અંગે વાત કરતા જણાવ્યુ હતું કે, એક ખૂંખાર ગેંગસ્ટરને પોલીસ ઓફિસર એન્કાઉન્ટરમાં મારી નાખે છે. તે ભૂત બની પાછો ફરે છે અને પોલીસ સ્ટેશનમાં બધાને ડરાવે છે. મરેલાની ધરપકડ થઈ શકતી નથી. રામગોપ ાલ વર્મા અને મનોજ બાજપેયીએ અગાઉ ૧૯૯૮માં રિલીઝ થયેલી 'સત્યા' અને ત્યારબાદ 'કૌન' (૧૯૯૯)માં સાથે કામ કર્યુ હતું. ૨૬ વર્ષ બાદ તેઓ સાથે કામ કરી રહ્યા છે. આ અંગે વાત કરતાં રામગોપાલ વર્માએ કહ્યું હતું કે, મનોજ સાથે કામ કરવામાં રોમાંચની સાથે નોસ્ટાલ્જિક અનુભવ થાય છે. રક્ષણ કરતી સૌથી મોટી સંસ્થાને કોઈ ડરાવી મૂકે ત્યારે ઊભી થતી સ્થિતિ ફિલ્મમાં દર્શાવાઈ છે. જેનેલિયાને સામાન્ય મહિલા તરીકે રજૂ કરાઈ છે. જે ભૂતથી ખૂબ ગભરાય છે. મનોજ બાજપેયી બહાદુર ઓફિસર છે. ભૂત અને તેના કારનામા પોલીસને ચકરાવે ચડાવે છે.

# 'વશ ૨'થી અજય દેવગન પ્રભાવિત જાનકી બોડીવાલાના વખાણ કર્યા

ગુજરાતી ફિલ્મ 'વશ લેવલ ૨' દેશભરમાં ઉત્સુકતા ઊભી કરી રહી છે. ગુજરાત બહારના ઓડિયન્સને પણ પસંદ આવી રહેલી આ ફિલ્મથી અજય દેવગન પણ પ્રભાવિત થયા છે. તેમણે ઈન્સ્ટાગ્રામ પર આ ગુજરાતી સીક્વલને 'ગૂડ સિનેમા' ગણાવી છે. તેમણે જાનકી બોડીવાલાના વખાણ કરવાની સાથે સમગ્ર ટીમને અભિનંદન આપ્યા છે. અજય દેવગને ફિલ્મના પ્રમોશનમાં ભાગ લીધો હતો અને તેનું ટ્રેલર શેર કર્યું હતું. સોશિયલ મીડિયા પોસ્ટમાં અજય દેવગને જણાવ્યુ હતું કે, સારું સિનેમા ઘણા દૂર સુધી જાય છે. કૃષ્ણદેવ યાજ્ઞિક, કુમાર મંગત પાઠક અને વશ વિવશ લેવલ ૨ની સમગ્ર ટીમને અભિનંદન. જાનકી બોડીવાલને ફરી શાનદાર કામ માટે ખાસ અભિનંદન.



જાનકી બોડીવાલાએ આ ફિલ્મમાં આર્યાનો રોલ કર્યો છે અને તેને આ વર્ષની ગુજરાતી ફિલ્મોના સૌથી વધુ સારા પ રફોર્મન્સમાં સ્થાન મળે છે. 'વશ' ૨૦૨૩માં રિલીઝ થઈ હતી અને તેને નેશનલ એવોર્ડ મળ્યો હતો. આ ફિલ્મથી પ્રેરિત થઈને 'શૈતાન' બની હતી, જેમાં અજય દેવગનનો લીડ રોલ હતો. બે વર્ષ બાદ 'વશઃ લેવલ ૨' આવી છે. કૃષ્ણદેવ યાજ્ઞિકે ડાયરેક્ટ કરેલી આ ફિલ્મને કૃણાલ સોની અને કલ્પેશ સોનીએ પ્રોડ્યુસ કરી છે. ઓડિયન્સને ડરાવી મૂકતી અને શ્વાસ ઊંચા કરી દેતી 'વશ'નો વારસો આ ફિલમે આગળ ધપાવ્યો છે. ફિલ્મની સ્ટોરી ૧૨ વર્ષ બાદની ઘટના સાથે થાય છે, જેમાં અથર્વને ફરી દુષ્ટ શક્તિનો અનુભવ થાય છે. દુષ્ટ શક્તિએ તેની દીકરીને ક્યારેય છોડી જ ન હોતી, તેવું અથર્વને લાગે છે. ફરી એક વખત તેની દીકરી હિંસક બને છે અને કઠપૂતળીની જેમ હુમલા કરે છે. ભૂત અને કાળા જાદુ કરી રહેલા પ્રતાપ સામેની લડાઈ આગળ વધે છે. આ ફિલ્મે દેશભરમાં ચાર દિવસમાં રૂ.૪.૮ કરોડનું કલેક્શન મેળવ્યું છે, જેમાંથી ગુજરાતમાં ૨.૭૫ કરોડની આવક થઈ છે. ફિલ્મની સ્ટોરી ૧૨ વર્ષ બાદની ઘટના સાથે થાય છે, જેમાં અથર્વને ફરી દુષ્ટ શક્તિનો અનુભવ થાય છે. દુષ્ટ શક્તિએ તેની દીકરીને ક્યારેય છોડી જ ન હોતી, તેવું અથર્વને લાગે છે. ફરી એક વખત તેની દીકરી હિંસક બને છે અને કઠપ ૂતળીની જેમ હુમલા કરે છે. ભૂત અને કાળા જાદુ કરી રહેલા પ્રતાપ સામેની લડાઈ આગળ વધે છે. આ ફિલ્મે દેશભરમાં ચાર દિવસમાં રૂ.૪.૮ કરોડનું કલેક્શન મેળવ્યું છે, જેમાંથી ગુજરાતમાં ૨.૭૫ કરોડની આવક થઈ છે.

# તારા સુતરિયા અને વીરે તેમના સંબંધો ઓફિશિયલ કર્યા



તારા સુતરિયા અને વીર પહાડિયાએ તેમના સંબંધો ઓફિશિયલ કરી દીધા છે. બંને વચ્ચે રિલેશનશિપની વાતો લાંબા સમયથી ચર્ચાતી હતી. બંને અનેકવાર સાથે દેખાઈ ચૂક્યાં હતાં. હવે બંનેએ એકબીજા સાથેની રોમાન્ટિક તસવીરો સોશિયલ મીડિયા પર શેર કરી છે. ગણેશોત્સવ નિમિત્તે પોતાના ગેટ અપની કેટલીક તસવીરો તારાએ શેર કરી હતી. તેની સાથે તેણે પોતાની અને વીરની તસવીર પણ શેર કરી હતી. બાદમાં વીરે પણ તારા સાથેની તસવીર શેર કરી હતી. તારા સુતરિયા અગાઉ કરીના, કરિશ્મા અને રણબીરના કઝીન આદર જૈન સાથે રિલેશનશિપમાં હતી. એક સમયે તારા અને આદર લગ્ન કરી લેશે તે લગભગ નક્કી મનાતું હતું. વીર પહાડિયા જાહ્નવીના બોયફ્રેન્ડ શિખરનો મોટાભાઈ છે. જાહ્નવીનો પ રિવાર શિખરને સ્વીકારી ચૂક્યો છે. આથી ભવિષ્યમાં તારા અને વીરનાં તથા જાહ્નવી તથા શિખરનાં લગ્ન થશે તો તારા જાહ્નવીની જેઠાણી બનશે. બાદમાં વીરે પણ તારા સાથેની તસવીર શેર કરી હતી. તારા સુતરિયા અગાઉ કરીના, કરિશ્મા અને રણબીરના કઝીન આદર જૈન સાથે રિલેશનશિપમાં હતી. એક સમયે તારા અને આદર લગ્ન કરી લેશે તે લગભગ નક્કી મનાતું હતું. વીર પહાડિયા જાહ્નવીના બોયફ્રેન્ડ શિખરનો મોટાભાઈ છે. જાહ્નવીનો પરિવાર શિખરને સ્વીકારી ચૂક્યો છે. આથી ભવિષ્યમાં તારા અને વીરનાં તથા જાહ્નવી તથા શિખરનાં લગ્ન થશે તો તારા જાહ્નવીની જેઠાણી બનશે. બાદમાં વીરે પણ તારા સાથેની તસવીર શેર કરી હતી. તારા સુતરિયા અગાઉ કરીના, કરિશ્મા અને રણબીરના કઝીન આદર જૈન સાથે રિલેશનશિપમાં હતી. એક સમયે તારા અને આદર લગ્ન કરી લેશે તે લગભગ નક્કી મનાતું હતું.

# બોલિવૂડમાં ઈતિહાસને મારી-મચેડીને રજૂ કરવામાં આવ્યો : અમિષ ત્રિપાઠી



### વર્ષ ૨૦૧૬માં રિલીઝ થયેલી સંજય લીલા ભણસાલીની 'પદ્માવત'માં રણવીર સિંહ અને દીપિકા પાદુકોણ લીડ રોલમાં હતા

અમિષ ત્રિપાઠીના પુસ્તક 'ધ ચોલા ટાઈગર્સઃ એવેન્જર્સ ઓફ સોમનાથ'નું તાજેતરમાં લોકાર્પણ થયું છે. મુંબઈ ખાતે એક ઈવેન્ટમાં આ પુસ્તક વિષે ચર્ચા કરતી વખતે અમિષે બોલિવૂડ ફિલ્મોમાં ઈતિહાસને મારી-મચેડીને રજૂ કરવા બદલ નારાજગી વ્યક્ત કરી હતી. હિન્દી ફિલ્મોએ ઓડિયન્સને ભ્રમણામાં રાખ્યું છે અને આ બાબતની નોંધ બોલિવૂડે લેવી જોઈએ. છેલ્લાં કેટલાક વર્ષો દરમિયાન રિલીઝ થયેલી ફિલ્મોમાં ઈતિહાસ સાથે ચેડાંની વાત કરતી વખતે અમિષ ત્રિપાઠીએ ખિલજી અને અકબર પર બનેલી ફિલ્મની વાત કરી હતી. વર્ષ ૨૦૧૬માં રિલીઝ થયેલી સંજય લીલા ભણસાલીની 'પ દ્માવત'માં રણવીર સિંહ અને દીપિકા પાદુકોણ લીડ રોલમાં હતા. જ્યારે ૨૦૦૮માં રિલીઝ થયેલી 'જોધા અકબર'માં રિતિક રોશન અને ઐશ્વર્યા રાયના લીડ રોલ હતા. આ બંને ફિલ્મમાં ખિલજી અને અકબરના પાત્રોને અત્યંત પ્રભાવશાળી બતાવાયા હતા. તેમના રોલ માટે બોલિવૂડના લોકપ્રિય ચહેરાઓને પસંદ કરાયા હતા. અકબર અને ખિલજી મધ્ય એશિયામાંથી આવ્યા હતા અને આ બંને એક્ટર્સ કોઈ રીતે તેમના જેવા લાગતા ન હતા. સાવ અલગ રીતે પાત્રોને રજૂ કરવાનું કૃત્ય ચોક્કસપણે ઈતિહાસ સાથે ચેડાં છે. ફિલ્મમાં પાત્રોને રજૂ કરતી વખતે દેખાવ કે વ્યક્તિત્વમાં ફેરફાર બાબતે કદાચ ફિલ્મમેકર્સને રાહત આપી શકાય. જો કે અમિષની દલીલ છે કે, જે કાળ ખંડને આ ફિલ્મોમાં દર્શાવાયો છે, તે સમયે ભારતમાં ઉર્દૂનું અસ્તિત્વ જ ન હતું. તેમની ભાષા પ્રાચીન સમયની હતી. તેઓ તુર્કીશ અથવા પર્શિયન જેવી ભાષા બોલતા હતા. આમ, તેમની ભાષાને પણ સાવ ખોટી રીતે દર્શાવાઈ છે. વ્યક્તિત્વ અને ભાષાને જ ખોટા બતાવાયાં હોય ત્યારે સમગ્ર રજૂઆત જ અકલ્પનીય રીતે ગેરમાર્ગે દોરનારી બને છે. અમિષનું માનવું છે કે, માત્ર મનોરંજન માટે ફિલ્મો બનાવવી હોય તો તેમાં ઐતિહાસિક ઘટનાઓ ન હોવી જોઈએ, જેથી ઓડિયન્સમાં ભ્રમ ઊભો થાય નહીં. ઐતિહાસિક ફિલ્મ બનાવતી વખતે ફિલ્મ મેકર્સની જવાબદારી વધી જાય છે અને તેમણે ખોટો ઈતિહાસ દર્શાવવો જોઈએ નહીં. તેઓ તુર્કીશ અથવા પર્શિયન જેવી ભાષા બોલતા હતા. આમ, તેમની ભાષાને પણ સાવ ખોટી રીતે દર્શાવાઈ છે. વ્યક્તિત્વ અને ભાષાને જ ખોટા બતાવાયાં હોય ત્યારે સમગ્ર રજૂઆત જ અકલ્પનીય રીતે ગેરમાર્ગે દોરનારી બને છે. અમિષનું માનવું છે કે, માત્ર મનોરંજન માટે ફિલ્મો બનાવવી હોય તો તેમાં ઐતિહાસિક ઘટનાઓ ન હોવી જોઈએ, જેથી ઓડિયન્સમાં ભ્રમ ઊભો થાય નહીં. ઐતિહાસિક ફિલ્મ બનાવતી વખતે ફિલ્મ મેકર્સની જવાબદારી વધી જાય છે અને તેમણે ખોટો ઈતિહાસ દર્શાવવો જોઈએ નહીં.

### ઐશ અને અભિષેકે ૨૦૦૭માં લગ્ન કર્યા હતા

# અભિષેક ઐશ્વર્યાની દીકરી આરાધ્યાએ ફેન્સની ચિંતા વધારી દીધી



### ઐશ્વર્યા છેલ્લે મણિરત્નમની ફિલ્મ 'પોનીયિન સેલ્વન : પાર્ટ ૧ અને ૨' માં જોવા મળી હતી

બોલીવુડ અભિનેત્રી ઐશ્વર્યા રાય દર વર્ષે મુંબઈમાં જીએસબી ગણપતિ પંડાલની મુલાકાત લે છે. આ વખતે પણ તે ત્યાં પહોંચી હતી. તેની પુત્રી આરાધ્યા બચ્ચન સાથે ગઈ હતી. માતા અને પુત્રી બંનેએ બાપ્પાના દર્શન કર્યા અને આશીર્વાદ લીધા. તેમના વીડિયો અને ફોટા સોશિયલ મીડિયા પર ટ્રેન્ડ કરી રહ્યા છે. જોકે, કેટલાક લોકો આરાધ્યા વિશે પ્રશ્ન કરી રહ્યા છે કે તે આટલી વિચિત્ર કેમ દેખાઈ રહી છે, તેને શું થયું છે. પહેલા કરતા થોડી અલગ દેખાતી આરાધ્યા વિષે ફેન્સ અલગ અલગ અટકળો પોસ્ટ કરી ચિંતા કરી રહ્યા છે.વીડિયોમાં, ઐશ્વર્યા રાય બચ્ચન અને આરાધ્યા બચ્ચન ભગવાન ગણેશના આશીર્વાદ લેવા માટે ભક્તોની ભીડમાંથી પસાર થાય છે. બંને સુંદર સ્મિત સાથે બધાનું સ્વાગત કરે છે. તેઓ પંડાલમાં પ્રવેશતા પહેલા સેલ્ફી માટે પણ રોકાય છે.અભિષેક અને ઐશ્વર્યાના છૂટાછેડાના સમાચાર ખૂબ ચર્ચામાં હતા. પરંતુ થોડા દિવસો પહેલા બંને સાથે જોવા મળ્યા હતા અને છૂટાછેડાની અફવાઓનો અંત લાવ્યો હતો. તેઓ અમિતાભ બચ્ચન સાથે આરાધ્યાની સ્કૂલમાં વાર્ષિક કાર્યક્રમમાં હાજરી આપી હતી. આ ઉપરાંત, ઐશ્વર્યાએ અભિષેકને તેના ૪૯મા જન્મદિવસની શુભેચ્છા પાઠવી હતી.ઐશ અને અભિષેકે ૨૦૦૭ માં લગ્ન કર્યા હતા. ૪ વર્ષ પછી, ૨૦૧૧ માં પુત્રી આરાધ્યાનો જન્મ થયો. વર્કફ્રન્ટ વિશે વાત કરીએ તો, ઐશ્વર્યા છેલ્લે મણિરત્નમની ફિલ્મ 'પોનીયિન સેલ્વનઃ પાર્ટ ૧ અને ૨' માં જોવા મળી હતી.

### સુમોના ચક્રવર્તી સાથે એક ચોંકાવનારી ઘટના બની

# કપિલ શર્માની ઓનસ્ક્રીન વાઈફ સાથે ગેરવર્તણૂક, લોકોના ટોળાએ કારને ઘેરી લીધી

કોમેડિયન કપિલ શર્માના શોમાં તેની 'ઑન-સ્ક્રીન' પત્ની બનેલી સુમોના ચક્રવર્તી સાથે એક ચોંકાવનારી ઘટના બની. એક્ટ્રેસે ખુલાસો કર્યો કે મુંબઈમાં ભર બપોરે અમુક પ્રદર્શનકારીઓ તેની ગાડીને બે વાર ઘેરી વળ્યા હતા, તે જોઈ તે ગભરાઈ ગઈ હતી. સુમોનાએ ઈન્સ્ટાગ્રામ પર એક લાંબી પોસ્ટ શેર કરતા આ વાત જણાવી હતી. જોકે તેણે અમુક સમયમાં તે પોસ્ટને ડિલીટ પણ કરી દીધી હતી. સુમોના સોશિયલ મીડિયા પર ખૂબ એક્ટિવ રહે છે. તે કોઈ પણ મુદ્દે તેની વાત સામે રાખવા કોઈનાથી પાછળ નથી રહેતી. 'કપિલ શર્મા શો'ના કારણે તે ખૂબ જાણીતી થઈ. એવામાં સુમોનાએ મુંબઈમાં થયેલી હેરાનગતિને સાંભળી આશ્ચર્યચકિત થઈ ગઈ હતી. એક્ટ્રેસે જણાવ્યું કે તે મુંબઈના કોલાબાથી ફોર્ટ તરફ જઈ રહી હતી, ત્યારે તેની પર અચાનક પ્રદર્શનકારીઓ તેની પર હુમલો કર્યો હતો. તેની સાથે એક વાર નહીં, પણ બે વાર હુમલો થયો અને આ બધુ માત્ર ૫ મીનિટની અંદર થયું. સુમોનાએ ઈન્સ્ટાગ્રામ પર લખ્યું કે 'મુંબઈમાં મારી યાત્રા મારા જીવનનો એક ભાગ બની ગયો છે. ખાસ કરીને સાઉથ મુંબઈમાં હું પોતાને ખૂબ જ સુરક્ષિત અનુભવી રહી હતી. પણ આજે ભર બપોરે પોતાની ગાડીમાં બેસી, ત્યારે અસુરક્ષતિ અનુભવ થયો' સુમોનાએ આગળ જણાવ્યું કે જ્યારે આ ઘટના બની ત્યારે તે ખૂબ ભાગ્યશાળી હતી કારણ કે તેની ગાડીમાં તેનો એક મિત્ર પણ હાજર હતો,જો તે એકલી હોત તો વાત બીજી જ કઈ હોત. તે આ આખી ઘટનાનો વીડિયો પણ રેકોર્ડ કરવા ઈચ્છતી હતી, પણ તેને ડર હતો કે પ્રદર્શનકારીઓ ભડકી ન ઉઠે. સુમોનાએ છેલ્લે લખ્યું કે, 'એક ટેક્સ ચૂકવનારી નાગરિક તરીકે, એક મહિલા તરીકે અને એક મુંબઈપ્રેમી તરીકે, આજે કાળજાને ખૂબ દુઃખ પહોંચ્યું છે ખરેખર પ રેશાન છું. અમને સારી સુવિધા સાથે રહેવાનો હક મળવો જોઈએ. ફક્ત શહેરથી નહીં પણ તે સિસ્ટમથી પણ એવી અપેક્ષા રાખીએ છીએ જેમણે અમારી સુરક્ષાનું વચન આપ્યું છે'.સુમોનાના પ્રોજેક્ટ્સ વિશે વાત કરીએ, તો તે છેલ્લે કલર્સ ટીવીના સ્ટંટ રિયાલિટી શો 'ખતરોં કે ખિલાડી'માં દેખાઈ હતી. જ્યાં તેની યાત્રા ખૂબ ખાસ નહોતી રહી જેટલી તેના ચાહકોએ તેનાથી અપેક્ષા રાખી હતી. પણ તેને ડર હતો કે પ્રદર્શનકારીઓ ભડકી ન ઉઠે. સુમોનાએ છેલ્લે લખ્યું કે, 'એક ટેક્સ ચૂકવનારી નાગરિક તરીકે, એક મહિલા તરીકે અને એક મુંબઈપ્રેમી તરીકે, આજે કાળજાને ખૂબ દુઃખ પહોંચ્યું છે ખરેખર પ રેશાન છું. અમને સારી સુવિધા સાથે રહેવાનો હક મળવો જોઈએ. ફક્ત શહેરથી નહીં પણ તે સિસ્ટમથી પણ એવી અપેક્ષા રાખીએ છીએ જેમણે અમારી સુરક્ષાનું વચન આપ્યું છે'.સુમોનાના પ્રોજેક્ટ્સ વિશે વાત કરીએ, તો તે છેલ્લે કલર્સ ટીવીના સ્ટંટ રિયાલિટી શો 'ખતરોં કે ખિલાડી'માં દેખાઈ હતી. જ્યાં તેની યાત્રા ખૂબ ખાસ નહોતી રહી જેટલી તેના ચાહકોએ તેનાથી અપેક્ષા રાખી હતી.



### પ્રિયંકા, કેટરિના અને આલિયા પાસેથી સમાન ડેટ્સ લેવા ચાર વર્ષ સુધી રાહ જોઈ

# ફરહાન અખ્તરની ધીરજ ખૂટી : 'જી લે ઝરા' નવી કાસ્ટ સાથે બનાવશે




### ફરહાન અખ્તરે ફીમેલ સ્ટાર્સની રોડ ટ્રિપ દર્શાવતી 'જી લે ઝરા' વર્ષ ૨૦૨૧માં જાહેર કરી હતી

ફરહાન અખ્તરે ફીમેલ સ્ટાર્સની રોડ ટ્રિપ દર્શાવતી 'જી લે ઝરા' વર્ષ ૨૦૨૧માં જાહેર કરી હતી. આ ફિલ્મના લીડ રોલમાં પ્રિયંકા ચોપરા, આલિયા ભટ્ટ અને કેટરિના કૈફ ફાઈનલ હતા. ફરહાન અખ્તરે વારંવાર ત્રણેય લીડ સ્ટાર્સ પાસેથી એક સરખી ડેટ્સ લેવા મથામણ કરી, પરંતુ સફળતા મળી નહીં. જેના કારણે આ પ્રોજેક્ટ પડતો મૂકાયો હોવાની અટકળો થવા માંડી હતી. ફરહાન અખ્તરે ચાર વર્ષ બાદ આ મામલે ખુલાસો કરતા જણાવ્યુ હતું કે, 'જી લે ઝરા' લાંબો સમય અટવાયેલી હતી. જો કે શૂટિંગના લોકેશન્સ અને સ્ક્રિપ્ટ નક્કી થઈ ગયા છે અને ફિલ્મ ચોક્કસ બનશે. આ સાથે ફરહાને નવી કાસ્ટ સાથે ફિલ્મ બનાવવાના સંકેત પણ આપ્યા હતા. યુ ટ્યૂબ ચેનલ સાથે વાતચીત દરમિયાન એક્ટર-ડાયરેક્ટર ફરહાને વિશ્વાસ વ્યક્ત કર્યો હતો કે, 'જી લે ઝરા' બનવાની જ છે. આ ફિલ્મ પડતી મૂકાઈ તેવું કહેવાનું મને પસંદ નથી. 'જી લે ઝરા' વિલંબમાં મૂકાઈ હતી, પરંતુ ફિલ્મ બનવાની છે. ક્યારે તેની શરૂઆત થશે તેની મને ખબર નથી. પરંતુ ખૂબ સારી સ્ક્રિપ્ટ છે અને તેના પર ઘણું બધું કામ થઈ ચૂક્યું છે. ફિલ્મમાંથી ઓરિજિનલ કાસ્ટને રીપ્લેસ કરાઈ હોવાના સંકેત આપતાં ફરહાને કહ્યું હતું કે, તમામ લોકેશન્સ પસંદ કરી દીધા છે અને મ્યૂઝિક પણ રેકોર્ડ થઈ ગયું છે. હવે ફરી ક્યારે આ પ્રોજેક્ટ શરૂ થાય તેની રાહ જોવાની છે. કાસ્ટ વિષે કોઈ વાત કરી શકાય તેમ નથી, પરંતુ ફિલ્મ બનવાનું નક્કી છે. ઉલ્લેખનીય છે કે, અગાઉ વર્ષ ૨૦૨૪માં આલિયા ભટ્ટે 'જી લે ઝરા' અંગે વાત કરતા કહ્યું હતું કે, બધી ડેટ્સ ભેગી લેવાનું અઘરું બની ગયું છે. જો કે બધાની ઈચ્છા છે અને ઈરાદા સારા હોય તો ફિલ્મ બનશે.

# નાગરિકોના હિતમાં રાજ્ય સરકારનો વધુ એક મહત્વપૂર્ણ નિર્ણય નાગરિકોને ઓછા દરે વીજળી પૂરી પાડવા જુલાઈ-૨૦૨૫થી ફ્યુઅલ સરચાર્જના દરમાં પ્રતિ યુનિટ

। (માહિતી) નડિયાદ, તા.૨ ।

ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ મંત્રી શ્રી કનુભાઈ દેસાઈએ એક મહત્વપૂર્ણ જાહેરાત કરતા જણાવ્યું હતું કે, ગુજરાતના નાગરિકોને ઓછા દરે વીજળી પૂરી પાડવા માટે રાજ્ય સરકાર દ્વારા જુલાઈ-૨૦૨૫થી ફ્યુઅલ સરચાર્જના દરમાં પ્રતિ યુનિટે ૧૫ પૈસા ઘટાડવાનો મહત્વપૂર્ણ નિર્ણય કર્યો છે. રાજ્ય સરકારના આ મહત્વપૂર્ણ નિર્ણયથી તા. ૦૧.૦૭.૨૦૨૫થી કરેલા વીજ વપરાશ ઉપર તમામ શ્રેણીના વીજ ગ્રાહકો પાસેથી ફ્યુઅલ સરચાર્જ હવે પ્રતિ યુનિટ રૂ. ૨.૩૦ના ઘટાડેલા દરે વસૂલાત કરવામાં આવશે. વીજ નિયમન આયોગ **(GERC)** દ્વારા કોઈ ફેરફાર ન થાય ત્યાં સુધી આ દર યથાવત રહેશે. ફ્યુઅલ સરચાર્જમાં ઘટાડાના પરિણામે રાજ્યના અંદાજે ૧.૭૫ કરોડ ગ્રાહકોને જુલાઈથી સપ્ટેમ્બર-૨૦૨૫ દરમિયાન વીજ વપરાશ ઉપર આશરે રૂ. ૪૦૦ કરોડથી વધુનો લાભ થશે, તેમ મંત્રીશ્રીએ ઉમેર્યું હતું.

વધુ વિગતો આપતાં ઊર્જા મંત્રીશ્રીએ કહ્યું હતું કે, ગ્રાહકોને સસ્તી વીજળી ઉપલબ્ધ કરાવવાની રાજ્ય સરકારની પ્રતિબદ્ધતાને અનુરૂપ તાજેતરના વર્ષોમાં ફ્યુઅલ અને પાવર પરચેઝ પ્રાઈસ એડજસ્ટમેન્ટ **(FPPPA)**માં નોંધપાત્ર ઘટાડો લાગુ કરવામાં આવ્યો છે, જે વીજ ખરીદ ખર્ચના અસરકારક સંચાલન અને ગ્રાહકો પરનો બોજ હળવો કરવા માટે રાજ્ય સરકારનું સક્રિય અભિગમ દર્શાવે છે. જાન્યુઆરી ૨૦૨૪થી અમલમાં આવતા ફ્યુઅલ સરચાર્જના દરને પ્રતિ યુનિટ ૫૦ પૈસા ઘટાડીને રૂ. ૩.૩૫ થી રૂ. ૨.૮૫ કરવામાં આવ્યો હતો. આ રાહતને વધુ વિસ્તૃત કરતા ઓક્ટોબર-૨૦૨૪થી ફ્યુઅલ સરચાર્જના દરને વધુ ૪૦ પૈસા ઘટાડીને રૂ. ૨.૪૫ પ્રતિ યુનિટ કરવામાં આવ્યો હતો. વર્ષ ૨૦૨૫-૨૬ના પ્રથમ ત્રિમાસિક ગાળામાં એટલે કે એપ્રિલથી જૂન-૨૦૨૫ દરમિયાન ફ્યુઅલ સરચાર્જના દરને રૂ. ૨.૪૫ પ્રતિ યુનિટ જાળવી રાખવામાં આવ્યો હતો. તેમણે ઉમેર્યું હતું કે, યોગ્ય અને કાર્યક્ષમ વીજ ખરીદના સંચાલન, સ્થિર વીજ ખરીદના દર તથા મજબૂત નાણાકીય વ્યવસ્થાપન તેમજ નોંધપાત્ર માળખાકીય કામગીરીમાં સુધારા અને દેખરેખ દ્વારા ટેકનિકલ અને વાણિજ્યિક લોસમાં ઘટાડાને ધ્યાનમાં રાખીને રાજ્ય સરકાર દ્વારા પ્રવર્તમાન ફ્યુઅલ સરચાર્જના દરમાં પ્રતિ યુનિટે ૧૫ પૈસા ઘટાડો કરવાનો નિર્ણય લીધો છે. રૂ. ૨.૪૫ પ્રતિ યુનિટ જાળવી રાખવામાં આવ્યો હતો. તેમણે ઉમેર્યું હતું કે, યોગ્ય અને કાર્યક્ષમ વીજ ખરીદના સંચાલન, સ્થિર વીજ ખરીદના દર તથા મજબૂત નાણાકીય વ્યવસ્થાપન તેમજ નોંધપાત્ર માળખાકીય કામગીરીમાં સુધારા અને દેખરેખ દ્વારા ટેકનિકલ અને વાણિજ્યિક લોસમાં ઘટાડાને ધ્યાનમાં રાખીને રાજ્ય સરકાર દ્વારા પ્રવર્તમાન ફ્યુઅલ સરચાર્જના દરમાં પ્રતિ યુનિટે ૧૫ પૈસા ઘટાડો કરવાનો નિર્ણય લીધો છે.

# પશ્ચિમ રેલવે ચલાવશે વટવા-રક્સૌલ વચ્ચે સાપ્તાહિક વિશેષ ટ્રેન

। (રેલવે) અમદાવાદ, તા.૨ ।

પશ્ચિમ રેલવે દ્વારા મુસાફરોની માંગ અને સુવિધાને ધ્યાનમાં રાખીને, વટવા અને રક્સૌલ વચ્ચે વિશેષ ભાડા પર સાપ્તાહિક વિશેષ ટ્રેન ચલાવવાનો નિર્ણય લીધો છે. આ વિશેષ ટ્રેનની વિગતો નીચે મુજબ છે : ● ટ્રેન નં. ૦૫૫૬૨/૦૫૫૬૧ વટવા-રક્સૌલ સાપ્તાહિક વિશેષ ચક્ર ટ્રિપ્સ ટ્રેન નં. ૦૫૫૬૨ વટવા-રક્સૌલ સ્પેશિયલ ૧૭ સપ્ટેમ્બર ૨૦૨૫ થી ૩૧ ડિસેમ્બર ૨૦૨૫ સુધી દર બુધવારે વટવાથી ૨૩.૩૦ વાગ્યે પ્રસ્થાન કરશે અને ત્રીજા દિવસે ૧૬.૦૦ વાગ્યે રક્સૌલ પહોંચશે. તેવી જ રીતે, ટ્રેન નં. ૦૫૫૬૧ રક્સૌલ-વટવા સ્પેશિયલ ૧૬ સપ્ટેમ્બર ૨૦૨૫ થી ૩૦ ડિસેમ્બર ૨૦૨૫ સુધી દર મંગળવારે રક્સૌલથી ૧૧.૨૦ વાગ્યે પ્રસ્થાન કરશે અને બીજા દિવસે ૨૦.૦૦ વાગ્યે વટવા પહોંચશે. આ ટ્રેન બંને દિશામાં આણંદ, છાયાપુરી, ગોધરા, દાહોદ, રતલામ, નાગદા, ઉજ્જૈન, મક્સી, સંત હિરદારામ નગર, બીના, સાગર, દમોહ, કટની મૂંડવારા, સતના, માણિકપુર, પ્રયાગરાજ છિવકી, પંડિત દીનદયાળ ઉપાધ્યાય, બક્સર, આરા, પાટલીપુત્ર, હાજીપુર, મુજફ્ફરપુર અને સીતામઢી સ્ટેશનો પર રોકાશે. આ ટ્રેનમાં એસી ૩ ટાયર, સ્લીપર ક્લાસ અને જનરલ સેકન્ડ ક્લાસ કોચ હશે. ટ્રેન નંબર ૦૫૫૬૨ નું બુકિંગ ૦૩ સપ્ટેમ્બર, ૨૦૨૫ થી બધા **PRS** કાઉન્ટરો અને **IRCTC** વેબસાઈટ પર શરૂ થશે. ટ્રેનોના સ્ટોપેજ સમય અને કોચ સંરચના અંગે વિગતવાર માહિતી માટે, મુસાફરો કૃપા કરીને **www.enquiry.indianrail.gov.in** પર અવલોકન કરે.

# પશ્ચિમ રેલવેના જનરલ મેનેજરે અમદાવાદ ડિવિઝનના બે કર્મચારીઓને સંરક્ષા પુરસ્કારોથી સન્માનિત કર્યા

। અમદાવાદ, તા.૨ ।

રેલવેના સંચાલનમાં સલામતીનું ખૂબ મહત્વ હોય છે અને આ સુનિશ્ચિત કરવા માટે, દરેક કર્મચારીની સજાગતા અને સતર્કતા ખૂબ જ મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. પશ્ચિમ રેલવેના જનરલ મેનેજર શ્રી વિવેક કુમાર ગુપ્તાએ અમદાવાદ ડિવિઝનના બે રેલવે કર્મચારીઓને તેમના ઉત્કૃષ્ટ કાર્ય માટે સંરક્ષા પુરસ્કારોથી સન્માનિત કર્યા. આ પુરસ્કારો જૂન અને જુલાઈ ૨૦૨૫ દરમિયાન ફરજ પર સતર્કતા દર્શાવવા અને સમયસર સંભવિત અકસ્માતોને ટાળવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવવા બદલ આપવામાં આવ્યા હતા.

પુરસ્કાર વિજેતાઓ (૧) શ્રી રામકેશ મીણા, જેઓ પશ્ચિમ રેલવેના અમદાવાદ ડિવિઝનના 'ડીસા' ખાતે સિનિયર ટ્રેક મેન્ટેનર તરીકે કાર્યરત છે. તેઓ ૨૮ જુલાઈ ૨૦૨૫ ના રોજ ફરજ પર હતા. આ સમય દરમિયાન, તેમણે તેમના નિયમિત પેટ્રોલિંગ કાર્ય દરમિયાન વ્હીલમાંથી તણખા નીકળતા જોયા. સંરક્ષાની દ્રષ્ટિએ તે એક મોટી સમસ્યા છે, જે રેલ્વે ટ્રેક પર વધુ પડતા ઘર્ષણ અથવા બ્રેકિંગને કારણે ઉદ્ભવે છે અને જો તેનો સમયસર ઉકેલ ન આવે તો તે મોટી અકસ્માતનું કારણ બની શકે છે. પરિસ્થિતિની ગંભીરતાને સમજીને, શ્રી મીણાએ સમય બગાડ્યા વિના તેમના વરિષ્ઠ અધિકારીઓને જાણ કરી. જેના કારણે સંરક્ષાના દૃષ્ટિકોણથી જરૂરી પગલાં લઈ શકાયા. આ તેમની તત્પરતા, સમજદારી અને જવાબદારીનું સૂચક છે, જેના કારણે સંભવિત રેલ્વે અકસ્માત ટાળી શકાયો. શ્રી મીણાનું કાર્ય માત્ર પ્રશંસનીય નથી, પરંતુ તે અન્ય ક્ષેત્રીય સ્ટાફ માટે પણ એક આદર્શ ઉદાહરણ છે. (૨) શ્રી અરુણ કુમાર પશ્ચિમ રેલ્વેના કોચિંગ ડેપો કાંકરિયામાં ટેકનિશિયન તરીકે કાર્યરત છે. ૨૬ જુલાઈ ૨૦૨૫ ના રોજ, જ્યારે તેઓ એક્સલ બોક્સ બેરિંગનું નિયમિત તાપમાન નિરીક્ષણ કરી રહ્યા હતા, ત્યારે તેમણે કોચ નંબર ૨૩૩૯૪૧ ના એક્સલ નંબર ૦૩ પર અસામાન્ય તાપમાનમાં વધારો નોંધ્યો. એક્સલ બોક્સનું વધુ પડતું ગરમ થવું અથવા 'ગરમ એક્સલ' ની સ્થિતિ રેલ કામગીરી માટે અત્યંત ઘાતક સાબિત થઈ શકે છે. આ સંભવિત જોખમને સમજીને, શ્રી અરુણ કુમારે કોઈપણ વિલંબ કર્યા વિના ટ્રેન ઈન્ચાર્જને જાણ કરી. તેમની તાત્કાલિક માહિતી પર, જરૂરી સાવચેતી રાખવામાં આવી હતી અને ટ્રેનને સુરક્ષિત રીતે ચલાવવા માટે તમામ જરૂરી પગલાં લેવામાં આવ્યા હતા. પરત ફરતી મુસાફરી દરમિયાન પણ, તેઓએ તે કોચના તાપમાનનું સતત નિરીક્ષણ કર્યું. તેમની સતત દેખરેખ અને સતર્કતાએ એક્સલને વધુ ગરમ થવાથી અટકાવ્યો અને મોટો અકસ્માત ટાળ્યો. બંને કર્મચારીઓની સતર્કતા અને સમર્પણની પ્રશંસા કરતા, જનરલ મેનેજર શ્રી વિવેક કુમાર ગુપ્તાએ જણાવ્યું હતું કે "આ કર્મચારીઓએ માત્ર પ્રામાણિકતા અને સમર્પણ સાથે તેમની ફરજો બજાવી નથી, પરંતુ રેલ્વે સલામતી પ્રત્યે ઊંડી પ્રતિબદ્ધતા પણ દર્શાવી છે. બ્રેક બંધન, ગરમ એક્સલ જેવા સંભવિત જોખમોને સમયસર ઓળખીને, તેઓએ હજારો મુસાફરોના જીવન અને સંપત્તિની સલામતી સુનિશ્ચિત કરી છે. આ સમર્પણ અને સતર્કતા બધા રેલ્વે કર્મચારીઓ માટે પ્રેરણારૂપ છે."

# ગૂગલ મેપથી સૌર ઊર્જા પ્લાન્ટમાંથી તારની ચોરી કરતી ટોળકી ઝડપાઈ

। (પ્રતિનિધી) ભાવનગર, તા.૨ ।

ભાવનગર પોલીસની પેરોલ-ફર્લો સ્ક્વોડે છેલ્લાં બે વર્ષથી સૌર ઊર્જા પ્લાન્ટમાંથી કેબલ તારની ચોરી કરતી સક્રિય ટોળકીનો પર્દાફાશ કર્યો છે. પોલીસે આ ટોળકીના ૬ સભ્યોને રૂ. ૧૦,૧૭,૬૦૦ની કિંમતના ચોરીના મુદ્દામાલ સાથે ઝડપી પાડ્યા છે, જેનાથી કુલ ૮ ગુના ઉકેલાયા છે.આ ટોળકી રાત્રિના સમયે ચોરી કરતી હતી. તેઓ ગૂગલ મેપનો ઉપયોગ કરીને દૂરના વિસ્તારોમાં આવેલા સૌર ઊર્જા પ્લાન્ટ્સ શોધી કાઢતા હતા. ત્યારબાદ, તેઓ બોલેરો પીકઅપ વાહન અને તાર કાપવાના કટર લઈને પ્લાન્ટમાં ઘૂસીને કેબલ તારની ચોરી કરતા હતા. પોલીસને મળેલી બાતમીના આધારે પેટ્રોલિંગ દરમિયાન આ ટોળકીને પકડવામાં આવી હતી.ઝડપાયેલા આરોપીઓ પાસેથી રૂ. ૧૦,૧૭,૬૦૦નો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો છે, જેમાં ૧૨૨.૫ કિલોગ્રામ સૌર ઊર્જા પેનલનો કેબલ તાર (કિંમત રૂ. ૮૭,૫૦૦), ૨ નંગ સ્ટીલની ટાંકી (કિંમત રૂ. ૧,૫૦,૦૦૦), રોકડ રૂ. ૫૦,૦૦૦, ૨ બોલેરો પીકઅપ ગાડીઓ (કિંમત રૂ. ૭,૦૦,૦૦૦), ૨ નંગ વાયર કટર (કિંમત રૂ. ૧૦૦) અને ૩ મોબાઈલ ફોન (કિંમત રૂ. ૩૦,૦૦૦)નો સમાવેશ થાય છે.પકડાયેલા આરોપીઓની ઓળખ ભરતભાઈ ડુંગરશીભાઈ વાઘેલા (ઉંમર ૩૧), લાલજીભાઈ ઉર્ફે લાલો કલ્યાણભાઈ ચૌહાણ (ઉંમર ૨૭), અજયભાઈ ઉર્ફે અજયો પ્રવીણભાઈ ડાભી (ઉંમર ૨૩), પરેશભાઈ બાબુભાઈ મકવાણા (ઉંમર ૨૮), નીલેશભાઈ ઉર્ફે નીલુ ઉર્ફે ઘુઘો રાજુભાઈ રાઠોડ (ઉંમર ૨૮), અને રાધેશભાઈ ઉર્ફે રાધે ઘુઘાભાઈ વાઘેલા (ઉંમર ૨૫) તરીકે થઈ છે. આ તમામ આરોપીઓ શિહોર, ભાવનગર અને આસપાસના ગામોના રહેવાસી છે.આ ઉપરાંત, મહેશભાઈ મથુરભાઈ મકવાણા, ગોપાલભાઈ નરશીભાઈ મકવાણા, અજયભાઈ ડાયાભાઈ પરમાર, અને ચોરીનો મુદ્દામાલ ખરીદનાર ગોપાલભાઈ ગોહેલ હજુ ફરાર છે, અને પોલીસ તેમને પકડવા માટે કાર્યવાહી કરી રહી છે.આ ટોળકીની ધરપકડથી ભાવનગરના વિવિધ પોલીસ સ્ટેશનોમાં નોંધાયેલા ૮ ગુનાઓ ઉકેલાયા છે, જેમાં ગારિયાધારના ૨, પાલીતાણા ગ્રામીણના ૩, સોનગઢ, શિહોર અને વરતેજના ૧-૧ ગુનાનો સમાવેશ થાય છે. આરોપીઓએ વલ્લભીપુર તાલુકાના મોટી ધરાઈ, કલ્યાણપુર અને ધરવાળા ગામની સીમમાં આવેલ સૌર ઊર્જા પ્લાન્ટ્સમાંથી ચોરી કર્યાની કબૂલાત કરી છે. તેમણે ઉમરાળાથી ધારુકા ગામ વચ્ચે એક નવા બની રહેલા મકાનમાંથી સળિયાની ચોરી પણ કરી હોવાનું કબૂલ્યું છે.

# ચાણસ્માના કંબોઈ ગામમાં આંગડિયા પેઢીના સંચાલકોની ધમકીથી ખેડૂતનો આપઘાત, આ મામલે ગુનો નોંધી તપાસ હાથ ધરી

। (પ્રતિનિધી) પાટણ, તા.૨ ।

પાટણ જિલ્લાના ચાણસ્મા તાલુકાના કંબોઈ ગામે આંગડિયા પેઢીના સંચાલકોની ધમકીઓથી કંટાળીને એક ખેડૂતે આત્મહત્યા કરી લેતાં ચકચાર મચી જવા પામી છે. આ બાબતે મૃતકના પુત્રે ચાણસ્મા પોલીસ સ્ટેશનમાં ત્રણ લોકો સામે ફરિયાદ નોંધાવતાં પોલીસે તપાસ હાથ ધરી છે.કંબોઈ ગામના સહદેવસિંહ સોલંકી કોલકાતામાં ડી.વાય. એન્ટરપ્રાઈઝ નામની આંગડિયા પેઢીમાં નોકરી કરતા હતા. પેઢીના સંચાલકો ગોવિંદજી સોલંકી, કનુજી સોલંકી અને શૈલેન્દ્રસિંહ સોલંકીએ તેમના પર પેઢીના હિસાબમાંથી સાડા છ કરોડ રૂપિયાની હેરાફેરીનો આરોપ મૂક્યો હતો.આ ત્રણેય જણા વારંવાર સહદેવસિંહના ઘરે આવતા હતા અને તેઓ સહદેવસિંહ, તેમના પિતા બળદેવજી અને પરિવારના અન્ય સભ્યોને ધમકીઓ આપતા હતા. તેઓ કહેતા કે જો પૈસા પરત નહીં કરે તો આખા પરિવારને જાનથી મારી નાખશે અને તેમની ખેતીની જમીન પડાવી લેશે. સતત ધમકીઓથી ત્રસ્ત થઈને બળદેવજી સોલંકીએ ૨૧ ઓગસ્ટ ૨૦૨૫ના રોજ તેમના ખેતરમાં ઝેરી દવા પી લીધી હતી. આ બાબતની જાણ પરિવારજનોને થતાં તેઓ તેમને તાત્કાલિક સારવાર માટે વિવિધ હોસ્પિટલોમાં ખસેડવામાં આવ્યા હતા. પરંતુ તા. ૩૧ ઓગસ્ટ ૨૦૨૫ના રોજ સારવાર દરમિયાન તેમનું મૃત્યુ થયું હતું. ચાણસ્મા પોલીસ મથકે ધમકી આપનારા ત્રણેય આરોપીઓ વિરુદ્ધ ફરિયાદ નોંધાતાં પોલીસે આ મામલે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે. સતત ધમકીઓથી ત્રસ્ત થઈને બળદેવજી સોલંકીએ ૨૧ ઓગસ્ટ ૨૦૨૫ના રોજ તેમના ખેતરમાં ઝેરી દવા પી લીધી હતી. આ બાબતની જાણ પરિવારજનોને થતાં તેઓ તેમને તાત્કાલિક સારવાર માટે વિવિધ હોસ્પિટલોમાં ખસેડવામાં આવ્યા હતા. પરંતુ તા. ૩૧ ઓગસ્ટ ૨૦૨૫ના રોજ સારવાર દરમિયાન તેમનું મૃત્યુ થયું હતું.

# "ખેલમહાકુંભ ૨૦૨૫"ના ઓનલાઈન રજીસ્ટ્રેશન તા. ૨૨/૦૯/૨૦૨૫ સુધી કરી શકાશે

। (માહિતી) નડિયાદ, તા.૨ ।

સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ગુજરાત દ્વારા દર વર્ષની જેમ ચાલુ વર્ષે ખેલમહાકુંભનું આયોજન હાથ ધરવામાં આવનાર છે. ખેલ મહાકુંભ ૨૦૨૫ અંતર્ગત ખેડા જિલ્લાના ખેલાડીઓએ વિવિધ સ્પર્ધામાં ભાગ લેવા માટે ઓનલાઈન રજીસ્ટ્રેશન કરવાનું રહેશે. જેમાં શાળા/ગ્રામ્ય, તાલુકા/ઝોનકક્ષા, જિલ્લા/મહાનગરપાલિકાકક્ષા, ઝોનકક્ષા (ટીમ રમત) અને છેલ્લે રાજ્યકક્ષાની સ્પર્ધા માટેનું આયોજન કરવામાં આવ્યું છે.ખેલમહાકુંભ ૨૦૨૫ અંતર્ગત શાળાકક્ષાએ અન્ડર -૯, અન્ડર-૧૧, અન્ડર-૧૪ અને અન્ડર-૧૭ની વયજુથમાં ખેલ મહાકુંભની એથ્લેટીકસની રમતમાં તમામ શાળાઓએ ભાગ લેવાનો રહેશે. ખેલમહાકુંભ ૨૦૨૫નું ઓનલાઈન રજીસ્ટ્રેશન તા.૨૯/૦૮/૨૦૨૫થી શરૂ કરવામાં આવ્યું છે.ખેલમહાકુંભ ૨૦૨૫ ના રજીસ્ટ્રેશનની છેલ્લી તા.૨૨/૦૯/૨૦૨૫ સાંજે ૬.૦૦ સુધીની રહેશે.

ખેલમહાકુભ ૨૦૨૫ માં ભાગ લેવા માટે અન્ડર -૯, અન્ડર-૧૧, અન્ડર-૧૪ અને અન્ડર-૧૭, ઓપન, અબાવ-૪૦ અને અબાવ-૬૦ વયજૂથના તમામ ખેલાડીઓ દ્વારા ફરજીયાત વેબસાઈટ **https://khelmahakumbh.guja®a.gov.in** પર ઓનલાઈન રજીસ્ટ્રેશન કરવાનું રહેશે. સ્પર્ધામાં ભાગ લેવા માટે વય મર્યાદા નક્કી કરવા માટે કટ ઓફ ડેટ ૩૧/૧૨/૨૦૨૫ રહેશે. પ્રત્યેક ખેલાડી મહત્તમ બે રમતમાં જ ભાગ લઈ શકશે. કોઈપણ ખેલાડી બે રમત કરતાં વધુ રમતમાં ભાગ લઈ શકશે નહી. એક જ **KMK ID** થી બે રમતમાં રજીસ્ટ્રેશન કરાવ્યું હશે તો જ ખેલાડીનું બે રમતમાં રજીસ્ટ્રેશન માન્ય ગણવામાં આવશે. એક જ **KMK ID**થી બે રમતમાં રજીસ્ટ્રેશન કરાવ્યું હશે અને વિજેતા થશે તો જ રોકડ પુરસ્કારમળવાપાત્ર રહેશે. જે ખેલાડી પાસે જુના **KMK ID** હોય તેમણે જુના **KMK ID** થી ફરજીયાત રજીસ્ટ્રેશન કરવવાનું રહશે. અન્ડર-૯, અન્ડર-૧૧, અન્ડર-૧૪ અને અન્ડર-૧૭ ગૃપમાં શાળામાં અભ્યાસ કરતાં ખેલાડીઓએ જે તે શાળામાંથી રજીસ્ટ્રેશન કરવાનું ફરજીયાત રહેશે. કોલેજમાં અભ્યાસ કરતાં ખેલાડીઓએ ઓનલાઈન અથવા કોલેજ મારફતે રજીસ્ટ્રેશન કરી શકશે. અભ્યાસ ન કરતા હોય તેવા ઓપન,અબાવ-૪૦, અબાવ -૬૦ વર્ષના ખેલાડીઓએ પણ ઓનલાઈન મારફતે રજીસ્ટ્રેશન કરી શકશે અથવા તો પોતાના જિલ્લાની જિલ્લા રમત પ્રશિક્ષણ કેન્દ્ર પરથી પોતાના વયજુથમાં રજીસ્ટ્રેશન કરાવી શકશે. ખેલમહાકુંભ ૨૦૨૫નું ઓનલાઈન રજીસ્ટ્રેશન કરવાની લીંક **https://khelmahakumbh.guja®a.gov.in** એમ જિલ્લા રમત પ્રશિક્ષણ કેન્દ્રની અખબારી યાદીમાં જણાવ્યું છે.

# આધાત્મ, દેશપ્રેમ અને કર્તવ્યપ્રેરણાનો અનોખો સંદેશ આપતા મહુધા પોલીસ લાઈનના ગણેશજી બન્યા આકર્ષણનુ કેન્દ્ર

। (માહિતી) અમદાવાદ, તા.૨ ।

માનવજાતે અનાદીકાળથી પ્રકૃતિ અને પરમેશ્વરનું સંતુલન સાધવાનો સફળ પ્રયાસ કર્યો છે. મહાત્મા ગાંધીજી પણ કહેતા કે સત્યએ પરમેશ્વર છે. ખરી લોકશાહીમા નાગરીકોના હક અને ફરજો બન્નેના સમન્વયથી જ દેશ અને દેશવાસીઓનો વિકાસ સંભવ છે.


આ જ ઉપક્રમે ભારત સરકારે આ વખતે ગણેશોત્સવના માધ્યમથી નાગરીકોમાં દેશભક્તિ અને સ્વદેશીની ભાવના કેળવવા માટે એક અનોખી પહેલ કરી છે. જેમાં, ગણેશ પંડાલમાં ઓપરેશન સિંદૂર અને સ્વદેશી અપનાવવા અને પર્યાવરણ જાગૃતિનો સંદેશો આપનાર આયોજકો માટે પ્રોત્સાહક પુરસ્કારોની જાહેરાત કરવામાં આવી છે. ખેડા જિલ્લામાં વિવિધ વિસ્તારોમાં આ પહેલને વ્યાપક પ્રતિસાદ મળી રહ્યો છે. મહુધા પોલીસ લાઈનનો ગણપતિ પંડાલ આ વર્ષે અનોખા વિષય અને સંદેશાઓનુ પ્રેરણાકેન્દ્ર બન્યો છે. અહીં દર્શનાર્થે આવતા શ્રદ્ધાળુઓને આધ્યાત્મ, દેશપ્રેમ, પર્યાવરણ સંરક્ષણ અને નાગરીક ફરજોનુ પાલન કરવા જનજાગૃતિના સંદેશા આપવામાં આવે છે. સૌ પ્રથમ તો અહીં ગણેશજીની ઈકો ફ્રેન્ડલી મુર્તિના સ્થાપન દ્વારા પર્યાવરણ જાગૃતિનો મહત્વપુર્ણ સંદેશો આપવામાં આવ્યો છે. સાથે, ભારતીય સૈન્યના પરાક્રમને બિરદાવવા 'ઓપરેશન સિંદૂર'ની થીમ પર તૈયાર કરેલ આકર્ષક ટેબ્લો દર્શને આવનાર સૌ કોઈનુ ધ્યાન ખેંચે છે. વધુમાં, પ્રવાસન, મેક ઈન ઈન્ડિયા, સાઈબર ક્રાઈમ પ્રિવેન્શન અને ટ્રાફિક પાલન જેવા પ્રસ્તુત વિષયોથી દર્શનાર્થીઓને લાભાન્વિત કરાય છે. પોલીસ લાઈનના આ આયોજન અંગે વાત કરતા મહુધા પોલીસ ઈન્સપેક્ટર શ્રી આર.કે.ગોહીલ જણાવે છે કે એકતા અને લોકજાગૃતિને પ્રાથમિકતા આપવા લોકમાન્ય તિલકે મહારાષ્ટ્રમાં ગણેશોત્સવની શરૂઆત કરી હતી. સમ્રગ દેશમાં આજે ગણેશોત્સવ ધામધૂમ થી મનાવવામા આવે છે. ત્યારે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ આપેલા સ્વદેશી અને દેશપ્રેમના સંકલ્પોને મહુધા પોલીસ લાઈનના ગણેશ પંડાલમાં સમન્વિત કરવાનો પ્રયાસ કરવામા આવ્યો છે. આ પંડાલમાં મહુધાના હિન્દુ-મુસ્લિમ ભાઈ-બહેનોએ સાથે મળીને ગણેશજીની આરતી કરી હતી અને આ રીતે સમાજમાં ભાઈચારો જાળવી રાખવાનો પ્રંસશનીય સંદેશો પાઠવ્યો છે. સાથે જ નિવૃત આર્મી અને પોલીસ જવાનોને આમંત્રિત કરી તેમનુ સન્માન કરવામાં આવ્યુ હતુ.

# હોર્ન વગાડવાની તકરારમાં યુવકને ૪ લુખ્ખાએ ફટકાર્યો

। (પ્રતિનિધી) અમદાવાદ, તા.૨ ।

સરદારનગર વિસ્તારમાં બુલેટના હોર્ન વગાડવાની તકરારમાં ચાર લુખ્ખાઓએ યુવકને લાકડીના દંડા વડે મૂઢ માર માર્યો હતો. ઉપરાંત જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. આ મામલે યુવકે સરદારનગર પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા પોલીસે તપાસ આદરી છે. શહેરના સરદારનગર વિસ્તારમાં ૪૪ વર્ષિય સહદેવસિંહ કુંવરસિંહ ઝાલા પરિવાર સાથે રહે છે અને સ્પાર્ક ઈન નામની હોટલ ધરાવી વેપાર કરે છે. ૩૧ ઓગસ્ટના રોજ સહદેવસિંહ પોતાનું બુલેટ લઈ ઘરેથી હોટલ જવા માટે નિકળ્યા હતા. ત્યારે બંગલા એરિયા અંડર બ્રિજ પાસે વળાંક હોવાથી તેમણે બુલેટનો હોર્ન માર્યો હતો. જેથી ત્યાં બેઠેલા ધર્મેન્દ્ર સતાભાઈ ભરવાડે બૂમ પાડી બુલેટ ઊભી રખાવી હતી. પછી ધર્મેન્દ્ર સહદેવસિંહ પાસે પહોંચ્યો હતો અને કહ્યું હતું કે, કેમ હોર્ન મારે છે. ત્યારબાદ તે ઝઘડો કરવા લાગ્યો હતો. જો કે, તે સમયે સહદેવસિંહ ત્યાંથી નિકળી ગયા હતા. જો કે, રાત્રે ધર્મેન્દ્રએ ફોન કરી સહદેવને નોબલનગર ખાતે બોલાવ્યો હતો. ત્યાં પહોંચ્યા ત્યારે ધર્મેન્દ્ર, અનિલ ભરવાડ, રમેશ ભરવાડ સહિતના લોકો ત્યાં હાજર હતા અને ગાળો બોલવા લાગ્યા હતા. બાદમાં તમામે લાકડીના દંડા વડે સહદેવને ફટકાર્યો હતો. આ સમયે બૂમાબૂમ થતા આસપાસના લોકો એકત્ર થઈ ગયા હતા.

# આજનું રાશિ ભવિષ્ય.....




**મેષ (અ,લ,ઇ) :**

આજના દિવસે તમારૂં સૌથી પ્રિય સપનું સાકાર થશે. પરંતુ તમારો ઉત્સાહ કાબૂમાં રાખજો કેમ કે વધુ પડતી ખુશી કેટલીક સમસ્યાઓ સર્જી શકે છે. એમ પોતાના પૈસા બીજા કોઈને આપવું કોઈને ગમતું નથી છતાંય તમે આજે કોઈ જરૂરિયાતમંદ ને પૈસા આપી શાંતિ નો અનુભવ કરશો? મિત્રો તથા જીવનસાથી આરામ તથા ખુશીઓ લાવશે.



**વૃષભ (બ,વ,ઉ) :**

આજે તાણથી મુક્ત થવા માટે તમારો કીમતી સમય તમારા બાળકો સાથે વિતાવો. બાળકોમાં રહેલી ઈલાજની શક્તિની અનુભૂતિ તમને થશે. કેમ કે તેઓ આ પૃથ્વી પરના સૌથી આધ્યાત્મિક અને સંવેદનશીલ વ્યક્તિઓમાં છે. તમને જાતે જ લાગશે કે તમારામાં શક્તિનો સંચાર થયો છે. આ રાશિ ના એ લોકો જે વિદેશ થી વેપાર કરે છે તે લોકો ને ઘણું સારું આર્થિક લાભ થવા ની શક્યતા છે.




**મિથુન (ક,છ,ઘ) :**

આજે અન્યો વિરૂદ્ધ વેરઝેરની ભાવના પોષવાથી તમને માનસિક તાણ મળશે. તમારે આવા વિચારો ટાળવા જોઈએ કેમ કે તેઓ જીવન બગાડનારા તથા તમારી ક્ષમતાનો નાશ કરનારા હોય છે. કેટલીક મહત્વની યોજનાઓ અમલમાં મુકાશે જેને કારણે તમને નવો આર્થિક લાભ થશે. તમારો વિનોદી સ્વભાવ તમારી આસપાસનું વાતાવરણ ઝળકાવશે.



**કર્ક (ડ,હ) :**

આજે એવો દિવસ જ્યારે તમે આરામ કરી શકશો. તમારા શરીરને તેલથી માલિશ કરો અને તમારા સ્નાયુઓને આરામ આપો. તમારૂં અવાસ્તવિક આયોજન નાણાંના વેડફાટમાં પરિણમશે. સૌને તમારી મોટી પાર્ટી માટે બોલાવો-આજે તમારામાં એ વધારાની ઊર્જા હશે જે તમારા ગ્રુપ માટે કાર્યક્રમનું આયોજન કરવા પ્રેરશે. આજે તમારો પ્રેમ સોળે કળાએ ખીલશે.




**સિંહ (મ,ટ) :**

આજનો દિવસ તમારો વિપુલ આત્મવિશ્વાસ તથા કામનું સરળ સમયપત્રક તમને હળવા થવાનો પૂરતો સમય આપશે. તમારા પિતા ની કોઈ સલાહ તમને કાર્યક્ષેત્ર માં આજે ધનલાભ કરાવી શકે છે. પરિવારના સભ્યો સાથે કેટલીક હળવાશભરી પળો વિતાવો. આજે તમને જાણ થશે કે તમારું પ્રિયપાત્ર તમને અનંતકાળ સુધી પ્રેમ કરશે.



**કન્યા (પ,ઠ,ણ) :**

આજે રમૂજી સંબંધીઓનો સાથ તમારી તાણ ઘટાડશે તથા તમને જેની જરૂર છે એવી નિરાંત તમને આપશે. આવા સંબંધીઓ મેળવવા બદ્લ તમે નસીબદાર છો. આર્થિક બાબતોમાં ચોક્કસ સુધારો થશે-પણ તેની સાથે જ ખર્ચમાં પણ વધારો થશે. દૂરનાં કોઈ સગાં તરફથી લાબા સમયથી તમને જે સંદેશની અપેક્ષા હતી તે આવશે અને તેમાં આખા પરિવાર અને ખાસ કરીને તમારી માટે સારા સમાચાર હશે.




**તુલા (ર,ત) :**

આજે સામાજિક જીવન કરતાં સ્વાસ્થ્યને પ્રાથમિકતા આપજો. ગત દિવસો માં જેટલું ધન તમે પોતાના આજ ને સારું કરવા માટે નિવેશ કર્યું હતું તેનું ફાયદો તમને આજે મળી શકે છે. તમારો વિનોદી સ્વભાવ તમારી આસપાસનું વાતાવરણ ઝળકાવશે. પ્રેમ જીવન આજે વિવાદાસ્પદ બની શકે છે. જે લોકો વિદેશ વેપાર થી સંકળાયેલા છે તેમને આજે માનમાફિક ફળ મળવાની પુરી અપેક્ષા છે.



**વૃશ્ચિક (ન,ય) :**

આજે મિત્રો તમારો પરિચય કોઈક ખાસ વ્યક્તિ સાથે કરાવશે જે તમારા વિચારો પર નોંધપાત્ર અસર છોડશે. અણધાર્યા બિલ આર્થિક બોજો વધારશે. તમારી મુલાકાતે આવનારા મહેમાનો તમારી સાંજ પર કબજો જમાવશે. તમારા પ્રિયપાત્રને આજે આખો દિવસ તમારી ગેરહાજરી ખૂબ જ ખટકશે. એકાદ સરપ્રાઈઝનું આયોજન કરો અને આજના દિવસને તમારા જીવનનો સૌથી સુંદર દિવસ બનાવો.



**ધન (ભ,ધ,ફ) :**

આજે લાભદાયક દિવસ અને તમને લાંબા ગાળાની માંદગીમાંથી રાહત મળી શકે છે. એમ તો આજે નાણાકીય પક્ષ સારું રહેશે પરંતુ તમને આ પણ ધ્યાન રાખવું હશે કે તમે તમારા પૈસા નકામા ખર્ચ ના કરો. તમારા બાળકોની સમસ્યાઓ સાથે કામ લેવા માટે થોડોક સમય કાઢો. તમે આ વાતો પહેલા પણ સાંભળી હશે. પણ આજે તમે તેનો અનુભવ કરશો.



**મકર (ખ,જ) :**

આજના દિવસે તમારા સ્વાસ્થ્યને લગતી સમસ્યાને કારણે તમે મહત્વનના કામ માટે નહીં જઈ શકો તેને કારણે તમે પાછળ રહી જાવ એવી શક્યતા છે. તમારી જાતને આગળ લઈ જવા માટે તાર્કિક આધાર લો. જે લોકો ઘણા સમય થી નાણાકીય મુશ્કેલી માં થી પસાર થયી રહ્યા હતા તેમને આજે ક્યાંક થી ધન પ્રાપ્ત થયી શકે છે જેથી જીવન માં ઘણી મુશ્કેલીઓ દૂર થયી જશે.



**કુંભ (ગ,શ,સ) :**

આજે અન્યોની નિંદા કરવાની તમારી ટેવને કારણે તમારે નિંદા નો સામનો કરવો પડે એવી શક્યતા છે. તમારી રમૂજવૃત્તિને ઊંચી તથા તમારા બચાવને નીચો રાખશો તો તમે કટુ ટિપ્પણીઓથી બચવા માટે સારી સ્થિતિમાં રહેશો. જે લોકોએ કોઈ થી ઉધાર લીધું છે તેમને આજે કોઈપણ હાલત માં ઉધાર ચુકાવું પડી શકે છે જેથી આર્થિક સ્થિતિ નબળી થયી શકે છે.



**મીન (દ,ચ,ઝ,થ) :**

આજે તમારે ફાજલ સમય તમારા શોખ પોષવા માટે અથવા જે પ્રવૃત્તિઓ કરવી તમને સૌથી વધુ ગમે છે તે કરવામાં ફાળવવો જોઈએ. ચંદ્ર ની સ્થિત ને લીધે તમારું ધન બિનજરૂરી વસ્તુઓ ઉપર ખર્ચ થયી શકે છે. જો તમારે ધન સંચિત કરી ને રાખવું છે તો પોતાના જીવનસાથી અથવા માતા પિતા સાથે આના વિષે ચર્ચા કરો. તમે ભાગ્યે જ મળતા હો એવા લોકો સાથે સંપર્ક સાધવા માટે સારો દિવસ.

## એટમ બોમ્બ બાદ હવે અમે હાઈડ્રોજન બોમ્બ ફોડીશું, વોટર અધિકાર યાત્રામાં રાહુલ ગાંધી બોલ્યા

**। (એજન્સી) પટણા, તા.૨ ।**

બિહારમાં રાહુલ ગાંધીએ વોટર અધિકાર યાત્રા હેઠળ ભાજપ અને એનડીએ સામે આકરા પ્રહારો કર્યા હતા. તેમણે આ દરમિયાન મહારાષ્ટ્રમાં વોટ ચોરીના આરોપો મૂક્યા. તેમણે કહ્યું કે અમે દરેક વોટ ચોરીના પુરાવા આપ્યા છે, તેમ છતાં ચૂંટણી પંચ દ્વારા કોઈ કાર્યવાહી ન કરવામાં આવી. ભાજપ અને ચૂંટણી પંચે ભેગા મળીને વોટ ચોરી કરી છે. વોટ ચોરીનો મતલબ અધિકારની ચોરી, વોટ ચોરીનો મતલબ અનામતની ચોરી, વોટ ચોરીનો મતલબ યુવાઓના ભવિષ્યની ચોરી લખેલા બેનર બતાવીને મોદી સરકાર સામે આકરા પ્રહાર કર્યા હતા. તેમણે કહ્યું કે જે લોકોએ મહાત્મા ગાંધીની હત્યા કરી, એ જ શક્તિ હવે બંધારણની હત્યા કરવાના પ્રયાસ કરી રહી છે. પણ અમે એમને આવું નહીં કરવા દઈએ. આ દરમિયાન રાહુલ ગાંધીએ વોટ ચોર ગદ્દી છોડની નારેબાજી પણ કરાવી હતી. તેમણે ભાજપને પડકારતા કહ્યું કે સાંભળી લેજો, માધવપુરામાં અમે એટમ બોમ્બ બતાવ્યો હતો હવે અમે હાઈડ્રોજન બોમ્બ ફોડવાની તૈયારીમાં છીએ. તમારી વોટ ચોરીનું સત્ય હવે આખા દેશને ખબર પડી જશે.

## ૨૦ ટકા ઈથેનોલવાળું જ પેટ્રોલ મળશે, સુપ્રીમ કોર્ટે વિકલ્પની માંગ કરતી અરજી ફગાવી

**। (એજન્સી) નવી દિલ્હી, તા.૨ ।**

દેશભરમાં 20% ઈથેનોલ મિશ્રિત પેટ્રોલ (E20)નું વેચાણ બંધ કરવા કે ઈથેનોલ ફ્રી પેટ્રોલનું પણ વેચાણ કરવાની જાહેર હિતની અરજી સુપ્રીમ કોર્ટે ફગાવી દીધી છે. ચીફ જસ્ટિસ બી.આર. ગવઈની અધ્યક્ષતા ધરાવતી બેન્ચે આ અરજી પર સુનાવણી કરતા કહ્યું હતું કે, આ મુદ્દે હસ્તક્ષેપની કોઈ જરૂર નથી.

આ અરજીમાં કહેવાયું હતું કે, દેશના કરોડો વાહન ચાલકોને એવા ફ્યૂલનો ઉપયોગ કરવા માટે મજબૂર કરાઈ રહ્યા છે, જે તેમના વાહનના એન્જિન માટે છે જ નહીં. અમે ઈથેનોલ ધરાવતું પેટ્રોલ હટાવવાની માંગ નથી કરતા, પરંતુ ગ્રાહકોને ઈથેનોલ વિનાના પેટ્રોલ પણ વિકલ્પ મળે તેવી માગ કરીએ છીએ.

આ અરજીમાં તમામ પેટ્રોલ પંપ પર ઈથેનોલ મુક્ત પેટ્રોલ મળી શકે એવી વ્યવસ્થા કરવાનો, ઈથેનોલ યુક્ત પેટ્રોલના સ્પષ્ટ લેબલ, ગ્રાહકોને વાહનની ફ્યૂલ કોમ્પ્પેટિબિલિટીની માહિતી આપવાની તેમજ કન્ઝ્યુમર પ્રોટેક્શન એક્ટ ૨૦૧૯ હેઠળ યોગ્ય એડવાઈઝરી જાહેર કરવાની માગ પણ કરાઈ હતી.

### અમેરિકાને ભારતની મિત્રતા યાદ આવી

# PM મોદી, પુતિન અને જિનપિંગની મુલાકાત બાદ અમેરિકાના સૂર બદલાયા

**તેમના આ મિલાપ વચ્ચે ભારતમાં અમેરિકાના દૂતાવાસે એક પોસ્ટ કરી ભારત-અમેરિકાની મિત્રતાનો ઉલ્લેખ કર્યો હતો**

**। (એજન્સી) વોશિંગ્ટન, તા.૨ ।**

વડાપ્રધાન નરેન્દ્ર મોદી, રશિયાના પ્રમુખ વ્લાદિમીર પુતિન અને ચીનના પ્રમુખ શી જિનપિંગ શાંઘાઈ સહયોગ સંગઠન શિખર સંમેલનમાં એકમંચ પર જોવા મળ્યા છે. ત્રણેય નેતાઓ એક-બીજા સાથે હળીમળીને વાતચીત કરી ત્રણેય દેશ એકજૂટ હોવાનો સંદેશ આપ્યો છે. તેમના આ મિલાપ વચ્ચે ભારતમાં અમેરિકાના દૂતાવાસે એક પોસ્ટ કરી ભારત-અમેરિકાની મિત્રતાનો ઉલ્લેખ કર્યો હતો. અમેરિકાના દૂતાવાસે આજે સોમવારે એક સોશિયલ મીડિયા પોસ્ટ કરી ભારત સાથેની મિત્રતા યાદ કરી હતી. તેણે પોસ્ટમાં લખ્યું હતું કે, યુએસએ અને ભારત વચ્ચેની ભાગીદારી સતત નવી ઊંચાઈએ પહોંચી રહી છે. આ ૨૧મી સદીનો નિર્ણાયક સંબંધ છે. ઈનોવેશન અને ઉદ્યમથી માંડી સંરક્ષણ અને દ્વિપક્ષીય સંબંધો સુધી બંને દેશો વચ્ચે સ્થાયી મિત્રતા છે. તે એક નવી ઉર્જા પ્રદાન કરે છે. ઉલ્લેખનીય છે, આ પોસ્ટમાં અમેરિકાના વિદેશ મંત્રી માર્કો રૂબિયોનું નિવેદન પણ સામેલ હતું. તેમણે કહ્યું કે, ભારત અને અમેરિકાના લોકો વચ્ચે ગાઢ મિત્રતા અમારા સંબંધોનો આધાર છે. ચીનના તિયાનજિન શહેરમાં આયોજિત એસસીઓ સમિટ પૂર્ણ થઈ છે. ત્યારબાદ વડાપ્રધાન મોદી અને રશિયાના પ્રમુખ પુતિન વચ્ચે દ્વિપક્ષીય બેઠક થઈ હતી. એક બાજુ અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા રશિયન ક્રૂડ ખરીદવા મુદ્દે ભારત પર દબાણ થઈ રહ્યું છે. ભારત પર પેનલ્ટી પેટે તેણે વધારાનો ૨૫ ટકા ટેરિફ લાદ્યો છે. જેનાથી ભારત હાલ ૫૦ ટકા ટેરિફનો સામનો કરી રહ્યું છે. એક દિવસ પહેલાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને ચીનના પ્રમુખ શી જિનપિંગ વચ્ચે દ્વિપક્ષીય બેઠક થઈ હતી. જે આશરે ૧ કલાક સુધી ચાલી હતી. મીટિંગમાં પીએમ મોદીએ જણાવ્યું હતું કે, ભારત અંગત વિશ્વાસ અને સન્માન સાથે સંબંધોને વેગ આપવા પ્રતિબદ્ધ છે. ચીનના પ્રમુખે જણાવ્યું કે, ડ્રેગન અને એલિફન્ટ એક સાથે મળી સહયોગમાં વધારો કરે. ભારત અને ચીન વિકાસના ભાગીદાર છે, હરીફ નથી અને મતભેદોને વિવાદોમાં ફેરવવા જોઈએ નહીં. પીએમ મોદીએ જિંગપિંગને ૨૦૨૬માં ભારત દ્વારા યોજાનારી બ્રિક્સ સમિટમાં ભાગ લેવા આમંત્રણ પણ આપ્યું હતું. એક દિવસ પહેલાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને ચીનના પ્રમુખ શી જિનપિંગ વચ્ચે દ્વિપક્ષીય બેઠક થઈ હતી. જે આશરે ૧ કલાક સુધી ચાલી હતી. મીટિંગમાં પીએમ મોદીએ જણાવ્યું હતું કે, ભારત અંગત વિશ્વાસ અને સન્માન સાથે સંબંધોને વેગ આપવા પ્રતિબદ્ધ છે. ચીનના પ્રમુખે જણાવ્યું કે, ડ્રેગન અને એલિફન્ટ એક સાથે મળી સહયોગમાં વધારો કરે. ભારત અને ચીન વિકાસના ભાગીદાર છે, હરીફ નથી અને મતભેદોને વિવાદોમાં ફેરવવા જોઈએ નહીં. પીએમ મોદીએ જિંગપિંગને ૨૦૨૬માં ભારત દ્વારા યોજાનારી બ્રિક્સ સમિટમાં ભાગ લેવા આમંત્રણ પણ આપ્યું હતું.

### સામે આવ્યો ચોંકાવનારો રિપોર્ટ

# ભારતમાં માર્ગ અકસ્માતમાં દર કલાકે ૨૦ લોકોના મોત

**રિપોર્ટ અનુસાર ઓવર-સ્પીડિંગ અને ખોટા દિશામાં ગાડી ચલાવવી દુર્ઘટનાના સૌથી મોટા કારણ બન્યા**

**। (એજન્સી) નવી દિલ્હી, તા.૨ ।**



ભારતમાં રોડ સુરક્ષાની સ્થિતિ સતત ખરાબ થઈ રહી છે. રોડ પરિવહન અને રાજમાર્ગ મંત્રાલય (MoRTH) ના લેટેસ્ટ રિપોર્ટ પ્રમાણે વર્ષ ૨૦૨૩મા ૧.૭૨ લાખથી વધુ લોકોના મોત રોડ અકસ્માતમાં થયા છે. તેનો મતલબ છે કે દેશમાં એવરેજ દરરોજ ૪૭૪ લોકો અને દર કલાકે આશરે ૨૦ લોકો રોડ અકસ્માતનો શિકાર બની પોતાનો જીવ ગુમાવી રહ્યાં છે. આ આંકડા કોઈ મહામારીથી ઓછા નથી અને તે દર્શાવે છે કે આપણા રોડ હજુ કેટલા ખતરનાક છે. રિપોર્ટ અનુસાર ઓવર-સ્પીડિંગ અને ખોટા દિશામાં ગાડી ચલાવવી દુર્ઘટનાના સૌથી મોટા કારણ બન્યા. આ સિવાય હેલ્મેટ અને સીટ બેલ્ટનો ઉપયોગ ન કરવો પણ મોતનું કારણ છે. આંકડા દર્શાવે છે કે માત્ર હેલ્મેટ ન પહેરવાથી ૫૪૫૬૮ બાઈક સવારોના મોત થયા છે. એટલું જ નહીં સીટ બેલ્ટનો ઉપયોગ ન કરવાથી પણ હજારો લોકોએ પોતાનો જીવ ગુમાવ્યો હતો. આ અહેવાલમાં એ પણ સ્પષ્ટ કરવામાં આવ્યું છે કે માર્ગ અકસ્માતોની સૌથી મોટી અસર રાહદારીઓ અને ટુ-વ્હીલર ચાલકો પર પડે છે. ફક્ત ૨૦૨૩ માં જ ૩૫,૦૦૦ થી વધુ રાહદારીઓના મૃત્યુ થયા હતા, જે ૨૦૨૨ કરતા ઘણા વધારે છે. આ દર્શાવે છે કે ભારતના રસ્તાઓ હજુ પણ રાહદારીઓ અને સાયકલ સવારો માટે સલામત નથી. રોડ સેફ્ટી નેટવર્ક અને કંઝ્યુમર વોઈસ જેવી સંસ્થાઓના નિષ્ણાંતોનું કહેવું છે કે દુર્ઘટનાની જવાબદારી માત્ર માનવીય ભૂલો પર ન નાખી શકાય.

### લેટેસ્ટ ભાવ બાદ હવે દિલ્હીમાં કોમર્શિયલ ગેસ સિલિન્ડરનો ભાવ ઘટીને ૧૫૮૦ રૂપિયા થયો છે

# ૧૯ કિલોવાળા કોમર્શિયલ એલપીજી ગેસના બાટલાના ભાવમાં ઘટાડો

**। (એજન્સી) નવી દિલ્હી, તા.૨ ।**

સપ્ટેમ્બર મહિનાની શરૂઆતમાં સારા સમાચાર આવ્યા છે. એલપીજી ગેસનો બાટલો સસ્તો થયો છે. ઓઈલ માર્કેટિંગ કંપનીઓએ સિલિન્ડરના ભાવમાં ઘટાડો કર્યો છે. જો કે આ વખતે પણ ૧૯ કિલોવાળા કોમર્શિયલ એલપીજી ગેસના બાટલાના ભાવ ઘટ્યા છે. લેટેસ્ટ ભાવ બાદ હવે દિલ્હીમાં કોમર્શિયલ ગેસ સિલિન્ડરનો ભાવ ઘટીને ૧૫૮૦ રૂપિયા થયો છે. આ અગાઉ ઓગસ્ટ મહિનામાં પણ તેના ભાવમાં ઘટાડો થયો હતો. જો કે ઘરેલુ ગેસ સિલિન્ડરના ભાવમાં કોઈ ફેરફાર નથી. નવા ભાવ આજથી લાગૂ થઈ ગયા છે. આઈઓસીએલની વેબસાઈટ પર અપડેટ કરાયેલા નવા ભાવ મુજબ દિલ્હીમાં ૧૯ કિલો કોમર્શિયલ ગેસનો બાટલો ૧૬૩૧.૫૦ થી ઘટીને ૧૫૮૦ રૂપિયા થયો છે. જ્યારે કોલકાતામાં ૧૭૩૪.૫૦ રૂપિયાનો બાટલો હવે ૧૬૮૪ રૂપિયામાં મળશે. મુંબઈમાં પણ ૧૫૮૨.૫૦ રૂપિયાનો બાટલો હવે ૧૫૩૧.૫૦ રૂપિયામાં મળશે. જ્યારે ચેન્નાઈમાં એક સિલેન્ડરનો ભાવ ૧૭૮૯ રૂપિયાથી ઘટીને ૧૭૩૮ રૂપિયા થયો છે. ૧૯ કિલોવાળા કોમર્શિયલ ગેસ સિલિન્ડરના ભાવમાં છેલ્લા કેટલાક મહિનાથી સતત ઘટાડો જોવા મળી રહ્યો છે. આ અગાઉ ઓગસ્ટ મહિનાની શરૂઆતમાં પણ ભાવમાં ૩૩.૫૦ રૂપિયા ઘટ્યા હતા. તે પહેલા ૧ જુલાઈના રોજ પણ ૫૮ રૂપિયા ઘટાડો જોવા મળ્યો હતો.

એક બાજુ જ્યાં કોમર્શિયલ સિલિન્ડરના ભાવમાં સતત ઘટાડો થઈ રહ્યો છે ત્યારે ૧૪ કિલોવાળા ઘરેલુ રાંધણ ગેસના બાટલાના ભાવમાં કોઈ ફેરફાર નથી. છેલ્લા ૧૪ કિલોવાળા સિલિન્ડરના ભાવમાં ૮ એપ્રિલના રોજ ફેરફાર જોવા મળ્યો હતો. પરંતુ ત્યારબાદ ભાવ બદલાયા નથી. હાલ દિલ્હીમાં તે ૮૫૩ રૂપિયામાં, કોલકાતામાં ૮૭૯ રૂપિયા, મુંબઈમાં ૮૫૨.૫૦ રૂપિયા અને ચેન્નાઈમાં ૮૬૮.૫૦ રૂપિયામાં બાટલો મળે છે. નોંધનીય છે કે ઓઈલ કંપનીઓ દર મહિનાની પહેલી તારીખે એલપીજી સિલિન્ડરના ભાવની સમીક્ષા કરે છે. ત્યારબાદ નવા રેટ જાહેર થાય છે. આ ભાવ ક્રૂડ ઓઈલના વૈશ્વિક ભાવ, ઈન્ડિયન કરન્સી રૂપિયાની સ્થિતિ તથા અન્ય બજાર સ્થિતિઓ પર નિર્ભર કરે છે અને પહેલી તારીખે નવા ભાવ જાહેર થાય છે. ૧૯ કિલોના એલપીજી સિલિન્ડરના ભાવમાં આ ઘટાડો હોટલ, રેસ્ટોરન્ટ, ઢાબા અને અન્ય વ્યવસાયિક સંસ્થાનો માટે રાહતના સમાચાર છે. જે કોમર્શિયલ ગેસ સિલિન્ડરનો ઉપયોગ કરે છે.

### વરસાદની ડરામણી આગાહી, જમ્મુ, ઉત્તરાખંડ, હિમાચલમાં ભારે વરસાદની શક્યતા

# બે સિસ્ટમ અથડાશે અને ઘણા વિસ્તારોનો ખુડદો બોલાશે

**। (એજન્સી) નવી દિલ્હી, તા.૨ ।**

પહાડી વિસ્તારોમાં જોરદાર વરસાદના કારણે ઉત્તર ભારતમાં નદીઓએ તાંડવ મચાવ્યું છે. પંજાબના લગભગ ૯ હજાર જેટલા ગામડા ડૂબ્યા છે. મોટાભાગની નદીઓએ ખતરાના નિશાન ઉપર વહી રહી છે. બીજી બાજુ હવામાન વિભાગે પણ એક ડરામણી ભવિષ્યવાણી કરી છે. IMD નું કહેવું છે કે મોનસૂન ટ્રફ અને વેસ્ટર્ન ડિસ્ટર્બન્સના અથડાવવાથી આવનારા સમયમાં વરસાદની ગતિવિધિઓ તેજ થશે. જેનાથી જમ્મુ કાશ્મીર, ઉત્તરાખંડ, અને હિમાચલ પ્રદેશમાં ભારે વરસાદની શક્યતા છે. આ સાથે જ નદીઓમાં પુર, ભૂસ્ખલન અને વાદળ ફાટવાની ઘટનાઓ પણ વધી શકે છે. હવામાન વિભાગે કહ્યું કે ૧ સપ્ટેમ્બરથી ઉત્તરાખંડના અનેક વિસ્તારોમાં ભારે વરસાદની શક્યતા છે. હિમાચલ પ્રદેશ, અને જમ્મુ કાશ્મીરમાં બે સપ્ટેમ્બરના રોજ મૂસળધાર વરસાદ પડી શકે છે. આગામી ત્રણથી ચાર દિવસ પહાડી વિસ્તારો માટે ખુબ ગંભીર છે. આમ તો ઉત્તર ભારતમાં શિયાળામાં વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ વધુ એક્ટિવ રહે છે. જ્યારે મોનસૂન સિસ્ટમમાં વેસ્ટર્ન ડિસ્ટર્બન્સના અથડાવવાથી ગંભીર સ્થિતિ પેદા થવાનું જોખમ રહે છે. હવામાન વિભાગના ડાયરેક્ટર મૃત્યુંજય મોહાપાત્રાએ કહ્યું કે ઉત્તરાખંડ, જમ્મુ કાશ્મીર અને હિમાચલ પ્રદેશમાં ઓગસ્ટમાં થયેલા મૂસળધાર વરસાદની પાછળ પણ આ કારણ હતું. ઉત્તરાખંડના ધરાલી, જમ્મુ કાશ્મીરના કિશ્તેવાડ અને હિમાચલના મંડીમાં આફત પાછળ પણ આ કારણ હોઈ શકે છે. દહેરાદૂનના સીનિયર હવામાન વૈજ્ઞાનિક થપલિયાલે કહ્યું કે આગામી ૪૮ કલાક ઉત્તરાખંડ માટે ખુબ સંવેદનશીલ છે. બંને સિસ્ટમ અથડાવવાથી ભારે વરસાદનું અનુમાન છે. આવામાં દહેરાદૂનમાં રેડ એલર્ટ જાહેર કરાયું છે.

## નવા મતદારોના વોટ ભાજપના ખાતામાં કેવી રીતે આવી ગયા?

**। (એજન્સી) નવી દિલ્હી, તા.૨ ।**

વિપક્ષી ગઠબંધન I.N.D.I.A. દ્વારા આયોજિત મતદાતા અધિકાર યાત્રાનું પટણામાં સમાપન થયું છે. કોંગ્રેસના સાંસદ રાહુલ ગાંધી અને રાષ્ટ્રીય જનતા દળ (RJD)ના નેતા તેજસ્વી યાદવે સભા સંબોધી હતી, આ દરમિયાન બંને નેતાઓએ ભાજપ અને ચૂંટણી પંચ પર ગંભીર આક્ષેપો કર્યા છે. તેમણે કહ્યું કે, ભાજપ અને ચૂંટણી પંચ મળીને 'વૉટ ચોરી' કરી રહ્યા છે, જે યુવાનોના અધિકારો, આરક્ષણ અને રોજગાર પર સીધો હુમલો છે. રાહુલ ગાંધીએ કહ્યું કે, વૉટ ચોરી માત્ર ચૂંટણીમાં ગેરરીતિ નથી, પરંતુ તે દેશના યુવાનોના ભવિષ્ય સાથે જોડાયેલો ગંભીર મુદ્દો છે. વૉટ ચોરી એટલે તમારા અધિકારો, આરક્ષણ, રોજગાર અને શિક્ષણના અવસરોની ચોરી. જો આ ચાલુ રહેશે, તો તમારું રાશન કાર્ડ અને તમારી જમીન પણ છીનવીને ઉદ્યોગપતિઓને આપી દેવામાં આવશે. તેમણે મહારાષ્ટ્રની ચૂંટણીઓનો ઉલ્લેખ કરીને કહ્યું કે, 'મહારાષ્ટ્રમાં કોંગ્રેસ, એનસીપી અને શિવસેના પાસેથી ચૂંટણી છિનવી લેવાઈ.

### બિહાર SIR મામલે સુપ્રીમ કોર્ટની ટિપ્પણી

# ચૂંટણી પંચ અને રાજકીય પક્ષો વચ્ચે વિશ્વાસની કમી

**સુપ્રીમ કોર્ટે ચૂંટણી રાજ્યમાં ખાસ સઘન સંશોધન પછી તૈયાર કરાયેલ ડ્રાફ્ટ મતદાર યાદી પર વાંધા અરજી દાખલ કરવાની સમય મર્યાદા લંબાવી**

**। (એજન્સી) નવી દિલ્હી, તા.૨ ।**

સુપ્રીમ કોર્ટે સોમવારે બિહારમાં SIR સંબંધિત કેસની સુનાવણી કરી. સુનાવણી દરમિયાન સુપ્રીમ કોર્ટે કહ્યું કે, બિહારમાં ચૂંટણી પંચ અને રાજકીય પક્ષો વચ્ચે વિશ્વાસની કમી દુર્ભાગ્યપૂર્ણ છે. સુપ્રીમ કોર્ટે ચૂંટણી રાજ્યમાં ખાસ સઘન સંશોધન પછી તૈયાર કરાયેલ ડ્રાફ્ટ મતદાર યાદી પર વાંધા અરજી દાખલ કરવાની સમય મર્યાદા લંબાવી દીધી છે. આ કેસની સુનાવણી દરમિયાન સુપ્રીમ કોર્ટે એક મહત્વપૂર્ણ ટિપ્પણી પણ કરી. આ દરમિયાન કોર્ટે કહ્યું કે, રાજ્યમાં ચૂંટણી પંચ અને રાજકીય પક્ષો વચ્ચે વિશ્વાસની કમી જોવા મળી રહી છે. સુપ્રીમ કોર્ટે આ વિશ્વાસની કમીને દુર્ભાગ્યપૂર્ણ ગણાવી છે. તમને જણાવી દઈએ કે, સોમવારે સુપ્રીમ કોર્ટમાં જસ્ટિસ સૂર્યકાંત અને જસ્ટિસ જૉયમલ્યા બાગચીની બેન્ચ ડ્રાફ્ટ લિસ્ટ પર વાંધા દાખલ કરવા માટે ૧ સપ્ટેમ્બરની સમયમર્યાદા લંબાવવાની માગ કરતી અરજીઓની સુનાવણી કરી રહી હતી. બીજી તરફ ચૂંટણી પંચ તરફથી હાજર રહેલા વરિષ્ઠ વકીલ રાકેશ દ્વિવેદીએ કહ્યું કે, બિહારના લોકોને ખાસ સઘન સુધારાથી કોઈ સમસ્યા નથી. માત્ર અરજદારો જ તેનાથી નારાજ છે.

**વિશેષ** | **રાષ્ટ્રીય પોષણ સપ્તાહ-૨૦૨૫ : અમદાવાદ જિલ્લો, સુપોષિત ભારત થકી જ થશે વિકસિત ભારતનું સપનું સાકાર**

# નાગરિકો ખાસ કરીને બાળકો અને મહિલાઓના પોષણ માટે દરકાર લેતી રાજ્ય સરકાર, રાજ્ય સરકાર દ્વારા પોષણ સંબંધિત ૧૦થી વધારે વિશેષ યોજનાઓ અમલમાં છે

**। (માહિતી) ગાંધીનગર ।**

દર વર્ષે સપ્ટેમ્બર મહિનાના પ્રથમ સપ્તાહને રાષ્ટ્રીય પોષણ સપ્તાહ તરીકે ઊજવવામાં આવે છે. આ વર્ષે પણ પોષણ જેવા મહત્ત્વપૂર્ણ મુદ્દાને ચર્ચામાં લાવવા તથા કુપોષણ સામેની લડાઈને વધારે વેગવંતી બનાવવા માટે તા. ૧થી ૭ સપ્ટેમ્બર દરમિયાન દેશભરમાં રાષ્ટ્રીય પોષણ સપ્તાહની ઉજવણી કરવામાં આવી રહી છે.

દર વર્ષે જુદી જુદી થીમ (વિષયવસ્તુ) સાથે આ સપ્તાહ ઊજવાતું હોય છે. આ વર્ષની રાષ્ટ્રીય પોષણ સપ્તાહની થીમ છે – ઈટ રાઈટ ફોર બેટર લાઈફ, એટલે કે સારા જીવન માટે યોગ્ય ખોરાક લેવો.

આપણે જાણીએ છીએ કે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા મેદસ્વિતાને કારણે લોકોમાં વધી રહેલી બીમારીઓને ધ્યાનમાં રાખીને મેદસ્વિતામુક્ત રાષ્ટ્ર માટે આહ્વાન કરવામાં આવ્યું છે. ગુજરાત સરકાર દ્વારા 'મેદસ્વિતામુક્ત ગુજરાત' નામનું વિશેષ અભિયાન રાજ્યભરમાં ચલાવવામાં આવી રહ્યું છે. ખોરાક લેવો જરૂરી છે, જેનાથી આપણા શરીરને પોષણ મળે, પરંતુ આજના સમયમાં જ્યારે જંકફૂડ, ફાસ્ટફૂડ અને રેડીમેડ ફૂડની બોલબાલા વધી રહી છે ત્યારે આવા ખાદ્યપદાર્થો મેદસ્વિતા, ડાયાબિટીસ, બીપી, એસિડિટી, પાચનતંત્રના રોગો વગેરે વધારી રહ્યા છે. એટલે જ આ વર્ષની થીમ – 'સારા જીવન માટે યોગ્ય ખોરાક લેવો' રાખવામાં આવી છે. પૌષ્ટિક અને ઊર્જાવર્ધક ભોજન જરૂરી છે. ખોરાકની પસંદગી વખતે આપણે જો થોડી સભાનતા કેળવીએ તો પોષણયુક્ત ખોરાક લેવાના આગ્રહી બનીએ, જે આપણને તંદુરસ્ત અને સારું જીવન પ્રદાન કરી શકે છે.

વિકસિત ભારત માટે વિકસિત ગુજરાતના નિર્માણ માટે રાજ્ય સરકાર સહિત રાજ્યભરના નાગરિકો પ્રયત્નશીલ છે. દેશને વિકસિત બનાવવા માટે તંદુરસ્ત નાગરિકો અત્યંત આવશ્યક છે. મન અને તનથી તંદુરસ્ત નાગરિક જ દેશના વિકાસમાં પોતાનું ૧૦૦ ટકા યોગદાન આપી શકે છે. આપણા દેશ માટે દાયકાઓથી સૌથી મોટો પડકાર કુપોષણનો રહ્યો છે.

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં દેશભરમાં કુપોષણનો સામનો કરવા માટે અનેક યોજનાઓ અમલમાં છે. ગુજરાતની વાત કરીએ તો મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શનમાં રાજ્ય સરકાર દ્વારા નાગરિકોના પોષણ માટે દસથી વધારે યોજનાઓ કાર્યરત છે.

રાજ્ય સરકાર દ્વારા દૂધ સંજીવની યોજના, મુખ્યમંત્રી માતૃશક્તિ યોજના, મુખ્યમંત્રી પૌષ્ટિક અલ્પાહાર યોજના, પીએમ પોષણ યોજના, પ્રધાનમંત્રી માતૃવંદના યોજના, પૂર્ણા યોજના, પોષણ સુધા યોજના, સુખડી યોજના, પૂરક પોષણ યોજના ઉપરાંત રેશનમાં સસ્તા દરે અનાજ, કઠોળ, દાળ સહિતના ખાદ્ય પદાર્થોનું વિતરણ તેમજ મધ્યાહ્ન ભોજન અંતર્ગત શાળાએ જતાં બાળકોને પૌષ્ટિક ભોજન મળે, એવી અનેક યોજનાઓ ચલાવવામાં આવી રહી છે.

રાજ્ય સરકાર આઈસીડીએસ જેવા પ્રકલ્પોના સહયોગથી આંગણવાડી વગેરે વ્યવસ્થા થકી કુપોષિત બાળકોના વિકાસ માટે પણ કાર્યરત છે. રાજ્યમાં તાલુકા સ્તરે ચાઈલ્ડ માલન્યૂટ્રિશન ટ્રીટમેન્ટ સેન્ટર (સીએમટીસી) ચલાવવામાં આવે છે, જેમાં કુપોષિત બાળકને ૧૪ દિવસ સતત પોષણ અને સારવારથી સુપોષિત કરવા માટે પ્રયાસ કરવામાં આવે છે. આમ, કેન્દ્ર અને રાજ્ય સરકાર દ્વારા તંદુરસ્ત બાળક અને એ રીતે દેશનું તંદુરસ્ત ભવિષ્ય ઘડવા માટે અનેક સ્તરે પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. જનજાગૃતિ તથા સામાજિક-સ્વૈચ્છિક સંસ્થાઓના સહયોગથી આ અભિયાન વધારે વેગવંતા બની રહ્યા છે. વિકસિત ભારત સુપોષિત ભારત પણ બની રહે, એ માટે સૌનો સાથ અને સહયોગ જરૂરી છે. રાજ્ય સરકાર દ્વારા દૂધ સંજીવની યોજના, મુખ્યમંત્રી માતૃશક્તિ યોજના, મુખ્યમંત્રી પૌષ્ટિક અલ્પાહાર યોજના, પીએમ પોષણ યોજના, પ્રધાનમંત્રી માતૃવંદના યોજના, પૂર્ણા યોજના, પોષણ સુધા યોજના, સુખડી યોજના, પૂરક પોષણ યોજના ઉપરાંત રેશનમાં સસ્તા દરે અનાજ, કઠોળ, દાળ સહિતના ખાદ્ય પદાર્થોનું વિતરણ તેમજ મધ્યાહ્ન ભોજન અંતર્ગત શાળાએ જતાં બાળકોને પૌષ્ટિક ભોજન મળે, એવી અનેક યોજનાઓ ચલાવવામાં આવી રહી છે. રાજ્ય સરકાર આઈસીડીએસ જેવા પ્રકલ્પોના સહયોગથી આંગણવાડી વગેરે વ્યવસ્થા થકી કુપોષિત બાળકોના વિકાસ માટે પણ કાર્યરત છે. રાજ્યમાં તાલુકા સ્તરે ચાઈલ્ડ માલન્યૂટ્રિશન ટ્રીટમેન્ટ સેન્ટર (સીએમટીસી) ચલાવવામાં આવે છે, જેમાં કુપોષિત બાળકને ૧૪ દિવસ સતત પોષણ અને સારવારથી સુપોષિત કરવા માટે પ્રયાસ કરવામાં આવે છે. આમ, કેન્દ્ર અને રાજ્ય સરકાર દ્વારા તંદુરસ્ત બાળક અને એ રીતે દેશનું તંદુરસ્ત ભવિષ્ય ઘડવા માટે અનેક સ્તરે પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. જનજાગૃતિ તથા સામાજિક- સ્વૈચ્છિક સંસ્થાઓના સહયોગથી આ અભિયાન વધારે વેગવંતા બની રહ્યા છે. વિકસિત ભારત સુપોષિત ભારત પણ બની રહે, એ માટે સૌનો સાથ અને સહયોગ જરૂરી છે.

ન્યૂઝ બ્રિફ

## ચાણસ્માના કંબોઈ ગામમાં આંગડિયા પેઢીના સંચાલકોની ધમકીથી ખેડૂતનો આપઘાત

। (એજન્સી) પાટણ, તા.૨ ।

પાટણ જિલ્લાના ચાણસ્મા તાલુકાના કંબોઇ ગામે આંગડિયા પેઢીના સંચાલકોની ધમકીઓથી કંટાળીને એક ખેડૂતે આત્મહત્યા કરી લેતાં ચકચાર મચી જવા પામી છે. આ બાબતે મૃતકના પુત્રે ચાણસ્મા પોલીસ સ્ટેશનમાં ત્રણ લોકો સામે ફરિયાદ નોંધાવતાં પોલીસે તપાસ હાથ ધરી છે.કંબોઈ ગામના સહદેવસિંહ સોલંકી કોલકાતામાં ડી.વાય. એન્ટરપ્રાઇઝ નામની આંગડિયા પેઢીમાં નોકરી કરતા હતા. પેઢીના સંચાલકો ગોવિંદજી સોલંકી, કનુજી સોલંકી અને શૈલેન્દ્રસિંહ સોલંકીએ તેમના પર પેઢીના હિસાબમાંથી સાડા છ કરોડ રૂપિયાની હેરાફેરીનો આરોપ મૂક્યો હતો.આ ત્રણેય જણા વારંવાર સહદેવસિંહના ઘરે આવતા હતા અને તેઓ સહદેવસિંહ, તેમના પિતા બળદેવજી અને પરિવારના અન્ય સભ્યોને ધમકીઓ આપતા હતા. તેઓ કહેતા કે જો પૈસા પરત નહીં કરે તો આખા પરિવારને જાનથી મારી નાખશે અને તેમની ખેતીની જમીન પડાવી લેશે.સતત ધમકીઓથી ત્રસ્ત થઈને બળદેવજી સોલંકીએ ૨૧ ઓગસ્ટ ૨૦૨૫ના રોજ તેમના ખેતરમાં ઝેરી દવા પી લીધી હતી. આ બાબતની જાણ પરિવારજનોને થતાં તેઓ તેમને તાત્કાલિક સારવાર માટે વિવિધ હોસ્પિટલોમાં ખસેડવામાં આવ્યા હતા.

## ઓનલાઇન ટાસ્ક પૂરા કરી પૈસા મેળવવાના ચક્કરમાં યુવતીને ૩.૧૪ લાખ ગુમાવવા પડ્યા

। (એજન્સી) અમદાવાદ, તા.૨ ।

દરિયાપુર વિસ્તારમાં રહેતી યુવતીએ ઓનલાઈન ટાસ્ક પૂરા કરી પૈસા મેળવવાના ચક્કરમાં ૩.૧૪ લાખ ગુમાવવા પડ્યા છે. આ મામલે દરિયાપુર પોલીસે ફરિયાદ નોંધી તપાસ આદરી છે. નોંધનીય છે કે, ગઠિયાએ પહેલાં તો ટાસ્ક પૂરા કરતાની સાથે ઓનલાઈન પૈસા ટ્રાન્સફર કર્યા હતા પરંતુ ત્યારબાદ પૈસા ઉપાડવા માટે પૈસા ભરાવી ઠગાઈ આચરી હતી. દરિયાપુરમાં ૩૮ વર્ષિય હિરલ પતિ સહિત પરિવાર સાથે રહે છે. હિરલ બેંક ઓફ બરોડા તથા સેન્ટ્રલ બેંક ઓફ ઈન્ડિયામાં એકાઉન્ટ ધરાવે છે. બન્ને ખાતામાં તે ગુગલ પે વાપરે છે. ૧૩ જુલાઈએ હિરલને ટેલિગ્રામ એપ પર એચબીટીઆર નામના ગ્રૂપ પરથી મેસેજ આવ્યો હતો. જેમાં ક્લીક કરતા તે ગ્રૂપમાં એડ થઇ ગઇ હતી. ગ્રૂપમાં હોટલના ફોટો અને લીંક મૂકવામાં આવી હતી. ઉપરાંત કહેવામાં આવ્યું હતું કે, હોટલની સર્વિસ તથા ભોજન કેવું છે તે બાબતે લીંક ખોલી રિવ્યૂ આપવાથી પૈસા મળશે. જે પાંચ ટાસ્ક પૂરા કરશે તેને કમિશન પેટે ૨૦૦ રૂપિયા મળશે. પાંચ ટાસ્ક બાદ છઠ્ઠા ટાસ્ક પૂરા કરવા માટે એક યુપીઆઇ આઇડીમાં ૧૦૧૦ રૂપિયા ટ્રાન્સફર કરવા પડશે અને ત્યારબાદ ટાસ્ક પૂરા કરતા ૧૫૧૩ રૂપિયા પરત આપવામાં આવશે. જેથી હિરલે ટાસ્ક પૂરા કરવા માટે હા પાડી હતી અને ત્યારબાદ તેણે પોતાની બેંક સહિતની ડિટેઇલ સામેવાળી વ્યક્તિને મોકલી આપી હતી. પહેલાં તેણે પાંચ ટાસ્ક પૂરા કરતા પૈસા આવી ગયા હતા. જેથી તેણે છઠ્ઠા ટાસ્ક માટે ૧૦૧૦ રૂપિયા ગુગલ પેથી ટ્રાન્સફર કરી દીધા હતા. તે ટાસ્ક પૂરો કરતા જ ૧૫૧૩ રૂપિયા તેના ખાતામાં આવી ગયા હતા. આમ કરતા કરતા તેણે ૧૭ ટાસ્ક પૂરા કર્યા હતા અને પૈસા આવી ગયા હતા. જેથી તેણે વિશ્વાસ આવ્યો હતો. ૧૮માં ટાસ્કમાં ૭૧૦૦ રૂપિયા ભર્યા હતા. ત્યારબાદ તે પૈસા પરત લેવા માટે લીંક આવી હતી. જેમાં ક્લીક કરતા પૈસા ફ્રીઝ થઇ ગયા હોવાનો મેસેજ આવ્યો હતો અને પૈસા પરત જોઇતા હોય તો ૩૩૯૬૦ રૂપિયા ભરવા પડશે ત્યારબાદ તમામ પૈસા પરત મળશે. આમ ધીરે ધીરે સામેવાળી વ્યક્તિએ હિરલના ખાતાના ૧.૮૯ લાખ મેળવી લીધા હતા.

# સુરતમાં પકડાયેલી ગેન્ગે અનેકને ‘ડિજિટલ ગુલામ’ બનાવ્યાની શંકા

। સુરત, તા.૨ ।

સુરતમાં સાયબર ટીમે આંતરરાષ્ટ્રીય સ્લેવરી રેકેટનો પર્દાફાશ કર્યો છે. સુરત સાયબર સેલની ટીમે ૩ આરોપીઓની ધરપકડ કરી છે. નોકરીની લાલચે યુવકોને મ્યાનમારમાં ગોંધી રાખ્યા હતા. યુવકોને થાઈલેન્ડમાં કોમ્પ્યૂટર વર્કની નોકરીની લાલચ આપી હતી. ભારત ભરમાંથી ૪૦ લોકોને મ્યાનમારમાં ગોંધી રાખ્યા હતા. પંજાબનો મુખ્ય સૂત્રધાર નિવર ચૌધરી સહિત ૩ ઝડપાયા છે. સુરતના આશિષને સાયબર સેલની ટીમે ઝડપી પાડ્યો છે. આ પ્રકારે અનેક લોકોને “ડિજિટલ ગુલામ” બનાવ્યા હોવાની આશંકા સેવાઈ રહી છે. જાન્યુઆરી ૨૦૨૨ થી મે ૨૦૨૪ સુધીમાં ૭૩૧૩૮ લોકો વિઝિટર વિઝા પર કંબોડિયા, થાઈલેન્ડ, મ્યાનમાર અને વિયેતનામ ગયા હતા, તેમાંથી ૨૯૪૬૬ લોકો હજુ સુધી પાછા ફર્યા નથી. સુરતમાં સ્લેવરીનું રેકેટ પકડનારા પોલીસ અધિકારીઓના વર્તુળમાંથી જાણવા મળ્યા મુજબ, દુનિયાભરના લોકો ફિશિંગ, ઓનલાઈન શોપિંગ ળોડ, ક્રિપ્ટો સ્કેમ્સ, મેટ્રિમોનિયલ ળોડ, OTP હેકિંગ અને ‘ડિજિટલ એરેસ્ટ’



જેવા સાયબર ગુનાઓ વધી રહ્યા છે ત્યારે બીજો એક નવો ખતરો બહાર આવ્યો છે. તેને ‘ડિજિટલ ગુલામી’ કહેવાય છે. ડાયમંડ સિટી તરીકે પ્રખ્યાત સુરતમાં પકડાયેલી આ ગેંગ બેરોજગાર યુવાનોને સુવર્ણ ભવિષ્યના સપના બતાવીને ગુલામ બનાવતી હતી. તેમની જાળમાં ફસાયેલા લોકોને પહેલા વિઝિટર વિઝા પર થાઈલેન્ડ બોલાવવામાં આવતા હતા, પછી ગુપ્ત રીતે નદી પાર કરીને મ્યાનમારમાં ધકેલી દેવામાં આવતા હતા. શરૂઆતમાં, તેમને ખાતરી આપવામાં આવતી હતી કે, કામ સરળ રહેશે. તેમણે કમ્પ્યુટર પર કોલિંગ જોબ્સ અથવા ડેટા એન્ટ્રીનું કામ કરવું પડશે. જોકે, જ્યારે વાસ્તવિકતા ખબર પડી ત્યારે લોકો ચોંકી ગયા. તેમના પર દબાણ લાવીને તેમને બળજબરીથી સાયબર ફ્રોડમાં ધકેલી દેવામાં આવ્યા હતા.સરકારી આંકડા આ પ્રકારના રેકેટનો વ્યાપ ખૂબ મોટો હોવાની સંભાવનાને બળ આપે છે. ગૃહ મંત્રાલયના બ્યુરો ઓફ ઈમિગ્રેશનનો રિપોર્ટ કહે છે કે, ગત જાન્યુઆરી ૨૦૨૨ થી મે ૨૦૨૪ સુધીમાં કુલ ૭૩૧૩૮ ભારતીયો વિઝિટર વિઝા પર કંબોડિયા, થાઈલેન્ડ, મ્યાનમાર અને વિયેતનામ ગયા હતા. ચોકાવનારી હકીકત એવી છે કે, આમાંથી ૨૯૪૬૬ લોકો હજુ સુધી ભારતમાં પાછા ફર્યા નથી. પાછા નહીં આવનારાઓમાં અડધાથી વધુ ૨૦ થી ૩૯ વર્ષની વયના યુવાનો છે અને લગભગ ૯૦ ટકા પુરુષો છે.પોલીસ વર્તુળોના જણાવ્યા મુજબ, સાયબર ગુલામીને ડિજિટલ ગુલામી અથવા ઓનલાઈન ગુલામી તરીકે પણ ઓળખવામાં આવે છે. ડિજિટલ પ્લેટફોર્મ અને ટેકનોલોજી દ્વારા વ્યક્તિઓનું શોષણ કરવામાં આવે છે અને ગુના કરવા માટે દબાણ કરવામાં આવે છે.

### યુવકે સરદારનગર પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી

## હોર્ન વગાડવાની તકરારમાં યુવકને ૪ લુખ્ખાએ ફટકાર્યો

### આ મામલે યુવકે સરદારનગર પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા પોલીસે તપાસ આદરી છે

। (એજન્સી) અમદાવાદ, તા.૨ ।

સરદારનગર વિસ્તારમાં બુલેટના હોર્ન વગાડવાની તકરારમાં ચાર લુખ્ખાઓએ યુવકને લાકડીના દંડા વડે મૂઢ માર માર્યો હતો. ઉપરાંત જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. આ મામલે યુવકે સરદારનગર પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા પોલીસે તપાસ આદરી છે. શહેરના સરદારનગર વિસ્તારમાં ૪૪ વર્ષિય સહદેવસિંહ કુંવરસિંહ ઝાલા પરિવાર સાથે રહે છે અને સ્પાર્ક ઈન નામની હોટલ ધરાવી વેપાર કરે છે. ૩૧ ઓગસ્ટના રોજ સહદેવસિંહ પોતાનું બુલેટ લઈ ઘરેથી હોટલ જવા માટે નિકળ્યા હતા. ત્યારે બંગલા એરિયા અંડર બ્રિજ પાસે વળાંક હોવાથી તેમણે બુલેટનો હોર્ન માર્યો હતો. જેથી ત્યાં બેઠેલા ધર્મેન્દ્ર સતાભાઈ ભરવાડે બૂમ પાડી બુલેટ ઊભી રખાવી હતી. પછી ધર્મેન્દ્ર સહદેવસિંહ પાસે પહોંચ્યો હતો અને કહ્યું હતું કે, કેમ હોર્ન મારે છે. ત્યારબાદ તે ઝઘડો કરવા લાગ્યો હતો. જો કે, તે સમયે સહદેવસિંહ ત્યાંથી નિકળી ગયા હતા. જો કે, રાત્રે ધર્મેન્દ્રએ ફોન કરી સહદેવને નોબલનગર ખાતે બોલાવ્યો હતો. ત્યાં પહોંચ્યા ત્યારે ધર્મેન્દ્ર, અનિલ ભરવાડ, રમેશ ભરવાડ સહિતના લોકો ત્યાં હાજર હતા અને ગાળો બોલવા લાગ્યા હતા. બાદમાં તમામે લાકડીના દંડા વડે સહદેવને ફટકાર્યો હતો. આ સમયે બૂમાબૂમ થતા આસપાસના લોકો એકત્ર થઈ ગયા હતા.

### દેશના વીર જવાનોના યોગદાનને મૂલવવાનો અનેરો પ્રયાસ

## ‘એક પેડ માં કે નામ‘ અને ઓપરેશન સિંદૂરની થીમ સાથેનો વસ્ત્રાપુર ગણેશોત્સવનો ગણેશ પંડાલ શહેરીજનોમાં બન્યો આકર્ષણનું કેન્દ્ર

। (માહિતી) અમદાવાદ, તા.૨ ।

રાજ્યમાં અનેરા ભક્તિભાવ અને શ્રદ્ધાપૂર્વક ગણેશ ઉત્સવ પર્વની ઉજવણી થઈ રહી છે ત્યારે અમદાવાદના વસ્ત્રાપુર ખાતે ‘એક પેડ માં કે નામ‘ અને ‘ઓપરેશન સિંદૂર’ની થીમ સાથેનો ગણેશ ઉત્સવ પંડાલ શહેરીજનોમાં આકર્ષણનું કેન્દ્ર બન્યો છે. ‘વસ્ત્રાપુરના મહાગણપતિ’ નામે વર્ષોથી વસ્ત્રાપુર તળાવ પાસે યોજાતો ગણેશ ઉત્સવ દર વર્ષે તેની આગવી થીમ અને સજાવટ તથા શ્રીજીના આકર્ષક વાઘા અને સ્થાપનના લીધે શહેરીજનોને બાપ્પાના દર્શન માટે આકર્ષે છે. આ વર્ષે પણ આયોજકોએ પર્યાવરણ સંરક્ષણ પ્રત્યે રાજ્ય સરકારના મહત્વના અભિયાન એવા ‘એક પેડમાં કે નામ‘ અને તાજેતરમાં આતંકવાદને નાથવા માટે અમલમાં મૂકાયેલા ‘ઓપરેશન સિંદૂર’ ને તેમની થીમમાં સમાવીને આસ્થા અને શ્રદ્ધા સાથે પર્યાવરણ જતન અને દેશભક્તિનો સંદેશ આપ્યો છે. સાથે જ, વોકલ ફોર લોકલ અને આયુર્વેદ - ‘સ્વદેશી અભિયાન, ભારતનું અભિમાન’ જેવા સૂત્રો સાથેના વિવિધ કટ આઉટ અને બેનર્સ પણ શ્રધ્ધાળુઓને સ્વદેશી અને આયુર્વેદ અપનાવવા પ્રોત્સાહિત કરે છે. કેન્દ્રીય ગૃહ મંત્રી શ્રી અમિતભાઈ શાહ અને મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે પણ સરદાર પટેલ સેવાદળ દ્વારા આયોજિત ‘વસ્ત્રાપુરના મહાગણપતિ’ની મુલાકાત લઈને શ્રી ગણેશના દર્શન કર્યા હતા તથા ગણેશપંડાલની થીમને બિરદાવી હતી. કેન્દ્રીય ગૃહ મંત્રી શ્રી અમિતભાઈ શાહ અને મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે પણ સરદાર પટેલ સેવાદળ દ્વારા આયોજિત ‘વસ્ત્રાપુરના મહાગણપતિ’ની મુલાકાત લઈને શ્રી ગણેશના દર્શન કર્યા હતા તથા ગણેશપંડાલની થીમને બિરદાવી હતી.

### રાજ્ય સરકાર દ્વારા પોષણ સંબંધિત ૧૦થી વધારે વિશેષ યોજનાઓ અમલમાં છે

## નાગરિકો ખાસ કરીને બાળકો અને મહિલાઓના પોષણ માટે દરકાર લેતી રાજ્ય સરકાર

। (માહિતી) અમદાવાદ, તા.૨ ।

દર વર્ષે સપ્ટેમ્બર મહિનાના પ્રથમ સપ્તાહને રાષ્ટ્રીય પોષણ સપ્તાહ તરીકે ઊજવવામાં આવે છે. આ વર્ષે પણ પોષણ જેવા મહત્ત્વપૂર્ણ મુદ્દાને ચર્ચામાં લાવવા તથા કુપોષણ સામેની લડાઈને વધારે વેગવંતી બનાવવા માટે તા. ૧થી ૭ સપ્ટેમ્બર દરમિયાન દેશભરમાં રાષ્ટ્રીય પોષણ સપ્તાહની ઉજવણી કરવામાં આવી રહી છે. દર વર્ષે જુદી જુદી થીમ (વિષયવસ્તુ) સાથે આ સપ્તાહ ઊજવાતું હોય છે. આ વર્ષની રાષ્ટ્રીય પોષણ સપ્તાહની થીમ છે – ઈટ રાઈટ ફોર બેટર લાઈફ, એટલે કે સારા જીવન માટે યોગ્ય ખોરાક લેવો. આપણે જાણીએ છીએ કે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા મેદસ્વિતાને કારણે લોકોમાં વધી રહેલી બીમારીઓને ધ્યાનમાં રાખીને મેદસ્વિતામુક્ત રાષ્ટ્ર માટે આહ્વાન કરવામાં આવ્યું છે. ગુજરાત સરકાર દ્વારા ‘મેદસ્વિતામુક્ત ગુજરાત’ નામનું વિશેષ અભિયાન રાજ્યભરમાં ચલાવવામાં આવી રહ્યું છે. ખોરાક લેવો જરૂરી છે, જેનાથી આપણા શરીરને પોષણ મળે, પરંતુ આજના સમયમાં જ્યારે જંકફૂડ, ફાસ્ટફૂડ અને રેડીમેડ ફૂડની બોલબાલા વધી રહી છે ત્યારે આવા ખાદ્યપદાર્થો મેદસ્વિતા, ડાયાબિટીસ, બીપી, એસિડિટી, પાચનતંત્રના રોગો વગેરે વધારી રહ્યા છે. એટલે જ આ વર્ષની થીમ – ‘સારા જીવન માટે યોગ્ય ખોરાક લેવો’ રાખવામાં આવી છે. પૌષ્ટિક અને ઊર્જાવર્ધક ભોજન જરૂરી છે. ખોરાકની પસંદગી વખતે આપણે જો થોડી સભાનતા કેળવીએ તો પોષણયુક્ત ખોરાક લેવાના આગ્રહી બનીએ, જે આપણને તંદુરસ્ત અને સારું જીવન પ્રદાન કરી શકે છે. વિકસિત ભારત માટે વિકસિત ગુજરાતના નિર્માણ માટે રાજ્ય સરકાર સહિત રાજ્યભરના નાગરિકો પ્રયત્નશીલ છે.

## શેઠ પી ટી આર્ટ્સ ગોધરા કોલેજની વિદ્યાર્થીની કરાટે સ્પર્ધામા પ્રથમ આવી

। (એજન્સી) અમદાવાદ, તા.૨ ।

૩૦/૦૮/૨૦૨૫ ના રોજ શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટી આંતર કોલેજ ટેકવાન્ડો ભાઈઓ બહેનોની સ્પર્ધા શહેરા સરકારી આર્ટ્સ કોલેજ ખાતે યોજાઇ હતી જેમાં આપણી કોલેજ ની ભાઈઓ બહેનોની ટીમે ભાગ લીધો હતો જેમાંથી બહેનોના વિભાગમાં ટેકવાન્ડો વેટ કેટેગરી ૬૩-૬૭ માં દિવાન મિસ્બા કે. (ભ .છ જીદ્ઘ-૫ મનોવિજ્ઞાન) જેવો પ્રથમ આવેલ છે સ્થાન ને આવેલ છે. આ ખેલાડી બહેન આવનાર સમયમાં ઓલ ઈન્ડિયા ઈન્ટર યુનિવર્સિટી ટેકવાન્ડો સ્પર્ધા,બાલાસોર, ઓડિશા ખાતે ભાગ લેવા જવા માટે આપણી જીય્ઁ યુનિવર્સિટી ની ટેકવાન્ડો ટીમમાં સિલેક્ટ થયેલ છે.

ખાસ નોંધ બહેનો ધારે તો શું ના કરી શકે એનો ઉત્તમ ઉદાહરણ પૂરું પાડતી આ ખેલાડી

## શેઠ પી ટી આર્ટ્સ ગોધરા કોલેજની વિદ્યાર્થીની કરાટે સ્પર્ધામા પ્રથમ આવી

### ફેક્ટરીના માલિક દ્વારા GPCB (ગુજરાત પોલ્યુશન કંટ્રોલ બોર્ડ)ની પણ મંજૂરી લેવામાં આવી ન હતી




। (પ્રતિનિધી) દેવગઢ બારીઆ, તા.૨ ।

૩૦/૦૮/૨૦૨૫ ના રોજ શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટી આંતર કોલેજ ટેકવાન્ડો ભાઈઓ બહેનોની સ્પર્ધા શહેરા સરકારી આર્ટ્સ કોલેજ ખાતે યોજાઈ હતી જેમાં આપણી કોલેજ ની ભાઈઓ બહેનોની ટીમે ભાગ લીધો હતો જેમાંથી બહેનોના વિભાગમાં ટેકવાન્ડો વેટ કેટેગરી ૬૩-૬૭ માં દિવાન મિસ્બા કે. (B .A sem-5 મનોવિજ્ઞાન) જેવો પ્રથમ આવેલ છે સ્થાન ને આવેલ છે. આ ખેલાડી બહેન આવનાર સમયમાં ઓલ ઈન્ડિયા ઈન્ટર યુનિવર્સિટી ટેકવાન્ડો સ્પર્ધા,બાલાસોર, ઓડિશા ખાતે ભાગ લેવા જવા માટે આપણી SGGU યુનિવર્સિટી ની ટેકવાન્ડો ટીમમાં સિલેક્ટ થયેલ છે. ખાસ નોંધ બહેનો ધારે તો શું ના કરી શકે એનો ઉત્તમ ઉદાહરણ પૂરું પાડતી આ ખેલાડી દિવાન મિસ્બા કે કે જેઓ જુડો સ્પર્ધા માં પ્રથમ, બોક્સિંગ સ્પર્ધામાં પ્રથમ, ટેકવાન્ડો સ્પર્ધામાં પણ પ્રથમ આવીને કોલેજ નું તથા પોતાના પરિવારનો નામ રોશન કરેલ છે. જે બદલ સમગ્ર કોલેજ પરિવાર તથા કોલેજના પ્રિ. ડો. એમ બી પટેલ અને કોલેજના સ્પોર્ટ્સ ડાયરેક્ટર હંસાબેન ચૌહાણે આ બહેનને ખુબ ખુબ અભિનંદન પાઠવ્યા હતા.

## ભાદરવી પૂનમ નિમિતે અંબાજી જતા દર્શનાર્થીઓ માટે ૫૫૦૦ એક્સ્ટ્રા બસોનું આયોજન

। મહેસાણા, તા.૨ ।

કુલ ૪૦૧૩ નવીન બસો સંચાલનમાં મૂકવામાં આવશે. સુપર એક્સપ્રેસ ૨૪૧૩, ગુર્જર નગરી ૫૫૦ બસો, સ્લીપર ૧૦૦, મીડી ૭૫૦, પ્રીમિયર રેડી બિલ્ટ ૨૦૦. ઉલ્લેખનીય છે કે ૧ જાન્યુઆરી ૨૦૨૩થી ૩૧ ઓગસ્ટ ૨૦૨૫ સુધી ૩,૨૯૫ બસનું લોકાર્પણ કરવામાં આવ્યું છે. અંબાજીમાં ભાદરવી પૂનમના મહા મેળાનો રંગચંગે પ્રારંભ થઈ ગયો છે. ભાવિક ભક્તો પગપાળા માં અંબાના દર્શન કરવા માટે મોટી સંખ્યામાં પહોંચી રહ્યા છે. ત્યારે અન્ય શ્રદ્ધાળુઓ પણ સરળતાથી અંબાજી સુધીની મુસાફરી કરી શકે તે માટે પણ રાજ્ય સરકાર દ્વારા વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. મહેસાણામાં નવીન ૭૦ બસનું ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીના હસ્તે લોકાર્પણ કરવામાં આવ્યું છે.

નવીન બસોના લોકાર્પણ સમારોહમાંગૃહ રાજ્ય પ્રધાન હર્ષ સંઘવી અને કેબિનેટ પ્રધાન ઋષિકેશ પટેલ હાજર રહ્યા, ભાદરવી પૂનમ નિમિત્તે એક્સ્ટ્રા બસોનું સંચાલન કરવાનો પણ શુભારંભ કરવામાં આવ્યો છે. ૨૦૨૪–૨૫માં ૧૯૬૩ અને ૨૦૨૫-૨૬માં ૨૦૨૫ બસો સંચાલનમાં મૂકવામાં આવશે, આમ કુલ ૪૦૧૩ નવીન બસો સંચાલનમાં મૂકવામાં આવશે. સુપર એક્સપ્રેસ ૨૪૧૩, ગુર્જર નગરી ૫૫૦ બસો, સ્લીપર ૧૦૦, મીડી ૭૫૦, પ્રીમિયર રેડી બિલ્ટ ૨૦૦. ઉલ્લેખનીય છે કે ૧ જાન્યુઆરી ૨૦૨૩થી ૩૧ ઓગસ્ટ ૨૦૨૫ સુધી ૩,૨૯૫ બસનું લોકાર્પણ કરવામાં આવ્યું છે. રાજ્યમાં દૈનિક ૨૫ લાખથી વધારી ૨૭ લાખ મુસાફરો લાભ લેશે. ૨ સપ્ટેમ્બરથી ૭ સપ્ટેમ્બર સુધી ભાદરવી પૂનમને લઈને અંબાજી જવા માટે બસોનું સંચાલન કરવામાં આવશે. ગૃહરાજ્ય મંત્રી હર્ષ સંઘવીએ જણાવ્યું કે આપને માં અંબાના પર્વની ખૂબ ખૂબ શુભકામનાઓ આપું છું, જે એક ડગલું ચાલી ન શકતા હોય એવા કિલોમીટરો ચાલીને અંબાજી જતા હોય છે, એમની સુવિધાઓ માટે નવીન બસો એક્સ્ટ્રા બસોની સુવિધાઓ અપાઈ છે. આજે ૭૦ નવી બસનું લોકાર્પણ કરવામાં આવ્યું છે. દર્શનાર્થીઓ માટે ૫૫૦૦ એક્સ્ટ્રા બસોનું આયોજન કરાયું છે. વધુમાં મંત્રીએ જણાવ્યું કે ચોરી કે રોમિયોગીરી કોઈ કરશે તો ચારે દિશામાં કેમેરાથી સજ્જ કરવામાં આવ્યા છે અને જો કોઈ આવી હિંમત કરે તો પોલીસને હાથમાં લાકડીએ સજાવટ માટે નથી આપી તેની સંપૂર્ણ સૂચના રાજ્ય સરકાર દ્વારા આપવામાં આવી છે.

## ગૂગલ મેપથી સૌર ઊર્જા પ્લાન્ટમાંથી તારની ચોરી કરતી ટોળકી ઝડપાઈ

। ભાવનગર, તા.૨ ।

ભાવનગર પોલીસની પેરોલ-ફર્લો સ્ક્વોડે છેલ્લાં બે વર્ષથી સૌર ઊર્જા પ્લાન્ટમાંથી કેબલ તારની ચોરી કરતી સક્રિય ટોળકીનો પર્દાફાશ કર્યો છે. પોલીસે આ ટોળકીના ૬ સભ્યોને રૂ. ૧૦,૧૭,૬૦૦ની કિંમતના ચોરીના મુદ્દામાલ સાથે ઝડપી પાડ્યા છે, જેનાથી કુલ ૮ ગુના ઉકેલાયા છે.આ ટોળકી રાત્રિના સમયે ચોરી કરતી હતી. તેઓ ગૂગલ મેપનો ઉપયોગ કરીને દૂરના વિસ્તારોમાં આવેલા સૌર ઊર્જા પ્લાન્ટ્સ શોધી કાઢતા હતા. ત્યારબાદ, તેઓ બોલેરો પીકઅપ વાહન અને તાર કાપવાના કટર લઈને પ્લાન્ટમાં ઘૂસીને કેબલ તારની ચોરી કરતા હતા. પોલીસને મળેલી બાતમીના આધારે પેટ્રોલિંગ દરમિયાન આ ટોળકીને પકડવામાં આવી હતી.ઝડપાયેલા આરોપીઓ પાસેથી રૂ. ૧૦,૧૭,૬૦૦નો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો છે, જેમાં ૧૨૨.૫ કિલોગ્રામ સૌર ઊર્જા પેનલનો કેબલ તાર (કિંમત રૂ. ૮૭,૫૦૦), ૨ નંગ સ્ટીલની ટાંકી (કિંમત રૂ. ૧,૫૦,૦૦૦), રોકડ રૂ. ૫૦,૦૦૦, ૨ બોલેરો પીકઅપ ગાડીઓ (કિંમત રૂ. ૭,૦૦,૦૦૦), ૨ નંગ વાયર કટર (કિંમત રૂ. ૧૦૦) અને ૩ મોબાઈલ ફોન (કિંમત રૂ. ૩૦,૦૦૦)નો સમાવેશ થાય છે.પકડાયેલા આરોપીઓની ઓળખ ભરતભાઈ ડુંગરશીભાઈ વાઘેલા (ઉંમર ૩૧), લાલજીભાઈ ઉર્ફે લાલો કલ્યાણભાઈ ચૌહાણ (ઉંમર ૨૭), અજયભાઈ ઉર્ફે અજયો પ્રવીણભાઈ ડાભી (ઉંમર ૨૩), પરેશભાઈ બાબુભાઈ મકવાણા (ઉંમર ૨૮), નીલેશભાઈ ઉર્ફે નીલુ ઉર્ફે ઘુઘો રાજુભાઈ રાઠોડ (ઉંમર ૨૮), અને રાધેશભાઈ ઉર્ફે રાધે ઘુઘાભાઈ વાઘેલા (ઉંમર ૨૫) તરીકે થઈ છે. આ તમામ આરોપીઓ શિહોર, ભાવનગર અને આસપાસના ગામોના રહેવાસી છે.આ ઉપરાંત, મહેશભાઈ મથુરભાઈ મકવાણા, ગોપાલભાઈ નરશીભાઈ મકવાણા, અજયભાઈ ડાયાભાઈ પરમાર, અને ચોરીનો મુદ્દામાલ ખરીદનાર ગોપાલભાઈ ગોહેલ હજુ ફરાર છે, અને પોલીસ તેમને પકડવા માટે કાર્યવાહી કરી રહી છે.આ ટોળકીની ધરપકડથી ભાવનગરના વિવિધ પોલીસ સ્ટેશનોમાં નોંધાયેલા ૮ ગુનાઓ ઉકેલાયા છે, જેમાં ગારિયાધારના ૨, પાલીતાણા ગ્રામીણના ૩, સોનગઢ, શિહોર અને વરતેજના ૧-૧ ગુનાનો સમાવેશ થાય છે. આરોપીઓએ વલ્લભીપુર તાલુકાના મોટી ધરાઈ, કલ્યાણપુર અને ધરવાળા ગામની સીમમાં આવેલ સૌર ઊર્જા પ્લાન્ટ્સમાંથી ચોરી કર્યાની કબૂલાત કરી છે. તેમણે ઉમરાળાથી ધારુકા ગામ વચ્ચે એક નવા બની રહેલા મકાનમાંથી સળિયાની ચોરી પણ કરી હોવાનું કબૂલ્યું છે.

